# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 15 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ- ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 January 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20

શુક્રવાર, ૧૭ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u






URVI LUXURY DESTINATION PVT. LTD.

Where U & V meet to create memories.

**OTHER SECTORS FOR 2025**

Japan | New Zealand | Scandinavia | Arctic
South Africa | Turkey | USA | Vietnam | Iceland
Cental Europe | South America | Antarctica

| DHIREN RUPARELIA | SOHIL SHAH | JITEN DHAROD |
|---|---|---|
| +91 99305 49258 | +91 98701 53149 | +91 98191 33199 |

1/A, PALM VIEW, L.N. ROAD, NEAR SWAMINARAYAN MANDIR, OPP. VIDYALANKAR CLASSES, DADAR EAST, MUMBAI - 14.
TEL : 022-2413 2281 | 82 | 83 | +91 98927 20353 | EMAIL : info@uldestination.com | WEBSITE : www.uldestination.com

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 15 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ- ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 January 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૧૭ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## અદાણી સામે પડનારી કંપની હિંડનબર્ગને તાળાં

વૉશિંગ્ટન / નવી દિલ્હીઃ ભારતના અદાણી ગ્રૂપની કંપનીઓ સહિત દુનિયાની મોટી વીસ કંપનીઓની વિરુદ્ધ અને તેઓની બદનક્ષી કરતા અહેવાલ પ્રસિદ્ધ કરનારી અમેરિકાની શૉર્ટ સેલર કંપની હિંડનબર્ગ રિસર્ચ બંધ કરવાની જાહેરાત કરાઈ હતી. હિંડનબર્ગ રિસર્ચને ૨૦૧૭માં શરૂ કરનારા ૪૦ વર્ષીય સ્થાપક નેટ (નેટન) એન્ડર્સને પોતાની કંપની બંધ કરવાની જાહેરાત કરી હતી.

અદાણી ગ્રૂપના ચીફ ફાઇનાન્શિયલ ઑફિસર (સીએફઓ) જુગેશીન્દર રોબી સિંહે હિંડનબર્ગનો ઉલ્લેખ કર્યા વિના સોશિયલ મીડિયા 'એક્સ' પરની પોસ્ટમાં લખ્યું હતું કે 'કિતને ગાઝી આએ, કિતને ગાઝી ગએ'.

અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વહીવટી તંત્રના દબાણને કારણે હિંડનબર્ગ બંધ કરવાની ફરજ પડી હોવાનું પણ કહેવાય છે.

આમ છતાં, નેટ એન્ડર્સને પોતાની કંપનીની વૅબસાઇટ પર લખેલા પત્રમાં સ્પષ્ટતા કરી હતી કે મને કંપની બંધ કરવા કોઈએ ધમકી નહોતી આપી, મારી તબિયત નાદુરસ્ત નથી અને કોઇ મોટું અંગત કારણ પણ નથી.

હિંડનબર્ગે ૨૦૨૩ના જાન્યુઆરીમાં અદાણી ગ્રૂપ સામેનો વાંધાજનક અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો. હિંડનબર્ગે ૨૦૨૦માં ઇલેક્ટ્રિક ટ્રક બનાવતી કંપની નિકોલામાંની કહેવાતી ગેરરીતિનો અહેવાલ બહાર પાડ્યો હતો. તેણે અમેરિકાની લોર્ડ્સટાઉન મોટર્સ કોર્પ, ચીનની કાન્ડી, અમેરિકાની ક્લોવર હેલ્થ, ટૅક્નોગ્લાસ જેવી કંપનીઓની વિરુદ્ધ પણ વાંધાજનક અહેવાલ તૈયાર કર્યો હતો. હિંડનબર્ગ રિસર્ચ મોટા ઉદ્યોગપતિઓની મિલકત અને શૅરના ભાવ ઘટાડવામાં કુખ્યાત ગણાતી હતી. (એજન્સી)■


**મહાકુંભઃ**
ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ખાતે 'છાવણી પ્રવેશ' નિમિત્તે સરઘસમાં આવેલા જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી. (પીટીઆઇ)

## છત્તીસગઢમાં સુરક્ષા દળો દ્વારા ૧૨ નક્સલવાદી ઠાર

### ૧૬ દિવસમાં ૨૬ ઉગ્રતાવાદી માર્યા ગયા

બીજાપુરઃ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં ગુરુવારે સલામતી દળોએ ઓછામાં ઓછા બાર નક્સલવાદીને ઠાર માર્યા હતા. આ સાથે ચાલુ મહિને માત્ર ૧૬ દિવસમાં જ કુલ ૨૬ નક્સલવાદીને ઠાર મરાયા હતા.

દક્ષિણ બીજાપુરના વનવિસ્તારમાં સવારે અંદાજે નવ વાગ્યે સલામતી દળો અને નક્સલવાદીઓની વચ્ચે સામસામો ગોળીબાર શરૂ થયો હતો અને મોડી સાંજ સુધી ચાલુ રહ્યો હતો.

નક્સલવાદીઓ-વિરોધી સંયુક્ત કાર્યવાહીમાં રાજ્ય પોલીસના ત્રણ જિલ્લામાંથી લવાયેલા ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, કેન્દ્રીય અનામત પોલીસ દળના એલાઇટ જંગલ વૉરફેર યુનિટના કમાંડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન (કોબ્રા)ની પાંચ બટાલિયન અને કેન્દ્રીય અનામત પોલીસ દળની ૨૨૯મી બટાલિયનના જવાનોએ ભાગ લીધો હતો.

નક્સલવાદીઓની હજી શોધખોળ ચાલી રહી છે. સલામતી દળોમાં કોઇ જાનહાનિ નહોતી થઇ.

અગાઉ, છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં રવિવારે સલામતી દળો સાથેની અથડામણમાં પાંચ નક્સલવાદીને ઠાર મરાયા હતા.

બસ્તર ક્ષેત્રના પોલીસ ઇન્સ્પેક્ટર

(જુઓ પાનું ૨) ▶▶

## કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટેના આઠમા વેતન પંચની રચનાને મંજૂરી

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર અને પેન્શનમાંના ફેરફાર (વધારો) નક્કી કરતા આઠમા વેતન પંચની રચનાને સરકારે ગુરુવારે મંજૂરી આપી હતી.

માહિતી અને પ્રસાર વિભાગના પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટેના આઠમા વેતન પંચની રચનાનો નિર્ણય લીધો હતો.

સાતમા વેતન પંચની મુદત ૨૦૨૬માં પૂરી થાય છે.

હાલમાં કેન્દ્ર સરકારના ૪૯ લાખથી વધુ કર્મચારી અને આશરે ૬૫ લાખ પેન્શનર છે.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે નવા (આઠમા) વેતન પંચની રચના ૨૦૨૫માં જ કરી દેવાઇ હોવાથી તેની ભલામણ હાલના (સાતમા) વેતન પંચની મુદત પૂરી થાય, તેની પહેલાં જ મળી જશે.

તેમણે જણાવ્યું હતું કે નવું વેતન પંચ કેન્દ્ર અને રાજ્ય સરકારના કર્મચારીઓ તેમ જ અન્ય સંબંધિત લોકોની સાથે વેતન, ભથ્થાં, પેન્શનને મુદ્દે ચર્ચાવિચારણા કરશે.

સાતમા વેતન પંચની રચના ૨૦૧૪માં થઇ હતી અને તેની ભલામણનો અમલ ૨૦૧૬ની પહેલી જાન્યુઆરીથી શરૂ થયો હતો.

કેન્દ્ર સરકારે ૧૯૪૭થી અત્યાર સુધીમાં સાત વેતન પંચ રચ્યા હતા. વેતન પંચ કેન્દ્રના સરકારી કર્મચારીઓના પગાર, ભથ્થાં, પેન્શન નક્કી કરે છે અને બાદમાં મોટા ભાગની રાજ્ય સરકારો પણ તેનો અમલ કરે છે. (એજન્સી)■


**મહેમાનગતિઃ** નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિભવન ખાતે સિંગાપોરના પ્રમુખ તર્મન ષણ્મુગરત્નમ અને તેમના પત્નીને આવકારવા યોજાયેલા સમારંભમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

## બાન્દ્રામાં અભિનેતા સૈફ અલી ખાન પર છરીથી હુમલો


**ચોરીને ઈરાદે ફ્લૅટમાં ઘૂસેલા યુવાને છરીના ઉપરાછાપરી ઘા ઝીંક્યાનો પોલીસનો દાવો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોલીવૂડના અભિનેતા સૈફ અલી ખાનના બાન્દ્રાસ્થિત ફ્લૅટમાં ઘૂસેલા હુમલાખોરે છરીના ઉપરાછાપરી ઘા ઝીંકતાં અભિનેતા ગંભીર રીતે ઘવાયો હતો. હૉસ્પિટલમાં દાખલ અભિનેતા પર સર્જરી કરવી પડી હતી. ચોરીને ઇરાદે આ હુમલો થયો હોવાનો દાવો પોલીસે કર્યો હોવા છતાં આરોપીએ અભિનેતા પાસે એક કરોડ રૂપિયાની માગણી કરી હોવાનું સામે આવ્યું હતું. સલમાન ખાનને ધમકી, રાજકીય નેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ સૈફ અલી ખાન પરના હુમલાને પગલે સેલિબ્રિટીઓની

(જુઓ પાનું ૨) ▶▶

## સંભલમાં ૧૪૦૦થી વધુ વીજ ચોરીના કેસ નોંધાયા

### ૧૬ મસ્જિદ અને બે મદરેસા સામેલ

સંભલઃ ઉત્તર પ્રદેશના સંભલમાં ૨૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ શાહી જામા મસ્જિદમાં કોર્ટના આદેશ મુજબ થયેલા સર્વે દરમિયાન થયેલી હિંસા બાદ જિલ્લામાં વીજચોરી સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના પરિણામસ્વરૂપ ૧૪૦૦થી વધુ કેસ નોંધાયા છે. જેમાં ૧૬ મસ્જિદો અને બે મદરેસાઓ પણ સામેલ છે.

સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર વિનોદ કુમારે બુધવારે પત્રકારો સાથે વિગતો શેર કરતાં જણાવ્યું હતું કે અમે સંભલમાં અત્યાર સુધીમાં વીજચોરીના ૧૪૦૦થી વધુ કેસ નોંધ્યા છે. જેમાં ૧૬ મસ્જિદો અને બે મદરેસા સામેના આરોપો સામેલ છે. કુમારે જણાવ્યું કે આ કેસોમાં ૧૧ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે અને

(જુઓ પાનું ૨) ▶▶

## અતિ-શ્રીમંત લોકોના હાથમાંની સત્તા લોકશાહી સામે જોખમીઃ બાઇડન

વૉશિંગ્ટનઃ અમેરિકાના વિદાય લઇ રહેલા પ્રમુખ જો બાઇડને બુધવારે પોતાના વિદાય વખતના અંતિમ રાષ્ટ્રજોગા પ્રવચનમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે બહુ જ ધનાઢ્ય લોકોના હાથમાંની સત્તા અને 'ટૅક-ઇન્ડસ્ટ્રિયલ કૉમ્પ્લેક્સ' અમેરિકાના નાગરિકોના અધિકાર અને ભાવિ લોકશાહી સામે જોખમી છે.

અબજોપતિ ઇલૉન

(જુઓ પાનું ૨) ▶▶


**રાષ્ટ્રને સંબોધનઃ**
વાઇટ હાઉસની ઓવલ ઑફિસમાંથી રાષ્ટ્રને સંબોધતા અમેરિકાના વિદાય લઈ રહેલા પ્રમુખ જૉ બાઇડન. તેઓ નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને વીસ જાન્યુઆરીએ સત્તા સોંપશે. (એપી/પીટીઆઇ)

## લૉસ ઍન્જલસ આગઃ સતત ભભૂકતી જ્વાળાઓ વચ્ચે નવનિર્માણની વાતો


**દાવાનળથી નુકસાનઃ** કેલિફોર્નિયામાં માલીબુ ખાતે વનવિસ્તારમાં લાગેલી આગથી નુકસાન પામેલી ઈમારતોની પાસેથી પસાર થતો હોડીવાળો. (એપી/પીટીઆઇ)

લૉસ ઍન્જલસઃ કેલિફૉર્નિયાના ઈતિહાસની સૌથી વિનાશક કુદરતી આફતે હજારો લોકોને ઘરવિહોણા કરી દીધાં હોવા ઉપરાંત તેને કારણે અનેક વેપારી સંસ્થાનો અને સંકુલો બળીને ખાક થઈ ગયા હોવા વચ્ચે કેલિફૉર્નિયાના નવનિર્માણની ચર્ચા ચાલી રહી છે.

ઍલેક્સ રૉઝવુડ અને વાયવ્ય લૉસ ઍન્જલસના અલ્ટાડૅનાસ્થિત તેના સંપૂર્ણ પરિવારે (પતિ સાથે તે રહેતી હતી તે પિતા, પડોશમાં રહેતા અન્કલ અને આન્ટી) ઘર ગુમાવી દીધા છે.

પરિવારની જીવનભરની યાદગીરી સમા રૉઝવુડની ગ્રાન્ડમધરના પ્લેકાર્ડ, અધૂરી રજાઈ, લગ્નના ફોટોગ્રાફ્સ વગેરે આ વિનાશક આગમાં હોમાઈ ગયા છે. આ તમામ વસ્તુઓ તે યાદગીરી સ્વરૂપે સાચવી રાખવા માગતી હતી, પરંતુ તેની પિતરાઈ સહિત પરિવારના અન્ય સભ્યોના ઘરમાં લાગેલી આગમાં આ તમામ વસ્તુઓ સ્વાહા થઈ ગઈ હતી. આમ છતાં અલ્ટાડૅના જ અમારું

(જુઓ પાનું ૨) ▶▶

## રહસ્યમય મૃત્યુઃ જમ્મુ-કાશ્મીર સરકારે તપાસનો આદેશ આપ્યો

જમ્મુ : જમ્મુ અને કાશ્મીર સરકારે ગુરુવારે કહ્યું કે તે રાજૌરી જિલ્લાના બુધલ ગામની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે, જ્યાં એક અજાણી બીમારીએ ૧૫ લોકોના જીવ લીધા છે.

જમ્મુની હૉસ્પિટલમાં દાખલ એક બાળકની હાલત હજુ પણ ગંભીર છે.

સરકારે આ ઘટનાની તપાસ માટે પોલીસે એક વિશેષ તપાસ ટીમ (સીટ)ની રચના કરીને મૃત્યુની તપાસનો પણ આદેશ આપ્યો છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

''સરકાર બુધલ ગામની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે, જ્યાં એક અસ્પષ્ટ બીમારીએ ૧૫ લોકોના જીવ લીધા છે. જમ્મુની હૉસ્પિટલમાં દાખલ એક બાળકની સ્થિતિ ગંભીર છે.'' એવું એક સત્તાવાર પ્રવક્તાએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે તપાસ અને નમૂનાનાં વિશ્લેષણ સૂચવે છે કે આ ઘટનાઓ બેક્ટેરિયલ અથવા વાઇરલ મૂળના ચેપી રોગને કારણે નથી અને તેનો કોઈ જાહેર આરોગ્ય દૃષ્ટિકોણ નથી.

''રહસ્યમય મૃત્યુના બધા નમૂનાઓમાં કોઈ પણ વાઇરલ અથવા બેક્ટેરિયોલૉજિકલ ઇટીઓલોજી માટે નકારાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું છે. દેશની કેટલીક સૌથી પ્રતિષ્ઠિત પ્રયોગશાળાઓમાં વિવિધ નમૂનાઓ પર પરીક્ષણો કરવામાં આવ્યાં હતાં.'' એમ તેમણે કહ્યું હતું.

આમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ વાયરોલોજી (પુણે), નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (નવી દિલ્હી), નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટોક્સિકોલૉજી એન્ડ રિસર્ચ (લખનઊ), ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (ગ્વાલિયર), પીજીઆઈએમઈઆર (ચંદીગઢ)નો માઇક્રોબાયોલોજી વિભાગ અને આઈસીએમઆર-વાઇરસ રિસર્ચ એન્ડ ડાયગ્નોસ્ટિક લેબોરેટરી, જીએમસી જમ્મુનો સમાવેશ થાય છે.


**પર્વતારોહણઃ**
સૈન્ય દિન નિમિત્તે માઉન્ટ એકોન્કાગુઆના ૬,૯૬૪ મીટર ઊંચાઇએ આવેલું શિખર સર કર્યા બાદ ભારત અને આર્જેન્ટિનાના લશ્કરની ટીમ. (પીટીઆઇ)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રામમંદિર નિર્માણને દેશની આઝાદી સાથે શું લેવાદેવા?

**રાષ્ટ્રીય** સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવત છેલ્લા કેટલાક સમયથી પોતાનાં નિવેદનો દ્વારા સતત વિવાદમાં રહ્યા કરે છે. ભાગવત કોઈ વાર એકદમ સારી ને સાચી વાત કહી નાખે છે તો ક્યારેક એકદમ મોં-માથા વિનાની વાત કરી નાખે છે. પોતે કરેલા નિવેદનોનો છેદ ઉડાવી દેતી વાતો પણ ભાગવત કર્યા કરે છે. થોડાંક વરસો પહેલાં તેમણે હિંદુઓને વધારે બાળકો પેદા કરવાની અપીલોને બકવાસ ગણાવીને કહેલું કે, સંતાનો પેદા કર્યા કરવા એ જ માણસનું કામ નથી કેમ કે સંતાનો તો જાનવરો પણ પેદા કરે છે. થોડા દિવસ પહેલાં તેમણે એ વાતનો છેદ ઉડાવીને દરેક દંપતીએ ઓછામાં ઓછાં ત્રણ બાળકો પેદા કરવાં જોઈએ એવી બકવાસ વાત કરી નાંખેલી.

આ વાતના થોડા દિવસ પહેલાં તેમણે વળી એવી વાત કરેલી કે, હિંદુઓએ દરેક મસ્જિદની નીચે મંદિર ના શોધવાં જોઈએ. તેના કારણે બખેડો થઈ ગયેલો ને એ બખેડો શમ્યો નથી ત્યાં તેમણે હવે એવું કહી દીધું છે કે, અયોધ્યામાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠાના દિવસે દેશને સાચી આઝાદી મળી હતી. ભાગવતે પોષ શુકલ દ્વાદશીને ‘પ્રતિષ્ઠા દ્વાદશી’ તરીકે ઊજવવાની અપીલ કરીને કહેલું કે, સદીઓથી દુશ્મનોના હુમલાનો સામનો કરી રહેલા ભારતની સ્વતંત્રતાની સાચી પ્રતિષ્ઠા એ દિવસે થઈ હતી.

ભાગવતે ૧૩ જાન્યુઆરીએ ઈન્દોરમાં એક કાર્યક્રમમાં કહ્યું કે, ભારતમાં પહેલાં સ્વતંત્રતા હતી પણ પ્રતિષ્ઠિત નહોતી થઈ. ભારત ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અંગ્રેજોના શાસનમાંથી આઝાદ થયો તેથી રાજકીય આઝાદી મળી ગઈ હતી. આપણું ભારતીય બંધારણ ઘડવાનું આપણા હાથમાં આવી ગયું, આપણે એક લેખિત બંધારણ પણ બનાવ્યું. દેશના ‘સ્વ’માંથી બહાર આવે એવા ચોક્કસ વિઝન દ્વારા દર્શાવવામાં આવેલા માર્ગ અનુસાર આ લેખિત બંધારણ બનાવવામાં આવ્યું હતું પણ પછી બંધારણ એ પ્રમાણે ચાલ્યું નહીં તેથી આપણાં બધાં સપનાં સાકાર થઈ ગયાં છે એવું કઈ રીતે માની લઈએ?

ભાગવતે બીજી પણ વાતો કરી છે ને એ બધી વાતો માંડવાનો અર્થ નથી પણ આ નિવેદનના કારણે કૉંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિતના નેતાઓને સંઘ અને ભાગવતની ટીકા કરવાની તક મળી ગઈ છે. રાહુલે ભાગવતના નિવેદનને રાજકીય રંગ આપીને દાવો કર્યો છે કે, મોહન ભાગવત કહી રહ્યા છે કે ૧૯૪૭માં ભારતને સાચી આઝાદી મળી ન હતી. મોહન ભાગવતની આ ટિપ્પણી આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓનું તેમજ દરેક ભારતીય નાગરિકનું અપમાન છે. ભાગવતની ટિપ્પણી આપણા બંધારણ પર હુમલા સમાન છે.

રાહુલ ગાંધીના કહેવા પ્રમાણે, મોહન ભાગવત દર બે-ત્રણ દિવસે પોતાનાં નિવેદનો દ્વારા દેશને સ્વતંત્રતા ચળવળ અને બંધારણ વિશે શું વિચારે છે એ કહેતા રહે છે પણ હમણાં તેમણે જે કહ્યું એ તો દેશદ્રોહ છે કારણ કે તેમના નિવેદનનો અર્થ એ છે કે બંધારણની કોઈ માન્યતા નથી. રાહુલના કહેવા પ્રમાણે, ભાગવતના મતે અંગ્રેજો સામે આઝાદીની લડાઈનું કોઈ મહત્ત્વ નથી. મોહન ભાગવતે આવાં નિવેદનો અન્ય કોઈ દેશમાં આપ્યાં હોત તો તેમની ધરપકડ કરવામાં આવી હોત અને તેમની સામે કેસ પણ ચલાવવામાં આવ્યો હોત. કૉંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સહિતના નેતાઓએ પણ આ વાતમાં સૂર પુરાવ્યો છે ને હોહા કરી મૂકી છે.

ભાગવતના નિવેદનમાં સાચી આઝાદીવાળો ભાગ બકવાસ છે એ સ્વીકારવું જોઈએ પણ બંધારણ વિશે ભાગવતે કહેલી વાત સાચી છે. તેની વાત પછી કરીશું પણ પહેલાં દેશને આઝાદીની વાત કરી લઈએ. આ દેશને ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી મળી હતી ને એ સાચી આઝાદી જ હતી. આ દેશમાં લોકશાહીની સ્થાપના થઈ, ભારતને એક નવી ઓળખ મળી, ભારતનાં લોકોને પોતાના શાસકોને ચૂંટવાનો અધિકાર મળ્યો એ સ્વતંત્રતા જ છે ને એ સ્વતંત્રતાના આધારે આ દેશ બનેલો છે, આ દેશની ઓળખ ઊભી થઈ છે.

ભાગવત જેને સાચી આઝાદી ગણાવે છે તેનો અર્થ શું થાય એ ખબર નથી પણ ભગવાન રામના મંદિરના નિર્માણને આઝાદી સાથે જોડવાની વાત વાહિયાત કહેવાય. અયોધ્યામાં ભગવાન રામના મંદિરનું નિર્માણ હિંદુઓની આસ્થા સાથે જોડાયેલો મુદ્દો છે જ્યારે દેશની આઝાદી લોકોના આત્મા સાથે જોડાયેલો મુદ્દો છે. હિંદુઓને રામમંદિરના નિર્માણ માટેનો અધિકાર આ આઝાદીના કારણે જ મળ્યો અને આ આઝાદીના કારણે રચાયેલી અદાલતે હિંદુઓને રામ જન્મભૂમિ પાછી આપી એ વાત આ દેશના દરેક હિંદુએ યાદ રાખવી જોઈએ. આ દેશનાં લોકોએ એ વાત પણ યાદ રાખવી જોઈએ કે, આ દેશનો દરેક નાગરિક પોતાની મરજી પ્રમાણે રહેવા અને બોલવા મુક્ત છે એ પણ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ મળેલી આઝાદીના કારણે જ શક્ય બન્યું છે.

ભાગવત જે સાચી આઝાદીની વાત કરે છે એવી બકવાસ વાત પહેલાં પણ ઘણાં કરી ચૂક્યાં છે. કંગના રણૌત ભાજપની સાંસદ નહોતી ત્યારે તેણે લવારો કરેલો કે, દેશને અસલી આઝાદી ૨૦૧૪માં મળી જ્યારે ૨૦૧૭માં મળેલી આઝાદી તો ભીખ હતી. મતલબ કે, નરેન્દ્ર મોદી દેશના વડા પ્રધાન બન્યા પછી જ દેશને સાચી આઝાદી મળી છે. આવી જ વાતો બીજાં ઘણાં લોકો કરી ચૂક્યાં છે ને એ વાતોનો અર્થ નથી.

અલબત્ત ભાગવત જે વાતો કરે છે તેના કારણે આઘાત નથી લાગતો કેમ કે સંઘ પાસેથી બીજી અપેક્ષા ના રખાય. દેશ આઝાદ થયો ત્યારે સંઘે દેશના બંધારણને કે દેશના રાષ્ટ્રધ્વજ તિરંગાને સ્વીકાર્યો નહોતો. આ સંજોગોમાં સંઘ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની આઝાદીને પણ સાચી આઝાદી તરીકે ના સ્વીકારે તો તેમાં કંઈ આશ્ચર્યજનક નથી.

મોહન ભાગવતે દેશના બંધારણ વિશે જે વાત કરી તેમાં ઘણી બધી સચ્ચાઈ છે. દેશની બંધારણ સભાએ બનાવેલા બંધારણમાં પછીથી ઘણી તોડમરોડ કરાઈ ને રાજકીય ફાયદા માટે બંધારણની જોગવાઈઓ જ મજાકરૂપ બની જાય એવા સુધારા પણ કરાયા. ઉદાહરણ તરીકે બંધારણે દેશના તમામ નાગરિકોને સમાનતાનો અધિકાર આપ્યો પણ ધર્મના આધારે પર્સનલ લો બનાવીને તેનો છેદ ઉડાવી દેવાયો. દેશના તમામ નાગરિકોને સમાન તકનો અધિકાર અપાયો પણ જ્ઞાતિના આધારે અનામત દાખલ કરીને તેની પણ ઐસીતૈસી કરી નખાઈ. આવાં સંખ્યાબંધ ઉદાહરણ આપી શકાય. આ પાપ કોઈ એક પક્ષે નહીં પણ બધાંએ કર્યું. જે પક્ષ વધારે વર્ષ સત્તામાં રહ્યો તેના નામે વધારે પાપ છે, બાકી કોઈ દૂધે ધોયેલા નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), શુક્રવાર, તા. ૧૭-૧-૨૦૨૫ સંકષ્ટ ચતુર્થી, ભદ્રા
ભારતીય દિનાંક ૨૭, માહે પૌષ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ - ૪
જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ -૪
પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ , માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
પારસી કદ મી રોજ ૬ઠ્ઠો ખોરદાદ , માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૮મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
નક્ષત્ર મઘા ૧૨-૪૪ સુધી, પછી પૂર્વાફાલ્ગુની.
ચંદ્ર સિંહમાં.
ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
સૂર્યોદ યઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૧, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૧૫, સ્ટા. ટા.
-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
ભરતી : બપોરે ક. ૧૪-૦૫, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૬(તા.૧૮)
ઓટઃ સવારે ક. ૦૮-૨૭ , રાત્રે ક. ૨૦-૦૭
વ્રત પર્વાદિ : વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - ચતુર્થી. સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૩૧, ભદ્રા બપોરે ક. ૧૫-૩૯ થી મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૬.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ મઘા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, શુક્ર કેતુ ગ્રહ દેવતાનું, મહાલક્ષ્મી પૂજન, પિતૃ પૂજન, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા, સંકષ્ટી ઉપવાસ, શ્રી ગણેશ, શ્રી સૂર્યનારાયણ પૂજન, શ્રી ગણેશને દૂર્વા અર્પણ, શ્રી ગણેશમંદિર દર્શન, શ્રી ગણેશ અથર્વશિર્ષમ્ અભિષેક, શ્રી ગણેશ યજ્ઞ, બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશ યંત્ર પ્રતિષ્ઠા પૂજાનો મહિમા. ભગ દેવતાનું પૂજન, બી વાવવું, ધાન્ય ઘરે લાવવું, ખાખરાના વૃક્ષનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, નૌકા બાંધવી, માલ વેચવો, પશુ લેવડ દેવડ, ઘર, ખેતર, જમીન મકાન લેવડ-દેવડ.
આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ દંભી, ચંદ્ર-બુધ ત્રિકોણ વિચારો ફર્યા કરે, ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ એદી સ્વભાવ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ પરિશ્રમથી નાણાં મેળવે.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ (તા. ૧૮), ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ (તા. ૧૮)
ગ્રહગોચરઃ સૂર્ય-મકર. વક્રી મંગળ-કર્ક, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# રાષ્ટ્રપતિ અને વડા પ્રધાને ઇસરોના વૈજ્ઞાનિકોને સફળ ડોકિંગ માટે અભિનંદન પાઠવ્યા

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઇસરોના વૈજ્ઞાનિકો અને ઇજનેરોને અવકાશમાં બે ઉપગ્રહોના સફળ ડોકિંગ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

રાષ્ટ્રપતિ મુર્મૂએ એક્સ પર જણાવ્યું હતું કે ભારત અવકાશ ડોકિંગ ક્ષમતાનું પ્રદર્શન કરનારો ચોથો દેશ છે. આ સિદ્ધિ ચંદ્રયાન-૪, ભારત દ્વારા આયોજિત અવકાશ મથકો અને ગગનયાન જેવા અવકાશ સંશોધનમાં ભારતના ભવિષ્યના પ્રયાસોનો માર્ગ મોકળો કરે છે. રાષ્ટ્રપતિએ વધુમાં જણાવ્યું કે ભારતના અવકાશ કાર્યક્રમે અવકાશ ડોકિંગ પ્રયોગ, સ્પાડેક્સ હેઠળ લોન્ચ કરાયેલા બે ઉપગ્રહોના સફળ ડોકિંગ સાથે ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. ભારતની અવકાશ ક્ષમતાઓને વધારવા બદલ ઇસરો અને દેશના સમગ્ર વૈજ્ઞાનિક અને ઇજનેરી સમુદાયને અભિનંદન.

વડા પ્રધાન મોદીએ એક્સ પર પોસ્ટમાં જણાવ્યું કે ઉપગ્રહોના અવકાશ ડોકિંગના સફળ પ્રદર્શન માટે ઇસરોના આપણા વૈજ્ઞાનિકો અને સમગ્ર અવકાશ સમુદાયને અભિનંદન. આ આવનારા વર્ષોમાં ભારતના મહત્વાકાંક્ષી અવકાશ મિશન માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

અવકાશ એજન્સી ભારતીય અવકાશ સંશોધન સંગઠન(ઇસરો)એ સ્પેસ ડોકિંગ પ્રયોગ(સ્પાડેક્સ) હેઠળ ઉપગ્રહોનું સફળતાપૂર્વક ડોકિંગ કર્યું, જે ભારતીય અવકાશ સ્ટેશનની સ્થાપના સહિત ભવિષ્યના અનેક મિશનોની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. ■

# દિલ્હી વિધાનસભા ચૂંટણીઃ લોકોને મફત રાશન, વીજળી અને ₹ ૫૦૦માં એલપીજી સિલિન્ડર આપવાનું કૉંગ્રેસનું વચન

નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભા ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યાં છે ત્યારે કૉંગ્રેસે બુધવારે જાહેરાત કરી હતી કે જો અમે સત્તા પર આવીશું તો દિલ્હીવાસીઓને મફત રાશન, ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી અને રૂ. ૫૦૦માં એલપીજી સિલિન્ડર આપીશું.

દિલ્હી એઆઈસીસીના ઈન્ચાર્જ કાઝી નિઝામુદ્દીન અને દિલ્હી કૉંગ્રેસના વડા દેવેન્દર યાદવ સાથે પત્રકાર પરિષદને સંબોધન કરતાં તેલંગણાના મુખ્ય પ્રધાન રેવાન્થ રેડ્ડીએ આ જાહેરાત કરી હતી.

દિલ્હીમાં સત્તા પર આવશે તો કૉંગ્રેસ તેનાં પાંચ વચન પૂરાં કરશે, એમ તેમણે કહ્યું હતું.

છ જાન્યુઆરીએ કૉંગ્રેસે ‘પ્યારી દીદી’ યોજનાની જાહેરાત કરી હતી. આ યોજના અંતર્ગત મહિલાઓને માસિક રૂ. ૨,૫૦૦ અને પચીસ લાખ રૂપિયા સુધીનો આરોગ્ય વીમો આપવાનું વચન આપવામાં આવ્યું છે.

દિલ્હીના શિક્ષિત બેરોજગાર યુવાનોને માસિક રૂ. ૮,૫૦૦ આપવાનું પણ કૉંગ્રેસે રવિવારે વચન આપ્યું હતું. ૭૦ બેઠક ધરાવતી દિલ્હી વિધાનસભાની ચૂંટણી પાંચમી ફેબ્રુઆરીએ યોજાશે અને આઠ ફેબ્રુઆરીએ મતગણતરી કરવામાં આવશે. (એજન્સી) ■

# ચૂંટણી પ્રચારમાં એઆઇના ઉપયોગને લઇને ચૂંટણી પંચે જાહેર કરી એડવાઇઝરી

નવી દિલ્હીઃ ચૂંટણી પ્રચારમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) ના વધતા ઉપયોગ અને મતદારોને પ્રભાવિત કરવાની તેની ક્ષમતાને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે ગુરુવારે રાજકીય પક્ષોને એક એડવાઇઝરી જાહેર કરીને એઆઇથી તૈયાર કરવામાં આવેલા કન્ટેન્ટના ઉપયોગમાં પારદર્શિતા અને જવાબદારીનું ધ્યાન રાખવાનું કહ્યું છે.

આ એડવાઇઝરીમાં કન્ટેન્ટ અંગે જાણકારી સાર્વજનિક કરવા માટે કેટલાક ધોરણો રજૂ કરવામાં આવ્યા છે, જેમાં રાજકીય પક્ષોને એઆઇ ટેકનોલોજી દ્વારા જનરેટ કરવામાં આવેલા અથવા ફેરફાર કરવામાં આવેલી કોઇ તસવીર, વીડિયો, ઑડિઓ અથવા અન્ય કન્ટેન્ટને ‘એઆઇ-જનરેટેડ/ડિજિટલી બનાવેલ/કૃત્રિમ કન્ટેન્ટ’ તરીકે જાહેર કરવી આવશ્યક છે.

એડવાઇઝરી મુજબ, રાજકીય પક્ષોએ પ્રમોશનલ જાહેરાતો અથવા પ્રમોશનલ કન્ટેન્ટનો પ્રસાર કરતી વખતે ‘ડિસ્ક્લેમર’ પણ સામેલ કરવું પડશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે તાજેતરમાં ખોટી માહિતી ફેલાવવામાં એઆઇ અને ‘ડીપ ફેક’ના ઉપયોગ સામે ચેતવણી આપી હતી.

તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે ‘ડીપ ફેક’ અને ખોટી માહિતીઓથી ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસ ખતમ થઇ શકે છે. ગયા વર્ષે લોકસભા ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મને જવાબદાર અને નૈતિક ઉપયોગ કરવા માટે માર્ગદર્શિકા જાહેર કરી હતી. ■

# મેટા અને વૉટ્સએપની અરજી પર સુનાવણી કરશે એનસીએલએટી, સીસીઆઈએ ફટકાર્યો છે ૨૧૩ કરોડનો દંડ

નવી દિલ્હીઃ નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (એનસીએલએટી) એ ગુરુવારે કૉમ્પિટિશન કમિશન ઑફ ઈન્ડિયા (સીસીઆઈ)ના આદેશ વિરુદ્ધ મેટા પ્લૅટફૉર્મ્સ અને વૉટ્સઍપની અરજીઓ સ્વીકારી લીધી હતી. સીસીઆઈએ પોતાના આદેશમાં મેટા પર પોતાના દબદબો ધરાવતી સ્થિતિનો દુરુપયોગ કરવા બદલ ૨૧૩.૧૪ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. એનસીએલએટીની બે સભ્યોની બેન્ચે આ મુદ્દે મેટા અને સીસીઆઈના અહેવાલો પર વિચાર કર્યા પછી કહ્યું કે આ મુદ્દા પર સુનાવણી કરવાની જરૂર છે. એનસીએલએટીના અધ્યક્ષ જસ્ટિસ અશોક ભૂષણ પણ આ ખંડપીઠનો એક ભાગ છે. ખંડપીઠે કહ્યું હતું કે અમને જાણવા મળ્યું છે કે પક્ષકારો દ્વારા ઉઠાવવામાં આવેલી વિનંતીઓ પર વિચાર કરવાની જરૂર છે. અમે બંને અપીલ સ્વીકારીએ છીએ. જોકે, સીસીઆઈના આદેશ પર સ્ટે મૂકવાની વચગાળાની રાહત અંગે એનસીએલએટીએ કહ્યું હતું કે તે આવતા અઠવાડિયે નિર્ણય લેશે.

સુનાવણી દરમિયાન વૉટ્સઍપ અને મેટા પ્લૅટફૉર્મ્સ તરફથી હાજર રહેલા વકીલે એપેલેટ ટ્રિબ્યુનલને સીસીઆઈના આદેશ પર રોક લગાવવા વિનંતી કરી હતી. જોકે, કૉમ્પિટિશન કમિશન ઑફ ઈન્ડિયાના વકીલે આનો વિરોધ કર્યો હતો. કૉમ્પિટિશન કમિશન ઑફ ઇન્ડિયાએ ૧૮ નવેમ્બરે પોતાના આદેશમાં ૨૦૨૧ની વૉટ્સઍપ પ્રાઇવેસી પૉલિસી ‘અપડેટ’ના સંબંધમાં અયોગ્ય બિઝનેસ મેથડ અપનાવવા બદલ મેટા પર ૨૧૩.૧૪ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. મેટા પ્લૅટફૉર્મ અને વૉટ્સઍપે આ ઑર્ડરને એનસીએલએટી સમક્ષ પડકાર્યો છે.

મેટા અને વૉટ્સઍપ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ અને મુકુલ રોહતગીએ દલીલ કરી હતી કે સીસીઆઈએ વૉટ્સઍપની પ્રાઇવેસી પૉલિસી પર ચુકાદો આપીને તેના અધિકારક્ષેત્રને ઓળંગી દીધું છે, કારણ કે આ મામલો સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચ સમક્ષ વિચારાધીન છે. તેમણે કહ્યું, ‘‘સીસીઆઈએ યુનિટની ગોપનીયતા નીતિ પર વિચાર કર્યો છે. આ કેસ સુપ્રીમ કોર્ટના પાંચ જજો સમક્ષ પેન્ડિંગ છે. આનો ઉકેલ લાવવાનો અધિકાર તેમની પાસે નથી.’’ તેમણે સીસીઆઈના આદેશ પર તત્કાળ રોક લગાવવાની વિનંતી કરી હતી જેને ૧૯ ફેબ્રુઆરી સુધીમાં લાગુ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા હતા. ■

# પ્લાસ્ટિક મુક્ત મહાકુંભ માટે ‘એક પ્લેટ, એક થેલી’ અભિયાન શરૂ

મહાકુંભ નગર : વિશ્વના સૌથી મોટા ધાર્મિક ઉત્સવને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે મહાકુંભમાં કાપડની થેલીઓ, સ્ટીલની પ્લેટો અને સ્ટીલના ગ્લાસનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, એમ આરએસએસના એક કાર્યકર્તાએ જણાવ્યું હતું.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સહ-સરકાર્યવાહક કૃષ્ણ ગોપાલ દ્વારા ઓલ્ડ જીટી રોડ પર સેક્ટર ૧૮માં પ્લાસ્ટિકની થેલીઓ અને નિકાલજોગ વસ્તુઓને બદલવા માટે ‘‘એક પ્લેટ, એક થેલી’’ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, એમ સંસ્થાના પ્રાંત પ્રચાર પ્રમુખ મુરાર ત્રિપાઠીએ બુધવારે જણાવ્યું હતું. યાત્રાળુઓને સંબોધતાં ગોપાલે કહ્યું કે પ્લાસ્ટિક મુક્ત સમાજ બનાવવા માટે સામૂહિક પ્રયાસોની જરૂર છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે દરેક વ્યક્તિએ કાપડની થેલીઓનો ઉપયોગ કરવાની આદત અપનાવવી જોઈએ. ‘‘મુલાકાતીઓને કાપડની થેલીઓ અને કેરી બૅગનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, જેમાં છ કેન્દ્રમાંથી લગભગ ૭૦,૦૦૦ આવી બૅગ પહેલાંથી જ વહેંચવામાં આવી છે. દેશભરમાંથી ૨૦ લાખ સ્ટીલની પ્લેટો અને સ્ટીલના ગ્લાસ પણ એકત્રિત કરવામાં આવ્યા છે.

ત્રિપાઠીએ જણાવ્યું કે ‘‘પ્લાસ્ટિક અને થર્મોકોલના વાસણોને બદલવા માટે આ સ્ટીલ પ્લેટો અને ગ્લાસ મેળા વિસ્તારના તમામ લંગરો (સમુદાય રસોડા) અને ફૂડ આઉટલેટ્સમાં વિતરણ કરવામાં આવી રહ્યા છે.’’ આ કાર્યક્રમમાં ઉપસ્થિત અગ્રણીઓમાં આરએસએસના ક્ષેત્ર માર્ગ પ્રમુખ રાજેન્દ્ર સક્સેના અને આરએસએસના કાશી ક્ષેત્રના પ્રાંત પ્રચારક રમેશ કુમારનો સમાવેશ થતો હતો. ૧૪ જાન્યુઆરીના રોજ, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે મકરસંક્રાંતિ અને આ મહાકુંભના પ્રથમ ‘અમૃત સ્નાન’ની શુભેચ્છા પાઠવતાં લોકોને પર્યાવરણને અનુકૂળ પ્રથાઓ અપનાવવા અને યાત્રા દરમિયાન સિંગલ-યુઝ પ્લાસ્ટિક ટાળવા વિનંતી કરી હતી. ■

## પહેલા પાનાનું ચાલુ

### છત્તીસગઢમાં

દજનરલ સુંદરરાજ પી.એ જણાવ્યું હતું કે ઇન્દ્રાવતી રાષ્ટ્રીય ઉદ્યાનમાંના વનવિસ્તારમાં રવિવારે સવારે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે સામસામો ગોળીબાર શરૂ થયો હતો.

નક્સલવાદીઓ સામેની કાર્યવાહીમાં રવિવારે પણ ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ અને ડિસ્ટ્રિક્ટ ફોર્સે ભાગ લીધો હતો.

સલામતી દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલો ભારે ગોળીબાર બંધ થયો, તે પછી ગણવેશધારી પાંચ નક્સલવાદીના મૃતદેહ મળ્યા હતા. નક્સલવાદીઓની ઓટોમેટિક રાઇફલ અને વિસ્ફોટકો પણ જપ્ત કરાયા હતા.

સુરક્ષા દળો વનવિસ્તારમાં છુપાયેલા વધુ નક્સલવાદીઓને શોધી રહ્યા છે.

છત્તીસગઢમાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં વિવિધ અથડામણમાં ૨૬ નક્સલવાદી ઠાર મરાયા હતા.

નારાયણપુર - દાંતેવાડા - બીજાપુર જિલ્લાના સીમાડે આવેલા અબૂઝમાડમાં નક્સલવાદીઓ સામેની ત્રણ દિવસની કાર્યવાહી છઠ્ઠી જાન્યુઆરીએ પૂરી થઇ હતી અને તેમાં બે મહિલા સહિત પાંચ નક્સલવાદી ઠાર મરાયા હતા.

સુકમા જિલ્લામાં સલામતી દળો દ્વારા નવ જાન્યુઆરીએ ત્રણ નક્સલવાદી ઠાર મરાયા હતા.

છત્તીસગઢમાં ગયા વર્ષે ૨૧૯ નક્સલવાદી ઠાર મરાયા હતા. (એજન્સી) ■

### બાન્દ્રામાં

સુરક્ષાનો પ્રશ્ન નિર્માણ થયો છે.

બાન્દ્રા પશ્ચિમમાં આવેલી સતગુરુ શરણ ઈમારતના ૧૨મા માળે ગુરુવારના મળસકે અઢી વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. લૂંટના ઇરાદે ફ્લૅટમાં ઘૂસેલા શકમંદે અભિનેતા સૈફ અલી ખાન પર છરીના છ ઘા ઝીંક્યા હતા. આ હુમલામાં ખાનની નોકરાણીના હાથ પર પણ ઇજા થઈ હતી.

ગંભીર હાલતમાં ખાનને બાન્દ્રાની લીલાવતી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. ખાનના હાથ, ગરદન અને કરોડરજ્જુ પર છરીના ઘા ઝીંકવામાં આવ્યા હતા, જેમાંથી છરીની અણી કરોડરજ્જુમાં ખૂંપી ગઈ હતી. ડૉક્ટરોએ સર્જરી કરીને અણી બહાર કાઢી હતી. સારવાર બાદ અભિનેતા આઉટ ઑફ ડેન્જર હોવાનો અભિપ્રાય ડૉક્ટરોએ આપ્યો હતો. દરમિયાન હુમલા બાદ ફરાર થઈ ગયેલો શકમંદ સીસીટીવી કૅમેરાના ફૂટેજમાં ઝડપાઈ ગયો હતો. શકમંદના પીઠ પર એક બૅગ પણ નજરે પડે છે. જોકે ફ્લૅટમાંથી શું ચોરાયું હતું તેની કોઈ માહિતી પોલીસ આપી શકી નહોતી.

બનાવની જાણ થતાં બાન્દ્રા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. શકમંદની શોધ માટે પોલીસની ૧૦ ટીમ બનાવવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપી પ્રભાદેવી પરિસરનો રહેવાસી હોવાની માહિતી પોલીસને મળી હતી.

ઘટનાને પગલે રાજકીય વાતાવરણ પણ ગરમાયું હતું. વિરોધી પક્ષે શહેરમાં કાયદા અને વ્યવસ્થાનો પ્રશ્ન ઊભો કર્યો હતો. સેલિબ્રિટીઓની સુરક્ષામાં છીંડાં હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. ■

### અતિ-શ્રીમંત લોકોના

મસ્ક, મેટાના માર્ક ઝકરબર્ગ, એમેઝોનના જેફ બેઝોસ જેવા બહુ જ ધનાઢ્ય લોકોએ ડોનલ્ડ ટ્રમ્પને ચૂંટણી લડવા આપેલા ભંડોળની આડકતરી રીતે ટીકા કરી હતી. બાઇડને જણાવ્યું હતું કે અમેરિકામાં અતિ-શ્રીમંત લોકોના હાથમાં સત્તા આવી રહી છે અને તેઓની વગ વધી રહી છે, જે લોકશાહી સામે જોખમી છે. આપણા સૌના મૂળભૂત અધિકાર અને સ્વતંત્રતા પર તરાપ મરાઇ રહી છે.

અમેરિકાના ૩૪મા પ્રમુખ ડ્વાઇટ ડેવિડ આઇઝનહૉવરે ૧૯૬૧માં હોદ્દો છોડતી વખતે ‘મિલિટરી - ઇન્ડસ્ટ્રિયલ કૉમ્પલેક્સ’ સામે ચેતવણી આપી હતી. બાઇડને આવી રીતે ‘ટૅક-ઇન્ડસ્ટ્રિયલ કૉમ્પ્લેક્સ’ સામે તાકીદ કરી હતી. જો બાઇડન ૨૦ જાન્યુઆરી, સોમવારે નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને સત્તા સોંપવાના છે. બાઇડને પ્રવચનના ૧૫ મિનિટ સત્તાને શાંતિથી ટ્રાન્સફર કરવાની વાત કરી હતી, પરંતુ ટ્રમ્પના નામનો ઉલ્લેખ નહોતો કર્યો અને તેમને (ટ્રમ્પને) લગતી ચેતવણી આપી હતી. બાઇડને વાઇટ હાઉસમાંથી વિદાય લેતા પહેલાં ઓવલ ઑફિસમાંથી રાષ્ટ્રજોગું પ્રવચન કરવાની તક ઝડપી લીધી હતી. બાઇડને પ્રવચનમાં સ્થાનિક અને વિદેશ નીતિ અંગે પણ ટિપ્પણી કરી હતી. (એજન્સી) ■

### સંભલમાં

અત્યાર સુધીમાં લગભગ ૨૦ લાખ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા છે. તેમણે આ કાર્યવાહીની વ્યાપક અસર પર પ્રકાશ પાડતાં કહ્યું કે આ ઝુંબેશ શરૂ થયા પછી ૨૨ મસ્જિદો અને એક ચર્ચમાંથી નવાં વીજજોડાણ માટે અરજીઓ આવી છે.

તેમણે જણાવ્યું કે અમારા નિરીક્ષણ દરમિયાન અમને અસામાન્ય લોડ પેટર્ન જોવા મળી હતી. વહેલી સવારે ફીડર પરથી લોડ ઓછો થતો, પરંતુ રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ચાર વાગ્યા વચ્ચે લોડ વધતો હતો. જેથી અમને મુખ્ય સ્થળો ઓળખવાની અને રાત્રે તપાસ કરવાની ફરજ પડી હતી. હજુ બે દિવસ પહેલાં જ અમે વીજચોરીના ૪૨ કેસો નોંધ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. ■

### લૉસ ઍન્જલસ આગ

ઘર રહેશે અને અમે તેનું નવનિર્માણ કરીશું, એમ તેણે કહ્યું હતું.

હવામાન ખાતાએ ભારે પવનને કારણે નવેસરથી આગ ભભૂકી ઊઠવાની આગાહી કરી હતી, પરંતુ સદનસીબે એમ નહોતું થયું અને બુધવાર શાંતિથી વીતી ગયો હતો.

જોકે આ વિનાશક આગની જ્વાળાઓ સતત મંડરાઈ રહી છે અને અત્યાર સુધીમાં તે પચીસ જણાને ભરખી ગઈ છે અને ૧૨,૦૦૦ કરતાં પણ વધુ ઈમારતોનો નાશ થયો છે.

આગથી પ્રભાવિત વિસ્તારમાંથી ઝેરી રાખ અને કાટમાળ ખસેડવો, ઘર, રેસ્ટોરાં, સ્કૂલ, બૂટિક, બૅન્ક, ચર્ચ વગેરેનાં નવનિર્માણ માટે ભંડોળ એકઠું કરવામાં આવી રહ્યું છે.

વિનાશક આગને કારણે ઘરબાર છોડીને જતા રહેલા રહેવાસીઓ તેમનાં ઘરમાં શું બચ્યું છે તે જોવા પાછા ફરી રહ્યા છે.

બીજા વિશ્વયુદ્ધના સાક્ષી રહેલા લાખો ડૉલરનાં ભવ્ય મકાનોથી લઈને નાનાં ઘરોને આ આગ ભરખી ગઈ છે. જે લોકો પાછા ફરવા માગે છે તેઓમાં નવનિર્માણની વાતો આશાનો સંચાર કરી રહી છે. (એજન્સી) ■

# અમિત શાહના હસ્તે વડનગર ખાતેથી પરવાહ થીમ સાથે માર્ગ સલામતી અભિયાન લોન્ચ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યુવાનોમાં રોડ સેફ્ટી વિશે જનજાગૃતિ આવે તેમ જ રોડ સેફ્ટી માટે સરકારી-બિનસરકારી સંસ્થાઓ અને નાગરિકો દ્વારા પાલન થાય તે માટે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના હસ્તે વડનગર ખાતેથી ‘પરવાહ-કેર’ની થીમ સાથે રાજ્યવ્યાપી માર્ગ સલામતી કેમ્પેઈન-૨૦૨૫નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. રાજ્યવ્યાપી માર્ગ સલામતી અભિયાન સતત ૪૫ દિવસ એટલે કે તા. ૦૧ માર્ચ-૨૦૨૫ સુધી યોજાશે.

આ અભિયાન દરમિયાન સ્થાનિક સાંસદ, ધારાસભ્ય, કલેક્ટર, ડી.ડી.ઓ., પોલીસ કમિશનર, જિલ્લા પોલીસ અધિકારી તથા આરટીઓની ઉપસ્થિતિમાં તમામ વિભાગોના અધિકારીઓ તથા સામાજિક સંસ્થાઓ સાથે સંકલનમાં રહી માર્ગ સલામતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ અભિયાન સમગ્ર રાજ્યમાં જિલ્લા કક્ષાએ તેમ જ દરેક શહેર, તાલુકા અને ગામ-ગામ સુધી પહોંચશે.

આ અભિયાન માર્ગ સલામતી સપ્તાહ હેઠળ જન જાગૃતિ ઉપરાંત રોડ ઈજનેરીની બાબતો પર વિશેષ કામગીરી, અસરકારક એન્ફોર્સમેન્ટ, જિલ્લા સ્તરે એક્શન પ્લાન, સ્થાનિક સ્તરે વિવિધ સરકારી વિભાગો અને પદાધિકારીઓ દ્વારા વિવિધ આયોજનો, ધાર્મિક સંસ્થાઓ તેમ જ ઇન્ફલુએનર્સ થકી હેલમેટ, સીટબેલ્ટ જેવી બાબતો પર જાગૃતિ.

શાળાનાં વાહનોની સલામતી માટે વિશેષ માર્ગદર્શન, અકસ્માત સંભવિત વિસ્તારો પર વાહનચાલકોને વિશેષ માર્ગદર્શન આપતાં બોર્ડ અંગેની કામગીરી, લાંબા અંતરની સફરમાં ડ્રાઇવિંગમાં લેવાની થતી કાળજીઓ, સગીર વયનાં બાળકોને વાહન ન ચલાવવા બાબત કાયદાકીય સમજ આપવી જેવા અગણિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

સમગ્ર રાજ્યમાં માર્ગ સલામતી માટે ‘પરવાહ’ થીમ પર જનજાગૃતિ માટે પ્રભાવી ઝુંબેશ માર્ગ સલામતીને સ્પર્શતી રોડ ઇજનેરીની બાબતો પર કાર્યવાહી-સલામત શાળા વિસ્તાર, જંકશન સુધારણા, ટ્રાફિક કાલ્મીંગ મેજર્સ વગેરે અસરકારક એન્ફોર્સમેટ, જિલ્લા સ્થાને મૃત્યુદર ઘટાડવા બાબતનો એક્શન પ્લાન વગેરે જેવી કામગીરી કરવામાં આવશે.

# અમદાવાદની સૌથી જૂની વીએસ હૉસ્પિટલનું ૩૩.૯ કરોડના વધારા સાથે ૨૪૪ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયું

અમદાવાદઃ અમદાવાદની જાણીતી વાડીલાલ સારાભાઈ (વીએસ) હૉસ્પિટલનું વર્ષ ૨૦૨૫-૨૬નું ડ્રાફ્ટ બજેટ ગુરુવારે ઇન્ચાર્જ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. કૌશિક વેગડા દ્વારા ગત વર્ષના બજેટ કરતાં ૩૩.૯ કરોડના વધારા સાથે ૨૪૪.૯૦ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. ડ્રાફ્ટ બજેટમાં વીએસ હૉસ્પિટલના રીનોવેશન પાછળ ૪૦.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. ડ્રાફ્ટ બજેટમાં હૉસ્પિટલના હેરિટેજ પ્રકારના મુખ્ય બિલ્ડિંગના સમારકામ પાછળ રૂા. ૨૫ કરોડ અને શેઠ ચિનાઈ પ્રસૂતિ ગૃહ હૉસ્પિટલ પાછળ રૂા. ૧૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૪-૨૫ના ડ્રાફ્ટ બજેટમાં પણ જૂના બિલ્ડિંગને રૂા. ૪૦ કરોડના ખર્ચે રીનોવેશન કરવા અંગેની જોગવાઈ કરવામાં આવી હતી. વી.એસ. હૉસ્પિટલના ઇન્ચાર્જ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. કૌશિક વેગડાએ ૨૪૪.૯૦ કરોડનું બજેટ રજૂ કરતાં જણાવ્યું છે કે સામાન્ય ખર્ચમાં રૂપિયા ૭.૬૬ કરોડનો વધારાનો ખર્ચ થશે. અસામાન્ય ખર્ચમાં હૉસ્પિટલના હેરિટેજ મુખ્ય બિલ્ડિંગના વોર્ડના રીપેરિંગ પાછળ ૨૫ કરોડનો ખર્ચ, શેઠ ચિનાઈ પ્રસૂતિગૃહ પાછળ રૂા. ૧૫ કરોડ અને હૉસ્પિટલની નર્સિંગ સ્કૂલ હોસ્ટેલ બિલ્ડિંગના રંગનું અને ડ્રેનેજ પાઇપલાઇન પાછળ ૫૦ લાખ એમ કુલ ૪૦.૫૦ કરોડનો અસામાન્ય ખર્ચ ફાળવવામાં આવ્યો છે. વીએસ હૉસ્પિટલ વર્ષ ૨૦૨૫-૨૬માં અમદાવાદ મહાનગરપાલિકા પાસેથી રૂા. ૨૪૦.૭૬ કરોડની ગ્રાન્ટ મેળવશે જ્યારે રાજ્ય સરકાર પાસેથી ૨ કરોડની ગ્રાન્ટ મેળવશે.

# અમિત શાહે વડનગરમાં આર્કિયોલૉજિકલ મ્યુઝિયમ, પ્રેરણા સંકુલ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે વડનગરમાં ૨૯૮ કરોડના ખર્ચે નિર્મિત વિશ્વના બીજા સૌથી મોટા આર્કિયોલૉજિકલ એક્સપિરિયન્ટલ મ્યુઝિયમ, ૭૨ કરોડમાં બનેલા પ્રેરણા સંકુલ અને ૩૩ કરોડમાં બનેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કર્યું હતું. તેમણે પ્રેરણા સંકુલના વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સંવાદ બાદ સાયન્સ કૉલેજમાં જાહેરસભાને સંબોધી હતી.

કેન્દ્રીય ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે, બધા જાણે છે કે વડનગરની સંસ્કૃતિનો ઇતિહાસ ખૂબ જૂનો છે. અહીં અનેક સાધુઓએ તપસ્યા કરી છે. હું વડા પ્રધાન નરેન્દ્રભાઈને અભિનંદન આપવા માગું છું. જેમણે આ પરિકલ્પના કરીને માત્ર વડનગર જ નહીં, પણ ગુજરાત અને દેશની સંસ્કૃતિને દુનિયાના નકશા પર રાખવાના પ્રયાસ કર્યા છે. આખી દુનિયામાં આ પ્રકારનું મ્યુઝિયમ ક્યાંય નથી બન્યું. આ મ્યુઝિયમ આર્થિક, આધ્યાત્મિક, સામાજિક, નૈતિક, ભૌતિક અને સાંસ્કૃતિક વિકાસનો ભાગ છે. ૨૫૦૦ વર્ષની યાત્રા આ મ્યુઝિયમમાં નીહાળી શકાશે. ૩૫૦ કલાકૃતિઓ આ મ્યુઝિયમમાં છે. દેશની વિરાસતને જમીનમાંથી કાઢીને લોકોની સામે રાખી છે.

તેમણે ઉમેર્યું હતું કે, વડા પ્રધાન મોદીએ ગુજરાતની ધરતીને સ્વામી દયાનંદ, મહાત્મા ગાંધી અને સરદાર પટેલની વિરાસતને તેજસ્વિતા અને ભવ્યતાથી આગળ વધારી છે. વડનગરમાં જે શાળામાં નરેન્દ્ર મોદીએ પ્રાથમિક શિક્ષણ લીધું એ શાળામાં અનેક બાળકો શિક્ષણ લઈ રહ્યાં છે. જે બાળકનું બાળપણ ગરીબીમાં વિતે છે એ બાળક એમાંથી પ્રેરણા લે છે. આવી જ રીતે નરેન્દ્ર મોદી એક ચા વેચવાવાળાના પુત્ર હતા. જેમણે પ્રેરણા લઈને દેશને સંભાળવાનું કામ કર્યું છે. એનું કારણ એ છે કે, કોઈ બાળકને આ રીતે ગરીબીમાં ન જીવવું પડે.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે વધુમાં કહ્યું હતું કે, વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં સરકારે આતંકવાદ, નકસલવાદ સામે કડક કાર્યવાહી કરી છે તેમ જ સર્જિકલ અને ઍર સ્ટ્રાઇકથી દુનિયાને શક્તિનો પરચો આપ્યો છે અને અર્થતંત્રને ૧૧મા નંબરેથી ૫મા નંબરે પહોંચાડ્યું છે. આદિવાસી, પછાત વર્ગો, મહિલાઓના કલ્યાણનાં કામો મોદી સાહેબે કર્યાં છે.

# વડોદરાની વિશ્વામિત્રી નદીમાં બે મહિનામાં છ મગરનાં રહસ્યમય મોતઃ પોસ્ટમોર્ટમ બાદ કારણ જાણી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની વિશ્વામિત્રી નદીમાં વસવાટ કરતા મગરો સામે હવે જીવનું જોખમ ઊભું થયું છે. ગુરુવારે નદીમાંથી બે મહાકાય મગરના મૃતદેહો મળી આવ્યા હતા. છેલ્લા બે મહિનામાં કુલ છ મગરોનાં મોત થયાં હોવાની પણ વિગતો પ્રાપ્ત થઈ હતી. અચાનક થઈ રહેલા મગરના મોતના કારણે તેમના અસ્તિત્વ સામે સવાલો ઊભા થયા છે.

વડોદરા રેન્જ ફોરેસ્ટ ઑફિસર કરણસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વિશ્વામિત્રી નદીમાંથી બે મગરના મૃતદેહ મળ્યા છે જેનું પેનલ પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. જેથી મગરના મોતનું સાચું કારણ જાણી શકાશે. આ અંગે વાઈલ્ડ લાઈફ રેસ્ક્યૂ ટ્રસ્ટના અરવિંદ પવારે કહ્યું હતું કે, અમને મળેલા કોલના આધારે ગુરુવારે સવારે તપાસ કરી ત્યારે વડોદરા શહેરના કીર્તિ મંદિર પાસેથી પસાર થતી વિશ્વામિત્રી નદીના કિનારા પર લગભગ આઠ ફૂટના મગરનો મૃતદેહ મળી આવ્યો હતો. ફાયર બ્રિગેડ અને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની ટીમ સાથે આ મગરને કાઢવાની કામગીરી ચાલી રહી હતી. ત્યારે આ વિસ્તારમાં આરાધના ટોકિઝથી ખાસવાડી સ્મશાનની વચ્ચે પસાર થતી વિશ્વામિત્રી નદીના કિનારે પણ એક મગર પડેલો હોવાનો કોલ મળ્યો હતો. ત્યાં જઈને જોતાં લગભગ ૧૦ ફૂટનો મહાકાય મગર મૃત હાલતમાં પડેલો જોવા મળ્યો હતો.

તેમણે વધુમાં કહ્યું હતું કે, બે મહિનામાં છ મગરોનાં મોત થયાં છે. તેની પાછળનું ચોક્કસ કારણ તો જાણવા નથી મળ્યું, પણ શક્ય છે કે, ચોમાસામાં આવેલા પૂરના કારણે મગરો માટેના બાસ્કિંગ પોઈન્ટ ધોવાઈ ગયા હોય. બાસ્કિંગ પોઈન્ટ એટલે એવી જગ્યા જ્યાં મગરો તાપમાં કલાકો સુધી પડ્યા રહેતા હોય છે. શરીર વધારે પડતું ઠંડું પડવાથી તેમ જ તડકાના અભાવે મગરોનાં મોત થયાં છે કે કેમ તે એક તપાસનો વિષય છે. મગરોના પોસ્ટમોર્ટમ બાદ જંગલ વિભાગે અને તંત્રએ તેનાં મોત પાછળનું કારણ જણાવવું જોઈએ.

પૂરની સમસ્યાનો ઉકેલ લાવવા માટે હવે વિશ્વામિત્રીને પહોળી અને ઊંડી કરવાની કામગીરી શરૂ થઈ છે અને આ માટે વિશ્વામિત્રી નદીમાં સેંકડો જેસીબી મશીનો ઉતારવામાં આવી રહ્યાં છે. આ કામગીરીથી નદીમાં રહેતા મગરો માટે જગ્યાની વધારે અછત સર્જાશે. ખોદકામથી તેમના રહેણાક વિસ્તારો અને ઈકો સિસ્ટમ પર અવળી અસર પડશે.

# ગુજરાતનાં દરેક પોલીસ સ્ટેશનમાં ‘સાંત્વના કેન્દ્ર’ શરૂ થશેઃ ચાર સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે એક નવી પહેલ કરતાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે દરેક પોલીસ સ્ટેશનમાં ‘સાંત્વના કેન્દ્ર’ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. લોકોની મુશ્કેલીઓને સમજીને યોગ્ય કાઉન્સેલિંગ અને કાનૂની માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ કેન્દ્રોમાં વુમન હેલ્પ ડેસ્ક, ચાઇલ્ડ વેલ્ફેર પોલીસ ઑફિસર, ૧૮૧-અભયમ અને પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર જેવી વિવિધ સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ બનશે.

વર્તમાનમાં કાર્યરત આ ચારેય વ્યવસ્થાઓ એકબીજા સાથે સંકલનમાં રહીને કામગીરી કરે તે હેતુથી રાજ્યના દરેક પોલીસ સ્ટેશનમાં “સાંત્વના કેન્દ્ર” શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. વુમન હેલ્પ ડેસ્ક પોલીસ સ્ટેશનમાં આવતી મહિલાઓને મદદરૂપ થવા તેમ જ કાઉન્સેલિંગ કરવાની કામગીરી કરતી હોય છે. ચાઇલ્ડ વેલ્ફેર પોલીસ ઑફિસર પોલીસ સ્ટેશનમાં આવતા કાયદાના સંઘર્ષમાં આવેલાં બાળકોનું કાઉન્સેલિંગ કરતા હોય છે. ૧૮૧-અભયમની વ્યવસ્થાના માધ્યમથી મહિલાઓની સલામતી અને સુરક્ષા અંગેની કામગીરી થાય છે. પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર પીડિત મહિલા તથા સામાવાળા પક્ષના સભ્યોનું કાઉન્સેલિંગ કરી પ્રશ્નોનું નિરાકરણ લાવવાની કામગીરી કરે છે.

આ સાંત્વના કેન્દ્રની કામગીરી ઉપર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પીઆઈ અને પીએસઆઈ અંગત ધ્યાન આપી સૂચવવામાં આવેલી કામગીરી તેઓ યોગ્ય રીતે કરે તે સુનિશ્ચિત કરવા રાજ્યના પોલીસ વડાએ સૂચનાઓ આપી છે. તે ઉપરાંત દરેક પોલીસ સ્ટેશનમાં સાંત્વના કેન્દ્રને સોંપવામાં આવેલી જવાબદારીઓ અંગે યોગ્ય રીતે કાર્યવાહી થઈ રહી છે કે કેમ તે બાબતે સંબંધિત અધિકારીએ સુપરવિઝન રાખવા પણ સૂચના આપવામાં આવી છે. તેવી જ રીતે કમિશનરેટ વિસ્તારમાં જે-તે ઝોન વિસ્તારના નાયબ પોલીસ કમિશનર તેમ જ જિલ્લા કક્ષાએ પોલીસ અધિક્ષકે તેમના કાર્યક્ષેત્રમાં આ કામગીરી ઉપર યોગ્ય સુપરવિઝન અને મોનિટરિંગ રાખવા આદેશ આપવામાં આવ્યા છે.

# અમદાવાદ-મુંબઈ વચ્ચે વંદે ભારત સ્લીપર ટ્રેનનો ટ્રાયલ રન સફળઃ આખરી સર્ટિફિકેટ મળ્યા બાદ દોડતી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ-મુંબઈ વચ્ચે બુધવારે સવારે વંદે ભારત સ્લીપર ટ્રેનની ટ્રાયલ રન યોજાઈ હતી. વંદે ભારતની સ્લીપર ટ્રેનને ૧૩૦ની ઝડપે દોડાવવામાં રેલવેતંત્રને સફળતા મળી હતી. ટ્રાયલ રન સફળ રહેતાં જ હવે વેસ્ટર્ન રેલવેના મુંબઈ અને અમદાવાદ વચ્ચે વંદે ભારતની પહેલી સ્લીપર ટ્રેન ટૂંક સમયમાં દોડાવાય તેવી પ્રબળ સંભાવના વ્યક્ત કરાઈ રહી છે.

હાલમાં મુંબઈ- અમદાવાદ રૂટ પર બે વંદે ભારત ટ્રેન દોડી રહી છે. આ બંને ટ્રેનને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. સુરતથી અમદાવાદ અને મુંબઈ જનારાઓ બાય રોડ જવાને બદલે વંદે ભારત ટ્રેનમાં યાત્રા કરવાનું પસંદ કરી રહ્યા છે. વંદે ભારતને સારો પ્રતિસાદ મળતાં રેલવે તંત્ર ત્રીજી વંદે ભારત ટ્રેન આ રૂટ પર દોડાવવા આયોજન કરી રહ્યું છે.

રેલવે વિભાગનાં સૂત્રોએ કહ્યું કે, અમદાવાદ મુંબઈ વચ્ચેના રૂટ પર વંદે ભારત સ્લીપર ટ્રેનની ૧૩૦ કિલોમીટરની ગતિએ ટ્રાયલ રન કરવામાં આવ્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી ચાલતા ટ્રાયલ રનમાં ૧૮૦ કિલોમીટરની સર્વોચ્ચ ઝડપે પણ ટ્રેન દોડાવવામાં આવી હતી. હવે રિસર્ચ ડીઝાઈન એન્ડ સ્ટાન્ર્ડડ ઓર્ગેનાઈઝેશનનું સર્ટીફીકેટ મળ્યા બાદ તે નિયમિત ધોરણે ચલાવવાનો નિર્ણય થશે. રેલવે બોર્ડ દ્વારા રૂટ તથા શિડયુલનો નિર્ણય લેવાશે.

૧૬ કોચની વંદે ભારત સ્લીપર ટ્રેનમાં ચાર્જિંગ પોર્ટ, નાસ્તા માટે ફોલોબલ ટેબલ, લાઈટિંગ સિસ્ટમ, લેપટોપ ચાર્જિંગ સ્ટેશન સહિતની આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ફર્સ્ટ એસી કોચમાં ૨૪ સીટ હશે સેકન્ડ એસીમાં ૪૮, થર્ડ એસીમાં ૬૭ સીટ હશે.

# ગુજરાતમાં નેશનલ સ્ટાર્ટઅપ ડેનો પ્રારંભઃ ૧૧૦ વિદ્યાર્થીઓને ૨૨ લાખની પ્રોત્સાહિત સહાય અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પૉલિસી ૨.૦ અંતર્ગત ‘નેશનલ સ્ટાર્ટઅપ ડે’ની રાજ્યવ્યાપી ઉજવણી શિક્ષણ પ્રધાન ડૉ. કુબેરભાઈ ડીંડોર અને રાજ્ય શિક્ષણ પ્રધાન પ્રફુલભાઈ પાનશેરિયા દ્વારા કરવામાં આવી હતી. નેશનલ સ્ટાર્ટઅપ ડે ૨૦૨૫ અંતર્ગત ગુજરાતમાં શરૂ કરવામાં આવેલ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પૉલિસી ૧.૦માં માત્ર સાયન્સ અને ટેક્નોલૉજીના વિદ્યાર્થીઓ જ ભાગ લઈ શકતા હતા. હવે આ પૉલિસી ૨.૦માં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓ તથા સાયન્સ, કોમર્સ અને આર્ટસ એમ દરેક ક્ષેત્રના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. તેમ શિક્ષણ પ્રધાન ડો. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું.

આ પ્રસંગે રાજ્ય શિક્ષણ પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ રાજ્યના વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપ ક્ષેત્રે વિશ્વસ્તરે પોતાનું યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પૉલિસી ૨.૦ના મુખ્ય હેતુઓમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશન દ્વારા રાજ્યના યુવાધનનું તેમની સર્જનાત્મક ક્ષમતાને વિકસાવવા માટે સશક્તિકરણ કરવું જેથી તેઓ આત્મનિર્ભર ગુજરાતના નિર્માણ માટે યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, આજના સમયમાં ગૌ-મૂત્ર આધારિત દવાઓ તેમ જ અગરબત્તીઓ બનાવવામાં આવી રહી છે. આજે ગુજરાતનાં કેટલાંક ગામોમાં સ્ટાર્ટઅપની મદદથી પ્રાકૃતિક ખેતીની પ્રોડેકટનું યોગ્ય પેકિંગ કરીને માર્કેટમાં વેચી સારી આજીવિકા મેળવી રહ્યા છે. સ્ટાર્ટઅપનાં અનેક ઉદાહરણ આપી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આવનારા સમયમાં સ્ટાર્ટઅપની જરૂરિયાત અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે સ્ટાર્ટઅપ માટે ૧૧૦ જેટલા સાહસિક વિદ્યાર્થીઓ પૈકી ૧૦ને પ્રતીકાત્મક રૂપે પ્રતિ વિદ્યાર્થી રૂા. ૨૦,૦૦૦નો ચેક, ‘ઝીરો ટુ વન’ પુસ્તક અને પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. સ્કૂલ ઑફ કમિશનર હેઠળના પીએમયુ દ્વારા વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ પોતાના સ્ટાર્ટઅપ અંગે નવા વિચારો રજૂ કરી શકશે. તેમના વિચારોનું રાજ્યકક્ષાએ મોનિટરિંગ કરવામાં આવશે.

# ગુજરાતના સાડા સાત લાખ મુસાફરો જીએસઆરટીસી લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપનો ઉપયોગ કરે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુસાફરોને સ્થાને સલામત અને સમયબદ્ધ રીતે પહોંચાડવા ગુજરાત એસ.ટીની બસો કાર્યરત છે, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા ‘લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશન’ મારફતે મુસાફરોને બસનું લાઈવ ટ્રેકિંગ કરવું વધુ સરળ બન્યું છે. ૮ હજાર બસોમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત છે, જેનો ૭.૫ લાખ કરતાં વધુ મુસાફરો ઉપયોગ કરી રહ્યા છે.

જીએસઆરટીસી લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશનમાં મુસાફરો બસ નંબર અથવા પીએનઆર નંબરની મદદથી બસનું લાઈવ લોકેશન જોઈ શકે છે. એપ્લિકેશનમાં મુસાફર બેસવા અને ઊતરવાની વિગતો ભરી તે રૂટ પર સંચાલિત તમામ બસોનું લાઈવ લોકેશન મેળવી શકે છે. મહિલા અને વયોવૃદ્ધ મુસાફર એકલાં મુસાફરી કરતાં હોય તેવા સમયે ઘરના સભ્યો દ્વારા બસનું લાઈવ લોકેશન ટ્રેક કરી બસનો પહોંચવાનો સમય જાણી શકે છે.

બસોમાં મુસાફરી કરતા મુસાફરોને બસનું લાઈવ લોકેશન મળી રહે તેમ જ પરિવહન વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે, ગુજરાત પરિવહન નિગમ દ્વારા જીએસઆરટીસી લાઈવ ટ્રેકિંગ એન્ડ્રોઈડ અને આઈઓએસ મોબાઇલ એપ્લિકેશન મુસાફરોની સેવામાં કાર્યરત છે, જેમાં ૭.૧૯ લાખ મુસાફરો જીએસઆરટીસી લાઈવ એન્ડ્રોઈડ એપ્લિકેશન તેમ જ ૪૧ હજારથી વધુ મુસાફરો દ્વારા જીએસઆરટીસી આઈઓએસ એપ્લિકેશનનો ઉપયોગ કરી રહ્યા છે. તેમ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું હતું.

# કેન્દ્રના સચિવે સુરતમાં ચાલી રહેલા વિવિધ વિકાસ પ્રોજેક્ટોની પ્રગતિ અને હાલની સ્થિતિનો તાગ મેળવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં અનેક પ્રોજેક્ટોનું કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટોની કામગીરી ક્યાં સુધી પહોંચી છે તેની સમીક્ષા કરવા માટે કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઑફ હાઉસિંગ અને અર્બન અફેર્સના સેક્રેટરી તેમ જ મેટ્રો સહિત રેલવે સાથે જોડાયેલા તમામ પ્રોજેકટના વડા કે. શ્રીનિવાસને સુરતમાં સ્થાનિક અધિકારીઓ સાથે પ્રોજેક્ટોની કામગીરીનું પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું અને પ્રોજેક્ટની પ્રગતિ અને હાલની સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતમાં હાલમાં હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ, ગુજરાત મેટ્રો રેલ સહિતના પ્રોજેક્ટોનું કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટની પ્રગતિ અને હાલની સ્થિતિનો તાગ મેળવવા માટે કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઑફ હાઉસિંગ અને અર્બન અફેર્સના સેક્રેટરી તેમ જ મેટ્રો સહિત રેલવે સાથે જોડાયેલા તમામ પ્રોજેકટના વડા કે. શ્રીનિવાસને સુરતમાં ચાલતા આઇકોનિક પ્રોજેકટની મુલાકાત લીધી હતી. જેમાં મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલ સાથે વિવિધ પ્રોજેકટ અને તેની પ્રગતિ વિશે માહિતી મેળવી હતી.

કેન્દ્રીય સેક્રેટરી શ્રીનિવાસને સુરત રેલવે સ્ટેશન ખાતે મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબનું પ્રેઝન્ટેશન તથા રેલવે સ્ટેશન પર હાલ ચાલી રહેલ રીનોવેશન કામગીરીની સમીક્ષા કરી હતી. ત્યાર બાદ ડ્રીમ સિટી અને સુરત મેટ્રો પ્રોજેક્ટની કામગીરીનો રીવ્યુ લીધો હતો. ડ્રીમ સિટી ખાતેના મેટ્રો સ્ટેશન તથા મેટ્રો ડેપોની મુલાકાત લઈને કામગીરી નિહાળી હતી.

તેમણે આઈસીસીસી ખાતે કરવામાં આવતી કામગીરી અને સુરત અર્બન ડેવલોપમેન્ટની ટીપી સ્કીમનું પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું. પ્રોજેક્ટોની કામગીરીની સમીક્ષા કરીને તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો. આગામી સમયમાં એઆઈ બાબતે આગળ વધવા કેન્દ્ર સરકાર સુરતની મદદ કરશે તેવી ખાતરી પણ તેમણે આપી હતી.

# ઑટો રિક્ષા યુનિયનની ફ્લેગ મીટરની રિટમાં રાજ્ય સરકાર જવાબ રજૂ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ઑટો રિક્ષામાં મીટર ફરજિયાત કર્યા બાદ વડોદરામાં પણ તેનો અમલ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. ત્યાર બાદ અમદાવાદ અને વડોદરા શહેરનાં ઑટો રિક્ષા યુનિયનોએ હાઈ કોર્ટમાં એક રિટ પિટિશન કરી રિક્ષામાં ફ્લેગ મીટર નહીં લગાડાતાં કરવામાં આવતા દંડને રદ કરવાની માગ કરાઈ હતી. આ પિટિશન અંગે સરકારે જવાબ રજૂ કરવા સમય માગતાં કેસની વધુ સુનાવણી ૨૦મી જાન્યુઆરીએ મુકરર કરાઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ અને વડોદરાનાં રિક્ષા યુનિયનોએ હાઈ કોર્ટમાં પિટિશન દાખલ કરીને રિક્ષામાં ફ્લેગ મીટર ન લગાડાતાં કરવામાં આવતા દંડને રદ્દ કરવાની માગ કરી હતી. યુનિયન દ્વારા કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં કાયદા મુજબ દરેક પ્રકારનાં પરમિટવાળા ટ્રાન્સપોર્ટ વાહનો જેમાં ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ટૅક્સી-મેકસી કેબ, બસ, લકઝરી અને હેવી વાહનોમાં પણ કિલોમીટર માપવા અલાયદું મીટર હોવું જ જોઈએ જે પ્રજા હિતમાં છે, પરંતુ ફકત ઑટો રિક્ષા ચાલકો ઉપર આ કાયદાની અમલવારી અને દંડ રાજ્ય સરકારની ભેદભાવ ભરી નીતિ દર્શાવતી હોવાની દલીલ કરવામાં આવી હતી.

આ રિટની સુનાવણીમાં અરજદાર તરફે રજૂઆત કરાઈ હતી કે રાજ્ય દ્વારા બંધારણના આર્ટિકલ ૧૪ મુજબ સમાનતાના હકનો ભંગ કરવામાં આવી રહ્યો છે. ફક્ત ઑટો રિક્ષાને ટાર્ગેટ કરવામાં આવી રહી છે. બીજા કોમર્શિયલ પેસેન્જર વાહનોને શા માટે નોટિફિકેશનમાં મીટર લગાવવાથી બાકાત રાખવામાં આવ્યાં છે? પૈસા પડાવવા માટે રિક્ષાઓ ટાર્ગેટ છે! કેબ ટૅક્સી માટે આવી કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. જો બધા કોમર્શિયલ પેસેન્જર વાહનોને મીટર ફરજિયાત કરાય તો અરજદારોને આ જાહેરનામા સામે કોઈ વાંધો નથી. ફ્લેગ મીટર ચકાસતી તોલમાપ શાખા માત્ર અમદાવાદમાં છે. સમગ્ર રાજ્ય માટે આ નિયમની અમલવારી માટે સમય આપવો જોઈએ.

એક જાન્યુઆરી ૨૦૨૫થી રિક્ષાઓમાં મીટરની અમલવારી કરીને જે રિક્ષામાં મીટર ના હોય તેનો પોલીસ દંડ ઉઘરાવી રહી છે. કોર્ટે રિક્ષા યુનિયનોને અત્યારે રાહત આપવા માટે ઇનકાર કર્યો હતો. જોકે નકારાત્મક ઘટનાઓ માટે અરજદાર કોર્ટમાં રજૂઆત કરી શકશે. ૨૦મી જાન્યુઆરી સુધી સરકાર અરજદારોની અરજી ઉપર કોર્ટમાં જવાબ રજૂ કરશે.

# રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની ઈડીએ જેલમાં જઈને પૂછપરછ શરૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ઘટના બાદ મહાનગરપાલિકાના પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયા પાસે અપ્રમાણસર મિલકત મળી આવતાં એસીબીમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં એસીબીની તપાસ પૂર્ણ થતાં સાગઠિયા સામે હવે કેન્દ્રીય તપાસ એજન્સી ઇડીની એન્ટ્રી થતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. ઈડીની ટીમ દ્વારા રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મનસુખ સાગઠિયાની પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયા પાસેથી રૂા. ૨૮ કરોડની અપ્રમાણસર મિલકત મળી આવતાં એસીબીમાં અલગથી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને બાદમાં મિલકત ટાંચ લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યાર બાદ ઈડીએ તપાસ શરૂ કરતાં સાગઠિયાની મુશ્કેલીઓ વધી હતી.

# ગુજરાતમાં ચાલુ નોકરીએ વિદેશ ગયેલા ચાર પોલીસકર્મીઓ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં જ ગુજરાતમાં ચાલુ ફરજે વિદેશ ગયેલા સરકારી શિક્ષકો સામે સરકાર એક્શનમાં આવી હતી. રાજ્યમાં હવે વિદેશ પ્રવાસે ગયેલા ચાર પોલીસ કર્મીઓને ડીજીપી વિકાસ સહાયે સસ્પેન્ડ કર્યા હતા અને નવ પોલીસકર્મીઓ સામે ખાતાકીય તપાસના આદેશ આપ્યા હતા. આ કાર્યવાહીથી સમગ્ર પોલીસબેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયના રિપોર્ટ બાદ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે ચાલુ નોકરીએ વિદેશ પ્રવાસે ઊપડી ગયેલા હેડ કોન્સ્ટેબલ ફિરોજખાન પઠાણ (બોટાદ), કોન્સ્ટેબલ હરવિજયસિંહ ચાવડા (અમરેલી), મહિપતસિંહ ચૌહાણ (જામનગર) અને મહેન્દ્રસિંહ દરબાર (જામનગર)ને સસ્પેન્ડ કરવા તેમ જ નવ પોલીસકર્મી વિરુદ્ધ ખાતાકીય કાર્યવાહીના આદેશ આપ્યા હતા.

તાજેતરમાં અમદાવાદ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ તરીકે કામ કરતા ૧૩ પોલીસ કર્મચારીઓ પોતે જ્યાં નોકરી કરતાં હોય તે સિવાયના પોલીસ સ્ટેશનોમાં પણ પીઆઈ, એસીપી કે ડીસીપી કક્ષાના અધિકારીઓ માટે કે તેમનાં નામે ઉઘરાણાં કરવાની પ્રવૃત્તિ કરતાં હોવાની ફરિયાદો ડીજીપી અને પોલીસ કમિશનરને મળી હતી. આ અંગે પ્રાથમિક તપાસમાં પોલીસ સ્ટેશન ચલાવવા માટે કરવા પડતા સત્તાવાર સિવાયના ખર્ચા કાઢવા માટે કાર્યરત રહેતાં પોલીસ કર્મચારી એટલે કે વહીવટદારો મેળાપીપણું રચીને તોડબાજી કરતાં હોવાનું જણાયું હતું. ત્યાર બાદ તેમની બદલી કરવામાં આવી હતી. જેથી ત્રણ કર્મચારીઓએ પોલીસવડા વિકાસ સહાય સામે બાંયો ચઢાવી ગુજરાત હાઈ કોર્ટનાં દ્વાર ખખડાવ્યાં હતાં. જિલ્લાઓમાં બદલી કરાયેલા પોલીસ કર્મચારીઓની તપાસ ડીજીપી વિકાસ સહાયે સ્ટેટ મોનિટરિંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાયને સોંપી હતી. તેમના રિપોર્ટ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# થાણે, ઘોડબંદર રોડ પર ભારે વાહનોની એન્ટ્રી બંધ કરવા પાર્કિંગ લોટ બનાવવા માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: ભારે વાહનો દિવસના સમયે શહેરમાં પ્રવેશ ન હોવાથી આ વાહનો થાણે શહેરની હદની બહાર નવી મુંબઈ, મીરા-ભાઈંદરમાં પાર્કિંગ પ્લોટ ઊભા કરીને ત્યાં જ પાર્ક કરવામાં આવે તો થાણે શહેર સહિત ઘોડબંદર રોડની ટ્રાફિકની સમસ્યા મોટાભાગે ઉકેલાઈ જશે એવો દાવો થાણે પાલિકા પ્રશાસને બુધવારે કલેક્ટર, ટ્રાફિક પોલીસ તથા આરટીઓ સાથેની મીટિંગ દરમ્યાન કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

મુંબઈ-અમદાવાદ હાઈવેને જોડતા થાણે ઘોડબંદર રોડ પર ટ્રાફિકની ભારે સમસ્યા રહેલી છે. ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા માટે તાજેતરમાં ‘જસ્ટિસ ફોર ઘોડબંદર રોડ ફોરમ’ના પ્રતિનિધિ સાથે થાણે પાલિકા કમિશનર, ટ્રાફિક પોલીસ, મેટ્રો, એમએમઆરડીએ, સાર્વજનિક બાંધકામ વિભાગના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી, જેમાં ભારે વાહનો માટે શહેરની હદની બહાર નવી મુંબઈ, મીરા-ભાયંદર જેવા ઠેકાણે પાર્કિંગ લોટ ઊભા કરવાની થાણે પાલિકા પ્રશાસન દ્વારા બુધવારે ટ્રાફિક પોલીસ, આરટીઓ સહિત કલેકટરને રજૂઆત કરવામાં આવી છે.

એ સિવાય ઘોડબંદર રોડ પરની ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે હાલ રહેલા વોર્ડની સંસ્થામાં વધુ પ્રશિક્ષિત ૧૦૦ વોર્ડન તાત્કાલિક ઉપલબ્ધ કરવાનો નિર્ણય ટ્રાફિક પોલીસે લીધો છે. ઘોડબંદર રોડ પર હાલ જયાં રસ્તાના કામ ચાલી રહ્યા છે તેને ટ્રાફિક માટે તાત્પૂરતા સમય માટે બંધ કરવા આવશ્યક છે. પરંતુ તેને કારણે ટ્રાફિકની સમસ્યા ઉદ્‌ભવી શકે છે, તેના પર ઉકેલ લાવવા બાબતે ચર્ચા થઈ હતી. તેમ જ દર વર્ષે ઘોડબંદર રોડ પર જે ઠેકાણે ખાડા પડે છે ત્યાં કૉંક્રીટીકરણ કરવા બાબતે થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે આદેશ આપ્યો હતો.

# ‘ગાર્બેજ ફ્રી અવર’ ઝુંબેશ શરૂ

## એક જ દિવસમાં ૬૪ મેટ્રિક ટન કચરો જમા

મુંબઈ: નાગરિકોમાં સ્વચ્છતા વિશે જાગરૂકતા લાવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ ‘ગાર્બેજ ફ્રી અવર’ ઝુંબેશ હાથ ધરી છે. બુધવારે, ૧૫ જાન્યુઆરીના એક જ દિવસમાં મુંબઈના તમામ વોર્ડમાં સવારના ફક્ત બે કલાકમાં જ આ ઝુંબેશ હેઠળ ૬૪ મેટ્રિક ટન કચરો ભેગો કરવામાં આવ્યો હતો.

પાલિકાના જણાવ્યા મુજબ મુંબઈના તમામ વોર્ડમાં સવારના ૧૧ વાગ્યાથી બપોરના એક વાગ્યા સુધીના બે કલાકમાં આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેમાં મુખ્યત્વે રેલવે સ્ટેશનોના પૂર્વ અને પશ્ચિમ પરિસર, ધાર્મિક સ્થળ, બજાર, કમર્શિયલ વિસ્તાર, પર્યટન સ્થળ, ખાઉ ગલી અને ભીડભાડવાળા વિસ્તાર પર સફાઈ કરવામાં આવી હતી. પહેલા જ દિવસે બુધવારે ૬૪ મેટ્રિક ટન કચરો ભેગો કરીને તેનો નિકાલ લાવવામાં આવ્યો હતો, જેમાં બાંધકામનો કાટમાળ, ઝૂંપડપટ્ટીમાં ગીચ વસતિમાં રહેલો કચરો, રસ્તા તથા ગલીઓમાં રહેલા કચરાને સાફ કરવામાં આવ્યો હતો. રસ્તા, ડીવાઈડર, સાર્વજનિક દીવાલો પરની ધૂળ, રસ્તા પર થૂંકવામાં આવેલી જગ્યાઓ તથા ફૂટપાથને સાફ કરવામાં આવી હતી.

# પ્રદૂષણ ઓછું હોય ત્યાં રસ્તા ખોદવાની પરવાનગી મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં વધતા પ્રદૂષણને કારણે ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રસ્તા પર ટ્રેન્ચિંગ (ખોદકામ) કરવા પર મુકવામાં આવેલા પ્રતિબંધને હટાવી લેવાનો વિચાર મુંબઈ મહાનગરપાલિકા કરી રહી છે. જોકે જે વિસ્તારમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ નબળો રહેશે ત્યાં આ પ્રતિબંદ યથાવત રહેશે. વાયુ પ્રદૂષણને ઘટાડવાના ભાગરૂપે પાલિકાએ ૩૦ ડિસેમ્બરથી શહેરમાં રસ્તા ખોદવા માટે નવી મંજૂરીઓ આપવાનું બંધ કરી દીધું હતું. હવાની ગુણવત્તા બગાડવામાં ધૂળ અને અન્ય પ્રદૂષકોને ઘટાડવા આ પગલા અમલમાં મૂકવામાં આવ્યા હતા.

મુંબઈમાં ૭૦૦ કિલોમીટરના રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. પરંતુ રસ્તાના ખોદકામને કારણે પણ વાયુ પ્રદૂષણમાં વધારો થઈ રહ્યો હતો. આ દરમિયાન પાલિકાએ ભાયખલા અને બોરીવલી પૂર્વમાં કન્સ્ટ્રકશન પર પ્રતિબંધ મૂકી દીધો હતો. વધુમાં ધૂળ અને અન્ય પ્રદૂષકોને કારણે થતા પ્રદૂષણને ઘટાડવા માટે પાલિકાએ રસ્તાના ખોદકામ પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. છેલ્લા એક મહિનામાં પાલિકાએ અમલમાં મૂકેલા પગલાને કારણે હવાની ગુણવત્તામાં થોડો સુધારો થયો છે. પરિણામે પાલિકાએ હવે તે વિસ્તારોમાં રસ્તાના ખોદકામ પરનો પ્રતિબંધ હટાવવાની યોજના બનાવી છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે જે વિસ્તારમાં હવાની ગુણવત્તા ખરાબ હશે તે વિસ્તારમાં નવી પરવાનગી આપવામાં આવશે નહીં. પરંતુ અન્ય વિસ્તારોમાં છૂટછાટ મળશે.

આ દરમિયાન પહેલી નવેમ્બરથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનારા ૭૬૨ કન્સ્ટ્રક્શન સાઈટને કામ બંધની નોટિસ આપવામાં આવી હતી, તેમાંથી જે સાઈટ પર પાલિકાની ગાઈડલાઈન મુજબ પગલા અમલમાં મૂકવામાં આવ્યા ત્યારબાદ ૨૭૧ નોટિસ રદ કરવામાં આવી હતી. ભાયખલામાં ૩૩ કન્સ્ટ્રકશન સાઈટ અને બોરીવલી પૂર્વમાં ૪૫ પ્રોજેક્ટ પરના પ્રતિબંધને છ જાન્યુઆરીએ ઉઠાવી લેવામાં આવ્યો હતો. જોકે કોલાબા-નેવી નગર અને ગોવંડી શિવાજી નગરમાં હજી પાલિકા નજર રાખીને બેઠી છે, કારણકે હજી અહી હવાની ગુણવત્તામાં કોઈ સુધારો જણાયો નથી.

# ત્રણ વાર આત્મહત્યાનો પ્રયાસ કરવા છતાં જીવ બચી ગયો

મુંબઈ: ગુજરાતીમાં એક કહેવત છે રામ રાખે તેને કોણ ચાખે, બસ આવું જ કંઈ મુંબઈમાં બન્યું છે. મુંબઈના વિક્રોલીમાં ૧૫ જાન્યુઆરીના રોજ એક મજૂરે નિર્માણાધીન ઈમારતના ૧૩મા માળેથી કૂદીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેનો જીવ બચી ગયો. પોતાનો જીવ લેવા પર અડગ મજૂરે ફરી બે વાર નીચે કૂદકો માર્યો, પરંતુ સલામતી જાળમાં ફસાઈ જવાથી તેનો સુરક્ષિત બચાવ થયો. આ આખી ઘટના કૅમેરામાં કેદ થઈ ગઈ છે.

વીડિયો જોઈને સૌ કોઈ ચોંકી જશે. વીડિયોમાં જોઈ શકાય છે કે પોતાનો જીવ લેવાના પ્રયાસમાં મજૂરે ૧૩મા માળેથી કૂદકો માર્યો, પરંતુ આઠમા માળે લગાડેલી સુરક્ષા જાળીમાં ફસાઈ ગયો. આ દરમ્યાન ત્યાં હાજર બીજા મજૂરો એને જાળીને સહારે ઉપર આવવા માટે બૂમો પાડે છે, પરંતુ મજૂર થોડો સમય જાળી પકડીને ત્યાં જ ઊભો રહે છે અને થોડા સમય પછી તે ફરીથી નીચે કૂદકો મારે છે, પરંતુ અહીં પણ મજૂર ત્રીજા માળે લાગેલી સેફ્ટી નેટમાં ફસાઈ જાય છે. મજૂર ફરી ત્રીજા માળેથી કૂદે છે, પરંતુ તે નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર હાજર લોકો દ્વારા લગાવવામાં આવેલી સેફ્ટી નેટમાં ફસાઈ જાય છે અને બચી જાય છે. પ્રાપ્ત વિગતો મુજબ, મજૂરનું નામ બિરજુ પ્રસાદ રમેશ બનરવા છે અને તે છેલ્લા કેટલાક દિવસોથી ખૂબ જ તાણમાં હતો. સ્થાનિક પોલીસ પ્રશાસનને આ અંગે સંપૂર્ણ જાણકારી આપવામાં આવી છે. મામલાની સંપૂર્ણ માહિતી મેળવ્યા પછી, મજૂરને તેના ગોરખપુર (ઉત્તર પ્રદેશ) સ્થિત ગામમાં મોકલવામાં આવ્યો હોવાની માહિતી મળી છે.

પાંચમા પાનાનું ચાલુ

## કરોડરજ્જુમાં

ઝપાઝપી દરમિયાન નોકરાણીના હાથમાં નજીવી ઇજા થઇ હતી. અવાજ સાંભળીને સૈફ અલી ખાન દોડી આવ્યો હતો અને તેણે ચોરને પકડવાનો પ્રયાસ કર્યો હતો. એ સમયે સૈફ પર તેણે છરીથી હુમલો કર્યો હતો અને ત્યાંથી ફરાર થયો હતો. હુમલામાં ઘવાયેલા સૈફને સારવાર માટે તાત્કાલિક લીલાવતી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સૈફ ઇમરજન્સીમાં પાર પાડવામાં આવેલી સર્જરી પછી સાજો થઇ રહ્યો છે.

હોસ્પિટલના ચીફ ઓપરેટિંગ ઓફિસર (સીઓઓ) ડો. નીરજ ઉત્તામણીએ જણાવ્યું હતું કે અમે કરોડરજ્જુમાંથી ૨.૫ ઇંચનો છરીનો ટુકડો કાઢ્યો છે. તેને બે ઊંડા, બે મધ્યમ ઘા થયા છે અને બે ઉઝરડા પડ્યા છે. સદનસીબે સૈફની સર્જરી બાદ હવે તે હેમખેમ છે. તે સાજો થઇ રહ્યો છે અને તેને આઇસીયુમાં ખસેડવામાં આવ્યો છે. એક કે બે દિવસ બાદ તેને વોર્ડમાં ખસેડવામાં આવશે, એમ ડોક્ટરે જણાવ્યું હતું. ઇજાઓ ઊંડી હતી, પરંતુ હોસ્પિટલના ડોક્ટરોએ સર્જરી સારી રીતે પાર પાડી હતી. ન્યુરોસર્જરી અને પ્લાસ્ટિક સર્જરી કરવામાં આવી છે. સૈફ હવે સાજો છે અને પ્રાથમિક અહેવાલ મુજબ તે ૧૦૦ ટકા સાજો થવાને માર્ગે છે, એમ પણ તેમણે કહ્યું હતું.

## સૈફ અલી ખાન પર હુમલો

દાખલ કરવામાં આવ્યો હતો અને તેની સર્જરી કરવામાં આવી હતી. હાલમાં તે ખતરાની બહાર છે, એમ તેમના પ્રતિનિધિએ જણાવ્યું હતું. બેનર્જી અને કેજરીવાલે તેમની સોશિયલ મીડિયા પોસ્ટમાં અભિનેતાના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી.

“સૈફ અલી ખાન પરના હુમલા વિશે સાંભળવું ખૂબ જ ચિંતાજનક છે. હું તેના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું અને વિશ્વાસ રાખુ છું કે કાયદો તેને ન્યાય અપાવશે” બેનર્જીએ પોસ્ટ કર્યું હતું.

કેજરીવાલે કહ્યું, “સૈફ અલી ખાન પર હુમલા વિશે સાંભળીને આઘાત લાગ્યો. તે ઝડપથી સાજા થાય અને આ મુશ્કેલ સમયમાં તેના પરિવારને શક્તિ મળે તેવી શુભેચ્છા.”

શિવસેના યુબીટીના નેતા અને રાજ્યસભાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ જણાવ્યું હતું કે “સૈફ અલી ખાન પરનો હુમલો દર્શાવે છે કે મોટા નામોને નિશાન બનાવીને મુંબઈને નબળી પાડવાનો ઇરાદાપૂર્વક પ્રયાસ કરવામાં આવી રહ્યો છે... જો સેલિબ્રિટીઓ સુરક્ષિત નથી તો મુંબઈમાં કોણ સુરક્ષિત છે?”

અભિનેત્રી પૂજા ભટ્ટે એક પોસ્ટમાં મુંબઈ પોલીસને ટેગ કરીને શહેરમાં “અનૈતિકતા“ પર સવાલ ઉઠાવ્યા હતા,

“શું કૃપા કરીને આ અરાજકતાને કાબૂમાં લઈ શકાય MumbaiPolice CPMumbaiPolice અમને બાંદ્રામાં વધુ પોલીસ હાજરીની જરૂર છે,” તેણે કહ્યું.

ચિરંજીવીએ લખ્યું કે “ સૈફ પર ઘૂસણખોર દ્વારા થયેલા હુમલાના સમાચારથી હું ખૂબ જ વ્યથિત છું. તેમના ઝડપી સ્વસ્થ થવાની શુભેચ્છા અને પ્રાર્થના.”

અભિનેતા અને ભાજપના સાંસદ રવિ કિશને કહ્યું કે આ ઘટના દુ:ખદ છે. “તે મારો મિત્ર અને સહ-અભિનેતા છે... સરકાર અને પોલીસ પ્રશાસન ગુનેગારોને પકડવા માટે કામ કરી રહ્યું છે. ગુનેગાર જલ્દી પકડાઈ જશે અને તેને કડક સજા આપવામાં આવશે.“

સાઉથ સ્ટાર જુનિયર એનટીઆર, જેમણે તાજેતરમાં તેલુગુ હિટ “દેવરા” માં સૈફ સાથે સ્ક્રીન સ્પેસ શેર કરી હતી, તેણે કહ્યું કે તે સૈફ પરના હુમલા વિશે સાંભળીને આઘાત અને દુ:ખી છે.

ફિલ્મ નિર્માતા કુણાલ કોહલીએ કહ્યું કે આ ઘટના ડરામણી હતી. “સૈફના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના.”

અભિનેતા નીલ નીતિન મુકેશે લખ્યું, “સૈફ સર અને સમગ્ર પરિવાર સાથે મારી પ્રાર્થના છે. આ ખરેખર ખૂબ જ દુ:ખદ છે.”

“તે હાલમાં સ્વસ્થ છે અને ડૉકટરો તેની પ્રગતિ પર નજર રાખી રહ્યા છે. પરિવારના તમામ સભ્યો સુરક્ષિત છે અને પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે,” નિવેદનમાં જણાવાયું છે.

## વિરોધ પક્ષોનો

માટે તો ખાસ’ એમ જણાવી રાઉતે ઉમેર્યું હતું કે ‘કાયદાનો કોઈ ભય નથી. સરકાર સક્ષમ નથી.’

પીટીઆઈ વીડિયો સાથે વાતચીતમાં કૉંગ્રેસના પ્રવક્તા અતુલ લોંઢેએ જણાવ્યું હતું કે ‘રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઈ છે અને બીડની ઘટનાઓ દર્શાવે છે કે વહીવટ અસામાજિક તત્ત્વો માટે કામ કરી રહ્યું છે.’

બીડમાં એક ઊર્જા કંપની પાસેથી પૈસા પડાવવાનો પ્રયાસ નિષ્ફળ બનાવવા માટે ગામના સરપંચની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી.

કૉંગ્રેસ નેતાએ વધુમાં જણાવ્યું હતું કે કડક સલામતી હેઠળ રહેતા સૈફ અલી ખાન અને સલમાન ખાન જેવા એક્ટરો પર હુમલો કરવામાં આવી રહ્યો છે અને તેમને બુલેટ-પ્રૂફ વિંડોઝ લગાવવાની જરૂર પડી રહી છે, તો તેનો અર્થ એ છે કે કોઈને સરકાર પર ભરોસો નથી.

હાલમાં જ સલમાન ખાનના બાંદ્રાના ફ્લૅટની બાલ્કનીની બહાર બુલેટ પ્રૂફ ગ્લાસ પેનલ લગાવવામાં આવી હતી. લોરેન્સ બિશ્નોઇ ગૅંગના બે સભ્યોએ ગયા વર્ષે એપ્રિલમાં સલમાનના ઘરની બહાર ગોળીબાર કર્યો હતો.

એનસીપી (એસપી)ના અન્ય એક નેતા અને પૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખે કહ્યું કે ‘સૈફ અલી ખાન જેવા મોટા સ્ટાર પર હુમલો ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ બાબત છે અને પોલીસ વિભાગે કડક કાર્યવાહી કરવી જોઈએ. કલાકારો ભયમુક્ત વાતાવરણમાં રહી શકે એની જવાબદારી સરકારની છે.’ (પીટીઆઈ)

# સંસ્થા સમાચાર

## થોડું વાંચવું અને વધુ વિચારવું, થોડું બોલવું અને વધુ સાંભળવું - ધીરગુરુદેવ

### જન્મભૂમિ જશાપરમાં દબદબાભર્યું સ્વાગત



શ્રી જશાપર ગામ સમાજ ખાતે પૂ. શ્રી ધીરગુરુદેવ તથા પૂ. મીનાજી મહાસતીજી આદિ ઠાણાની પધરામણી પ્રસંગે આહીર અગ્રણી રાજશી સાંજવાના ઘરે નવકારશી બાદ સમસ્ત ગ્રામજનોએ સ્વાગત કરેલ. શ્રીમતી માલિની કિશોર સંઘવી પ્રાથમિક શાળામાં શ્રી ઉમેદભાઈ દોશી પ્રેરિત ૪ સ્માર્ટ બોર્ડની લોકાર્પણવિધિ જગદીશ-રેણુ મહેતા, જયંત-રંજના કામદારના હસ્તે કરાતા જય નવકાર ધૂનથી હોલ ગુંજી ઊઠયો હતો. સેવા સંકુલમાં ધર્મસભામાં ગુરુદેવે જણાવેલ કે- થોડું વાંચવું અને વધુ વિચારવું, થોડું બોલવું અને વધુ સાંભળવું. એ જ મહાન બનવાની જડીબુટ્ટી છે.

ગામજમણના લાભાર્થી હરીબોલ પરિવારનું સન્માન કરાયું હતું. જગદીશ મહેતાએ દર વર્ષે ૧ લાખનું દાન જીવદયા યોજનામાં જાહેર કર્યું હતું. શાળાના દીકરા-દીકરીઓએ પિરામિડ-રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યો હતો. દંતયજ્ઞ શિબિરમાં ૨૫ બત્રીસી વિનામૂલ્યે અર્પણ કરાશે. જાલંધર બંધ યોગનો ગ્રામજનોએ લાભ લીધેલ. તા. ૧૮ના ધોરાજી અને તા. ૧૯ના ગોંડલ ગુરુદેવ પધારશે.

## હુમલાખોર ફાયર

પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. પોલીસને ફાયર એક્ઝિટના દાદર પર છઠ્ઠા માળે લાગેલા કૅમેરાનાં ફૂટેજમાં શકમંદ નજરે પડ્યો હતો. આરામથી દાદર ઊતરીને જઈ રહેલા શકમંદનો ચહેરો ફૂટેજમાં સ્પષ્ટ દેખાતો હોવાનું પોલીસનું કહેવું છે. આ ફૂટેજ મળસકે ૨.૩૩ વાગ્યાનાં હોવાનું નજરે પડે છે.

## ફ્લેટમાં જબરદસ્તીથી

કે ફ્લૅટનો કોઈ દરવાજો ખુલ્લો રહી ગયો હશે, જેના વાટે હુમલાખોર અંદર ઘૂસ્યો હશે. મળતી માહિતી અનુસાર સૈફ અલી ખાનની પત્ની અભિનેત્રી કરીના કપૂર બુધવારની રાતે ‘ગર્લ્સ પાર્ટી’ માટે બહેન કરિશ્મા કપૂરના ઘરે ગઈ હતી. એ પાર્ટીના ફોટા તેણે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ પણ કર્યા હતા. પાર્ટીમાંથી મધરાતે ૧.૪૦ વાગ્યે કરીના કપૂર તેના ઘરે પાછી ફરી હોવાનું બિલ્ડિંગના સીસીટીવી ફૂટેજ પરથી જણાયું હતું. કહેવાય છે કે તે સમયે ફ્લૅટનો દરવાજો ખુલ્લો રહી ગયો હશે.

## મુંબઈ સલામત

મહાનગરોમાં મુંબઈ સૌથી સલામત છે. અમુક અનિચ્છનીય ઘટનાઓ ક્યારેક બને છે એ ખરું અને તેને ગંભીરતાથી લેવી જ જોઈએ, પરંતુ આવી ઘટનાઓને કારણે મુંબઈ અસુરક્ષિત છે એમ કહેવું બરાબર નથી. મુંબઈની છબી ખરડાય છે (આવી ટિપ્પણીને કારણે). અલબત્ત શહેરને વધુ સુરક્ષિત બનાવવા માટે સરકાર ચોક્કસપણે પ્રયત્નો કરશે.’

પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ નાના પટોલે સહિતના વિપક્ષી નેતાઓએ સૈફ અલી ખાન પર થયેલા હુમલાને લઈને ફડણવીસ પર નિશાન સાધ્યું છે અને ગૃહ પ્રધાનપદેથી તેમના રાજીનામાની માગ કરી છે. (પીટીઆઈ)

## હુમલા પહેલા

અભિનેતા સૈફ અલી ખાનના છે અને ઘટના ગુરુવારના મળસકે અઢી વાગ્યાની આસપાસ ૧૨મા માળે બની હતી. આ પ્રકરણે અભિનેતાની નોકરાણીની ફરિયાદને આધારે બાન્દ્રા પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૧, ૩૧૨, ૩૩૧(૪), ૩૩૧(૬) અને ૩૩૧(૭) હેઠળ ગુનો નોંધ્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ આરોપી બાજુની ઈમારતની દીવાલ કુદાવીને સતગુરુ શરણના કોમ્પ્લેક્સમાં પ્રવેશ્યો હતો. ડકના એરિયામાંથી તે ઉપલા માળે ગયો હતો અને ત્યાંથી દાદર ચઢીને ૧૨મા માળે પહોંચ્યો હતો. અભિનેતાના પુત્રની રૂમમાંથી બહાર આવેલા આરોપી પર નોકરાણીની નજર પડી હતી. નોકરાણીએ બૂમાબૂમ કરતાં આરોપીએ તેના હાથ પર છરીનો ઘા ઝીંક્યો હતો.

અવાજ સાંભળી દોડી આવેલા અભિનેતા ખાને બહાદુરીથી આરોપીનો સામનો કર્યો હતો. જોકે આરોપીએ ઉપરાછાપરી છ ઘા ઝીંકતાં અભિનેતા ગંભીર રીતે ઘવાયો હતો. આ ધમાચકડીમાં તક ઝડપી આરોપી ફરાર થઈ ગયો હતો.

નોકરાણીએ પોલીસને આપેલા પ્રાથમિક નિવેદનમાં જણાવ્યું હતું કે અભિનેતા મદદ માટે દોડી આવ્યો ત્યારે આરોપીએ છરીની ધાક બતાવી ધમકી આપી હતી. એક કરોડ રૂપિયા ન આપે તો અભિનેતાને મારી નાખવાની ધમકી તેણે ઉચ્ચારી હતી. પોતાને નાણાંની સખત જરૂર હોવાનો દાવો પણ તેણે કર્યો હતો.

દરમિયાન અભિનેતાને સારવાર માટે લીલાવતી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. બનાવની જાણ થતાં બાન્દ્રા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ડૉગ સ્ક્વોડ અને ફોરેન્સિક લૅબોરેટરીની ટીમને પણ બોલાવવામાં આવી હતી. ફોરેન્સિકની ટીમે ડકના પરિસરમાં તપાસ કરી હતી. અભિનેતાના ફ્લૅટમાંથી અમુક ફિંગરપ્રિન્ટ્સ લેવામાં આવ્યા હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું.

આરોપીની શોધ માટે ક્રાઈમ બ્રાન્ચ અને ઝોનનાં દરેક પોલીસ સ્ટેશન ચુનંદા અધિકારીઓની ૧૦ અલગ અલગ ટીમ બનાવવામાં આવી હોવાનું ડેપ્યુટી પોલીસ કમિશનર દીક્ષિત ગેદામે જણાવ્યું હતું.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ ઓરી ફળીયા, હાલ ગોરેગામના મોહનભાઈ (ઉં. વ. ૭૮) મંગળવાર તા.૧૪.૧.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.જીવણભાઈ દુલ્લભજી, સ્વ.લક્ષ્મીબેનના પુત્ર. મંજુલાબેનના પતિ. સ્વ. અરવિંદભાઈ, સ્વ.કલાવતીબેન, ઉર્મિલાબેન કિશોરભાઈના ભાઈ. નયન, કલ્પેશ, હિતેશના પિતા. વર્ષાના કાકા. સ્વ. હીના, જયશ્રી, ચૈતાલી અને નિમિષાના સસરા. તેમનું બેસણું શનિવાર તા.૧૮.૦૧.૨૫ના ૧૨ થી ૨. પુષ્પાણી શનિવાર તા.૨૫.૦૧.૨૦૨૫ના ૨ થી ૫. ઠે.સી -વોર્ડ, બી.એમ.સી. કોલોની, રૂ. નં.૨૫૩, હનુમાન મંદિર, જનરલ અરુણકુમાર વૈદ્ય માર્ગ, હનુમાનનગર, ગોરેગામ પૂર્વ.

**હાલાઇ લોહાણા**

ગામ મેંદરડા હાલ ભાયંદર હંસાબેન (ઉં. વ. ૫૭) તે ભરતભાઇ રાયચુરાના પત્ની. સ્વ. હીરાબેન ગિરધરલાલ રાયચુરાના પુત્રવધૂ. તે દિશીન અને વૈભવીના માતા. સ્વ. પ્રભાબેન જમનાદાસ કારીયાના દીકરી. સુરભીના સાસુ. તે સ્વ.નવીનચંદ્ર, સ્વ. નરેન્દ્રભાઇ, રાજેન્દ્રભાઇ, સ્વ. લલિતભાઇ તથા ગીતાબેનના ભાભી. તા. ૧૫-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા પેપલીન બેન્કવેટ દુકાન નં. ૪,૫. રશ્મી પ્રાઇમ કોર્નર, બેવરલી પાર્ક, મીરારોડ (ઇસ્ટ), તા. ૧૭-૧-૨૫ના શુક્રવારે સાંજે ૪થી ૬.

**દશા સોરઠીયા વણિક**

મૂળ રાજકોટ નિવાસી હાલ ઘાટકોપર કિરીટ ગગલાણી (ઉં. વ. ૭૮) તા. ૧૪-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. કમલાગૌરી તથા સ્વ. ચંપકલાલ મોતીચંદ ગગલાણીના સુપુત્ર. સ્વ. વાસંતીબેનના પતિ. રાખી, ધવલ, અંકુરના પિતાશ્રી. સંજીવ, સીમા, રૂપાલીના સસરા. દિનેશ, સ્વ. હેમેન્દ્ર, નીતિન, સુધા લલિત બાબરીયા, સ્વ. વીણા હસમુખ ઘીયા, જયશ્રી વિનોદ પારેખના ભાઇ. સ્વ. વિજયાબેન, સ્વ. ભીમજીભાઇના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૭-૧-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. મહારાજ અગ્રસેન સેવા, સંસ્થાન, ૩જે માળે, ગારોડિયા નગર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (પૂર્વ).

**વાગડ બે ચોવીસી**

મુંબઇ માટુંગા વેલુબેન (ઉં. વ. ૮૭) તે મૂળ ચિત્રોડનાં સ્વ. ખીમજીભાઇ વોરાના ધર્મપત્ની. સ્વ. સ્વરૂપીબા તથા ગં. સ્વ. વાલુબેન કુંવરજી વોરાના પુત્રવધૂ. જીજ્ઞા હેમચંદ્ર વોરા, ભાગ્યવંતીબેન નવીનચંદ્ર દોશી, સ્વ. હિના હરેશ ખંડોરના માતુશ્રી. સાક્ષીનાં દાદી. ટવીંકલ, વૈશાલી, તુષાર, સ્વ. ધવલ, જયના નાની. પિયર પક્ષ મૂળ મનફરાના હાલ ભુજ સ્વ. દિવાળીબેન શંભુલાલ શેઠના દીકરી. તા. ૧૫-૧-૨૫ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૧-૨૫ના શુક્રવારે ૩.૩૦થી ૫. ઠે. માટુંગા ગુર્જરવાડી.

**નવગામ ભાટીયા**

ગં. સ્વ. વસંતબેન નેગાંધી (ઉં. વ. ૮૪) તે સ્વ. દ્વારકાદાસ વલ્લભદાસ નેગાંધીના પત્ની. ગાલ બનોસા હાલ મુંબઈ તા. ૧૫-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ગોપાલદાસ નાગજી ઉદ્દેશીના દીકરી. ભરતભાઈ, ચેતન (મુન્ના), ભારતીબેન જીતેન્દ્રભાઈ સંપટ, શીલાબેન અજયકુમાર વેદ, માલિની ભાર્ગવકુમાર આશરના માતુશ્રી. હીનાબેન તથા સાક્ષીબેનના સાસુમા. સાગર, સંજોગ, કેવલ, ધ્વીજના દાદી. વિનય, નિરલ, વિનીત, ધૈર્ય, જાસ્મીનના નાની. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ગામ સાવરકુંડલા હાલ ઘાટકોપર સ્વ. ચંપાબેન બાલુભાઇ દોશીના સુપુત્રી. સ્વ. ગિરીશભાઇ મહેતાના પત્ની હંસાબેન મહેતા (ઉં. વ. ૭૬) તા. ૧૫-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. વીરલ, ઉર્વી, નીપા, ધર્મેન્દ્રના મમ્મી. પ્રિયલના દાદી. મહેક અને ફોરમના નાની. સ્વ. મંજુબેન અને નીલમબેનના ભાભી. પ્રાર્થના અને લૌકિક વ્યવહાર બંધ છે.

**વિસા નાગર વણિક**

કાંદિવલી નિવાસી પ્રતાપભાઈ (પ્રદીપભાઈ) પ્રાણજીવનદાસ મરચન્ટ તે ભાવનાબેનના પતિ. રમેશભાઈ, વિનાયકાન્તભાઈના મોટાભાઈ. અ.સૌ.કૃપા દિગેશ મોગલ, અ.સૌ.પાયલ રાજેશ શાહ, અ.સૌ. તેજલ શ્રેયશ મથુરિયાના પિતા. રાજવી, વૈભવ, શ્રેયાસ, પ્રેયશ, હશીતા, ઇશિતાના નાના તા.૧૪/૦૧/૨૫ના વડોદરા શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. એ/૨૦૫ પુષ્ઠી વિહાર કોમ્પ્લેક્સ, મહેશ કોમ્પ્લેક્સની પાછળ, વાઘોડિયા રોડ, ટબ્બઈ વોર્ડ નં. ૩ ઓફિસની સામે, વડોદરા.

**વાઘેલા**

મઝગામ તાડવાડી સ્વ.રામુબાઈ અને દેવજીભાઈ વાઘેલાના પુત્ર. સ્વ.રતનબેનના પતિ. મમતા રાકેશ વિરાસ, પ્રીતિબેન અમિત જાધવ, દિવેશના પિતાશ્રી. હેતલબેનના સસરા. ગં.સ્વ. કંકુબેન ભાણજી રાભડીયા, સ્વ.મોહન, સ્વ.ગંગાબેન કિરણ અણજારા, રતનબેન વિશ્રામ દેંગડા, અનિલના ભાઈ. વાળસૂર, સુમરા પરિવારના જમાઈ માવજી દેવજી વાઘેલા (ઉં. વ. ૬૫) શનિવાર ૧૧,જાન્યુઆરી ૨૦૨૫ના રામશરણ પામ્યા છે. બારમાની વિધિ, સંધ્યા ઢાળનો પાઠ શનિવાર, ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ના ૪.૦૦ કલાકે. શુભશ્રી બિલ્ડીંગ નં.૧, રૂમ નં.૪૦૯, અચોલે રોડ, કપિલ સ્કૂલ પાસે, દ્વારકા હોટેલની બાજુમાં, નાલાસોપારા ઇસ્ટ.

**મેઘવાળ**

તુલશીવાડી મુંબઈના અ. સૌ. સ્વર્ગ. કુંવરબેન સાગઠીયા (ઉં. વ. ૭૪) ૮/૧/૨૫ના બુધવારે રામચરણ પામ્યા છે. તે બધાભાઈ અમરા સાગઠીયાના ધર્મપત્ની. દિનેશ, નરેશના માતુશ્રી. શાંતા તથા રતનના સાસુ. વર્ષા, ઉષા, રાહુલ, હર્ષ, પ્રણવના દાદી. બારમાની વિધિ તા.૧૮.૧.૨૫ શનિવારે ૫:૦૦ કલાકે. રૂમ ૧૦૧૪ એ/૬ કો. હા. સો. સંતશ્રી વિરમેઘમાયા માર્ગ, તુલશીવાડી મું-૩૪.

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન ભવાનજીભાઈ મોનાણી (પંડિતપૌત્રા) કચ્છ ગામ રોહા કોટડા (હાલે મુલુંડ) વાળાના મોટાસુપુત્ર અશોક મોનાણીના ધર્મપત્ની દક્ષા મોનાણી (ઉં. વ. ૬૪) તા. ૧૪-૧-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. તે ધવલના માતુશ્રી. ઊર્મિના સાસુજી. ગં. સ્વ. સ્મિતાબેન નરેન્દ્રકુમાર પલન, સ્વ.વિજયકુમારના ભાભી. સ્વ.દમયંતીબેન હરિલાલ લખધીર (દવાવાળા)ની સુપુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર તા.૧૭.૦૧.૨૫ના ૫.૩૦ થી ૭, પવાણી હોલ, શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

હંસાબેન ચુનીલાલ પંચાલ (ઉં. વ. ૭૯) તે સ્વ.વિઠ્ઠલદાસ વનમાળી પંચાલના દીકરી. અ.સૌ.નિતા હિતેશ પંચાલના સાસુ. અ.સૌ.પારુલ ઠાકોરલાલ મિસ્ત્રી, હિતેશ, સંજય, સ્વ.આનંદના માતા. સ્વ. ઈશ્વરભાઈ, રમણભાઈ, ઠાકોરભાઈ, કાંતિભાઈ, તારાબેન, હસુમતીબેન, મંજુલાબેનના બેન. ભૂમિ નિકુંજ પંચાલ તથા અમિત મિસ્ત્રીના નાની. ક્રિશા તથા માહીના દાદી તા.૧૪/૦૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૧૮/૧/૨૫ના શનિવારે ૪ થી ૬. લોહાણા મહાજન વાડી, શંકરમંદિરની બાજુમાં, એસ.વી.રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર મુંબઈ ગં. સ્વ.જ્યોતિબેન કિરીટભાઇ દોશીના સુપુત્ર કુંજ (ઉં. વ. ૫૮) તે કિંજલબેનના પતિ. હેઝલ ભાવિક ચિત્રોડા તથા જેસિકાના પિતા. સુરભી કૌશલ દોશીના મોટાભાઇ. સ્વ.બિપીનભાઈ નેમચંદભાઈ સાંગણીના જમાઇ તા.૧૫-૧-૨૫નાં શ્રીજીચરણ પામ્યા છે.

**ભટ્ટમેવાડા બ્રાહ્મણ**

દેશોત્તર નિવાસી હાલ વિલેપારલે અ.સૌ.અંજનાબેન જોષી (ઉં. વ. ૭૧) તા. ૧૪/૦૧/૨૦૨૫ના એકલિંગજીશરણ થયા છે. તે વિનોદચંદ્ર કોદરલાલ જોષીના પત્ની. ખ્યાતિબેન, પરીક્ષિત, અભિજીતના માતૃશ્રી. આશિષકુમાર દવે, જીજ્ઞા, ધ્રુમિના સાસુ. આલાપ, મૈત્રી, ઈશા, સાંચી, માયરાના દાદી. સ્વ.વિદ્યાબેન કાંતિલાલ શાસ્ત્રીના પુત્રી. સ્વ.જગદીશભાઈ, ભરતભાઈ, સ્વ.દીપકભાઈ, પ્રેમિલાબેન, સ્વ.ઈલાબેન, પ્રફુલ્લાબેન, વર્ષાબેન, મીનાબેનના બહેન. પ્રાર્થનાસભા તા.૧૮/૦૧/૨૦૨૫ને શનિવારે ૪ થી ૬. રાજપુરીઆ બાગ, ૩૯૭, એન પી ઠક્કર રોડ, નવપાડા, વિલેપારલે (ઈસ્ટ). પિયર પક્ષની પ્રાર્થનાસભા પણ સાથે રાખેલ છે.

# પારસી મરણ

દારાયસ અરદેશીર ભાઠેના તે કેટી દારાયસ ભાઠેનાના ખાવીંદ. તે મરહુમો જીની તથા અરદેશીર ભાઠેનાના દીકરા. તે ફરાદ, નવાઝ ને ઝોરૂના બાવાજી. તે જમશેદ ને અનુના ભાઇ. (ઉં. વ. ૮૬) રે. ઠે. ટી-૧૪૯ મહેરાબાદ, આઝાદ રોડ, જુહુ કોલીવાડા, મુંબઇ-૪૦૦૦૪૯. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૭-૧-૨૫ના રોજે બપોરે ૩.૪૫ કલાકે ટાટા અગિયારી, બાંદ્રા.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દામનગર નિવાસી, હાલ મુંબઇ કોલકાતા સ્વ. હસમુખરાય જમનાદાસ ખુશાલદાસ અજમેરાના ધર્મપત્ની ગં. સ્વ. અનસુયાબેન અજમેરા (ઉં.વ. ૮૭) ભાઇશ્રી નીતિન તથા સંદીપના માતુશ્રી. સ્વ. લીલાવતીબેન અનોપચંદ રેવાશંકર કોઠારીના દીકરી. પુનિતા તથા ચારુના સાસુજી. મંગળવાર, તા. ૧૪ જાન્યુઆરી ૨૫ના મુંબઇ મુકામે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**માંગરોલ જૈન**

સ્વ. વિનોદચંદ્ર પ્રવિણચંદ્ર શાહનાં ધર્મપત્ની અરૂણાબેન. સ્વ.હીરાબેન હરિલાલ પારેખની દીકરી (ઉં. વ. ૭૭) સાંતાક્રુઝ મુકામે તા.૧૫/૧/૨૫ બુધવારનાં અરિહંતશરણ થયેલ છે. તે જયદીપ, બીજલનાં માતુશ્રી. વિજયભાઈ, સ્વ.નીતિનભાઈ, સ્વ.તરુલતા બીપીનભાઈ ગાંધીનાં ભાભી. મિતાલી, અનીશનાં સાસુજી. ઋષભનાં દાદીમા. મિષાનાં નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નોલી નિવાસી હાલ બોરીવલી લીલમબેન ભરતભાઈ ખંધારના પુત્ર કૃણાલ (ઉં. વ. ૪૪) તા. ૧૪-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. કવિતાના પતિ. રીયાના પિતાશ્રી. કિંજલના ભાઈ. દિપાલીના દિયર. લક્ષ્મી દિગંબર હરેકરના જમાઈ, સાદડી પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેશલપર હાલે કાંદિવલી, મુંબઈના અ.સૌ. કલ્પના કાંતિલાલ વીરા (ઉં. વ. ૮૦) તા ૧૫-૧-૨૫ના અરિહંત શરણ પામેલ છે. કાંતિલાલ દામજી વીરાના પત્ની. લક્ષ્મીબેન દામજી દેવજી વીરાના પુત્રવધૂ. મા. ચંપાબેન દેવજી રામજી પટેલ (સાધણ)ના દીકરી. હિતેન, બીજલ, મયુરીના માતુશ્રી. ગીતા લહેરચંદ સિયાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન : હિતેન શાહ, એ-૯૦૧, ગૌરવ ગીત, ગૌરવ ગાર્ડન કોમ્પલેક્ષ, બંદર પખાડી રોડ, મુંબઇ પબ્લિક સ્કૂલ સામે, કાંદિવલી વેસ્ટ.

મોટા આસંબીયા હાલે વસઇના માતુશ્રી બચુબેન શામજી છેડા (ઉં. વ. ૮૫) તા. ૧૫-૧-૨૫ના વસઈ મુકામે અરિહંતશરણ પામ્યા છે. સ્વ. શામજી કુંવરજી છેડાના પત્ની. મોટી રાયણના માતુશ્રી દેવકાબેન લાલજી મેઘજી સાવલાના પુત્રી. મણીબેન, ચંદ્રકાન્ત, ડો. વિનોદના માતાજી. સ્વ. કલ્યાણજી, સ્વ. હીરબાઇ, સ્વ. ચંદ્રકાંતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : દર્શન સાવલા, ૧૪૦૫ સ્મિત સોસાયટી, સેન્ડોર બંગલી રોડ, વસઇ (વેસ્ટ).

કપાયાના શ્રી ગીરીશ હરખચંદ ગાલા (ઉં. વ. ૬૭) તા. ૧૫-૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી ઝવેરબેન હરખચંદના પુત્ર. મીનાના પતિ. ચાર્મી, સ્વ. કેવલ, હર્ષના પિતાશ્રી. શિરીષ, જયશ્રીના ભાઇ. માતુશ્રી ઝવેરબેન પ્રેમજી શીવજી ગોગરીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. : ગિરીશ ગાલા, બી-૨૦૦૪, મહાવીર વિલે, ભંડારકર રોડ, માટુંગા (સે.રે.).

**ઝાલાવાડ વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદીવલી પ્રવીણચંદ્ર વ્રજલાલ શાહ (ઉં. વ. ૭૮) તા. ૧૫/૧/૨૫ના બુધવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.જ્યોત્સનાબેનના પતિ. સ્વ.જયંતીભાઈ, સ્વ.અરવિંદભાઈ, ઊર્મિલાબેન, સ્વ.મંજુબેન, સ્વ.ભારતીબેનના ભાઈ. હેમલ, પ્રતીક, ધારાના પિતાશ્રી. પ્રીતિ, કવિતા અને નિખિલભાઈના સસરા. શાંતિલાલ લક્ષ્મીચંદ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તા.૧૭/૦૧/૨૫, ૩ થી ૫, દામોદર વાડી, કાંદીવલી પૂ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

મેથળા નિવાસી હાલ ડોંબિવલી સ્વ.વલ્લભદાસ નારણદાસ દોશીના ધર્મપત્ની ઈંદુબેન (ઇન્દિરા) દોશી (ઉં. વ. ૮૦) તા. ૧૫-૦૧-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે કાળીદાસ, ચુનીભાઈના ભાભી. હર્ષા દિલીપકુમાર, નીતા વિજયકુમાર, સ્વ. શિલ્પાબેન વલ્લભદાસ, ડિમ્પલ મનીષકુમારના માતુશ્રી. પીયરપક્ષે (કામળિયા ભંડારીયા)સ્વ.તલકચંદ દિપચંદભાઈ વેજાણીની દિકરી. સ્વ.ઉત્તમભાઈ, હર્ષદભાઈ, સ્વ. રસીલાબેન, રમીલાબેન, હંસાબેન, પ્રતિભાબેનના બેન. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. મોનીષ દિલીપકુમાર વોરા, ઓમ અનુરાગ કો.હા.સોસાઇટી, માનપાડા રોડ, આઈકોન હોસ્પિટલની સામે, ડોંબિવલી (ઈ).

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

કોલકી નિવાસી હાલ બેંગલુરુ સ્વ.માતુશ્રી સાંકળીબેન પોપટલાલ કાળીદાસ મહેતાના સુપુત્ર હર્ષદરાય મહેતા (ઉં. વ. ૮૮) તા.૧૬/૧/૨૫ ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. શૈલેષ, નીલાબેન સુરેશકુમાર, શીલાબેનના પિતા. સોનલના સસરા. સ્વ.નગીનભાઈ, સ્વ.નરેન્દ્રભાઈ, સ્વ.કંચનબેન મણિલાલ, સ્વ.લાભુબેન અમૃતલાલ, સરોજબેન રમણીકલાલ, સ્વ.સરલાબેન કનૈયાલાલના ભાઈ. શ્વસૂર પક્ષે ધોરાજી નિવાસી હિરાચંદ મૂળજી મહેતાના જમાઈ. બંને પક્ષ તરફથી ભાવયાત્રા તા.૧૮/૧/૨૫ના શનિવારે ૯.૦૦ કલાકે. ચક્ષુદાન કરેલ છે. નાહર જૈન ભવન, ગાંધીનગર, બેંગલુરુ - ૯.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# હુમલા પહેલાં સૈફ અલી ખાન પાસે એક કરોડની માગણી કરાઈ

## ફોરેન્સિકની ટીમે ઘટનાસ્થળેથી ફિંગરપ્રિન્ટ્સ લીધાઃ પૉશ ઈમારતની સુરક્ષાવ્યવસ્થા સામે સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોલીવૂડને હચમચાવી મૂકતી બાન્દ્રામાં બનેલી ઘટનામાં ફ્લૅટમાં ઘૂસેલા હુમલાખોરે અભિનેતા સૈફ અલી ખાન પર છરીથી હુમલો કરતાં પહેલાં એક કરોડ રૂપિયાની માગણી કરી હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. હુમલાખોર સરળતાથી ૧૨મા માળે જઈને પાછો રફુચક્કર થઈ ગયો હોવાથી પૉશ ઈમારતની સુરક્ષાવ્યવસ્થા સામે સવાલ ઊભો થયો હતો. બીજી બાજુ, ફોરેન્સિકની ટીમે ઘટનાસ્થળેથી ફિંગરપ્રિન્ટ્સ લીધા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ બાન્દ્રા પશ્ચિમમાં આવેલી સતગુરુ શરણના ૧૧થી ૧૪ માળ (જુઓ પાનું ૪)



સીસીટીવી ફૂટેજમાં ઝડપાયેલો હુમલાખોર

### ફ્લૅટમાં જબરદસ્તીથી ઘૂસવાનાં કોઈ નિશાન નથી

ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઘટનાસ્થળનું નિરીક્ષણ કરી જણાવ્યું હતું કે હુમલાખોર ફ્લૅટમાં જબરદસ્તી ઘૂસ્યો હોવાનાં કોઈ નિશાન મળ્યાં નહોતાં. પોલીસને શંકા છે (જુઓ પાનું ૪)

### હુમલાખોર ફાયર એક્ઝિટના દાદર ઊતરી નાસી ગયો

ખાન પર હુમલો કર્યા પછી હુમલાખોર ફાયર એક્ઝિટના દાદર ઊતરીને નાસી ગયો હોવાનું તપાસમાં જણાયું હતું. પોલીસે અભિનેતાની બિલ્ડિંગ અને આસપાસના (જુઓ પાનું ૪)

## કરોડરજ્જુમાં ખૂંપી ગયેલી છરીની અણી સર્જરી કરીને કાઢવામાં આવી

મુંબઈઃ બાંદ્રા વિસ્તારમાં સતગુરુ શરણ ઇમારતમાં ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાને તેના ઘરમાં મળસકે ચોરીને ઇરાદે ઘૂસેલા ચોરનો હિંમતભેર સામનો કર્યો હતો, પણ સૈફ અલી ખાન પર તેણે છરીના છ ઘા ઝીંકી દેતાં તેની અણી સૈફની કરોડરજ્જુમાં ખૂંપી ગઇ હતી. તેને કાઢવા હોસ્પિટલમાં ગુરુવારે સૈફ પર સર્જરી કરવામાં આવી હતી અને તે સફળતાથી બહાર કઢાઇ હતી. ડોક્ટરોએ કહ્યું હતું કે સૈફ હવે ખતરાથી બહાર છે.

સૈફ અલી ખાનના ઘરમાં મળસકે અઢી વાગ્યે ચોર ઘૂસી આવતાં નોકરાણીએ બૂમાબૂમ કરી મૂકી હતી. ચોર સાથે (જુઓ પાનું ૪)

## રિક્ષામાં હૉસ્પિટલ લઈ જવાયો

અભિનેતા સૈફ અલી ખાન પર હુમલો થયો ત્યારે બિલ્ડિંગ નીચે તેની કારનો ડ્રાઈવર નહોતો. રાતનો સમય હોવાથી અભિનેતાના બૉડીગાર્ડ-સિક્યોરિટી ગાર્ડ હાજર નહોતા. ગંભીર હાલતમાં ખાનને તાત્કાલિક હૉસ્પિટલે લઈ જવામાં બીજી કોઈ સગવડ ન હોવાથી રિક્ષાવાળાને બોલાવાયો હતો. રિક્ષામાં અભિનેતાને હૉસ્પિટલમાં લઈ જવાયો હોવાનું સૂત્રો જણાવ્યું હતું. ■

## ટ્રકે બે મહિલાને અડફેટમાં લીધી

પુણેઃ પુણે જિલ્લામાં ચાકણ-શિક્રાપુર માર્ગ પર કન્ટેઇનર ટ્રકે બે મહિલાને અડફેટમાં લીધા બાદ અનેક વાહનોને ટક્કર મારી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ગુરુવારે વહેલી સવારે આ અકસ્માત થયો હતો, જેમાં બંને મહિલાના પગમાં ઇજા થઇ હતી.

ચાકણ વિસ્તારમાં માણિક ચોક ખાતે ટ્રકે પ્રથમ બે મહિલાને અડફેટમાં લીધી હતી. બાદમાં ત્યાંથી ભાગવાના પ્રયાસમાં ડ્રાઇવરે ટેમ્પો, કાર તથા ચાર ટૂ-વ્હીલરને ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં પોલીસ વૅનને પણ નુકસાન થયું હતું. ટ

આખરે ટ્રકને શિક્રાપુર ચોક ખાતે રોકવામાં આવી હતી અને ડ્રાઇવરને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.

પિંપરી ચિંચડવ પોલીસ સ્ટેશનમાં ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

(પીટીઆઇ) ■

## કૅબમાં આગઃ ડ્રાઈવરનું મૃત્યુ

મુંબઈઃ દહિસર નાકા નજીક સિમેન્ટ મિક્સર ટ્રકને ટક્કર માર્યા બાદ કૅબમાં આગ લાગતાં ડ્રાઇવરનું મૃત્યુ થયું હતું. કસ્તુરબા માર્ગ પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને ટ્રક ડ્રાઇવરની ધરપકડ કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

દહિસર નાકા નજીક ગુરુવારે મળસકે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા કૅબ ડ્રાઇવરની ઓળખ મસૂદ આલમ શેખ તરીકે થઇ હતી. કૅબ ડ્રાઇવર મળસકે પ્રવાસીને લઇ કાંદિવલી તરફ જઇ રહ્યો હતો, જ્યારે સિમેન્ટ મિક્સર ટ્રક દહિસરથી કાંદિવલી જઇ રહી હતી. પૂરપાટ વેગે જઇ રહેલી ટ્રકનું ટાયર ફાટતાં તે ડિવાઇડર સાથે ટકરાઇ હતી, જેને કારણે ડ્રાઇવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને તે ડિવાઇડર કુદાવીને કૅબ સાથે ભટકાઇ હતી. ટ્રકની ટક્કર બાદ કૅબમાં સ્પાર્ક થતાં આગ લાગી હતી અને કૅપ આગની લપેટમાં આવી ગઇ હતી. આગ લાગતાં પ્રવાસી તાત્કાલિક કૅબમાંથી બહાર આવી ગયો હતો, જ્યારે ડ્રાઇવર સ્ટિયરિંગ અને તેની સીટ વચ્ચે ફસાઇ ગયો હતો અને બહાર નીકળી શક્યો નહોતો. (પીટીઆઇ)

## સૈફ અલી ખાન પર હુમલોઃ સેલિબ્રિટીઓએ ઉઠાવ્યા સવાલ

મુંબઈઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનર્જી, અરવિંદ કેજરીવાલ અને ચિરંજીવી સહિત ફિલ્મ સેલિબ્રિટીઓ અને રાજકારણીઓએ બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર મુંબઈમાં તેમના ઘરે થયેલા હુમલા અંગે આઘાત વ્યક્ત કર્યો હતો અને અન્ય કેટલાક લોકોએ શહેરમાં અરાજકતા પર સવાલ ઉઠાવ્યા હતા.

ગઇ કાલે એક ઘૂસણખોરે ૫૪ વર્ષીય અભિનેતા પર તેના બાંદ્રાના ઘરે લગભગ રાતે ૨.૩૦ વાગ્યે છરી વડે છ વાર હુમલો કર્યો હતો. બાદમાં અભિનેતાને હૉસ્પિટલમાં (જુઓ પાનું ૪)

## ગુજરાતના ગિફ્ટ સિટીની તર્જ પર મહારાષ્ટ્ર 'ઇનોવેશન સિટી' સ્થાપશેઃ ફડણવીસ

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે ગુજરાતના ગિફ્ટ સિટીની તર્જ પર મહારાષ્ટ્રમાં ''ઇનોવેશન સિટી'' ની સ્થાપના કરવાની યોજનાની જાહેરાત કરી, ભારતના સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમમાં રાજ્યના નેતૃત્વને જાળવી રાખવાના પ્રયત્નોની જરૂરિયાત પર ભાર મૂક્યો.

અહીં સ્ટાર્ટઅપ્સ અને ટેક્નોલોજી પર બોલતા, તેમણે કહ્યું કે આ પહેલ ટેકનોલોજી માટે એક હબ બનશે, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ઉભરતા ક્ષેત્રોમાં સ્ટાર્ટ-અપ માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડશે.

ફડણવીસે જણાવ્યું હતું કે, ''જે રીતે ગુજરાતમાં ગિફ્ટ સિટી બનાવવામાં આવી છે, તેમ અમારું લક્ષ્ય મહારાષ્ટ્રમાં ઇનોવેશન સિટી વિકસાવવાનું છે.''

મહારાષ્ટ્રની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા, ફડણવીસે જણાવ્યું હતું કે રાજ્ય ૨૫,૦૦૦ થી વધુ સ્ટાર્ટ-અપ્સનું ઘર છે અને ''રોકાણ અને મૂલ્યાંકન'' માં નેતૃત્વ કરે છે.

કેન્દ્ર સરકારના અહેવાલને ટાંકીને, તેમણે ભારતમાં ટોચના સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ તરીકે રાજ્યના રેન્કિંગ પર ગર્વ વ્યક્ત કર્યો. તેમણે આ સફળતાનો શ્રેય મુંબઈ, પુણે, નાગપુર, નાસિક અને છત્રપતિ સંભાજીનગર જેવાં શહેરોને આપ્યો.

તેમણે વધુમાં કહ્યું કે ૨૦૧૬માં માત્ર ૪૭૧થી શરૂ કરીને આજે ૧,૫૭,૦૦૦ થી વધુ સ્ટાર્ટ-અપ્સ સાથે ભારત હવે વૈશ્વિક સ્તરે ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ ધરાવે છે અને મહારાષ્ટ્રએ આમાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

મુખ્ય પ્રધાને સમગ્ર મહારાષ્ટ્રમાં સ્ટાર્ટ-અપ્સને ટેકો આપવા માટે સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બૅંક ઓફ ઈન્ડિયા સાથે રૂ. ૧૦૦ કરોડનું ફંડ મેળવવા માટે ભાગીદારી જેવા પગલાંઓની જાહેરાત કરી. ફડણવીસે જીવનના દરેક ક્ષેત્રમાં એઆઈને અપનાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને એઆઈ-કેન્દ્રોમાં રૂપાંતરિત કરવાની અને એઆઈ ક્રાંતિ માટે ખાનગી યુનિવર્સિટીઓ સાથે ભાગીદારી કરવાની યોજનાઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે હિતધારકોને વિશ્વ કક્ષાની એઆઈ અને સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમના નિર્માણમાં સરકાર સાથે સહયોગ કરવા આમંત્રણ પણ આપ્યું હતું. ફડણવીસે રાજ્યની નવી સ્ટાર્ટ-અપ નીતિ માટે સૂચનો પણ માગ્યાં હતાં, તેમણે કહ્યું હતું કે બે મહિનામાં તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. તેમણે આશા વ્યક્ત કરી કે આ નીતિ દેશમાં સૌથી વધુ પ્રગતિશીલ હશે અને વૈશ્વિક સ્ટાર્ટ-અપ ક્રાંતિમાં મહારાષ્ટ્રને મોખરે રહેવામાં મદદ કરશે. (પીટીઆઇ) ■

## મુંબઈ સલામત નથી એ વાત ખોટીઃ મુખ્ય પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે કહ્યું કે એક્ટર સૈફ અલી ખાન પર તેમના જ ઘરમાં ઘૂસી કરવામાં આવેલો હુમલો ગંભીર ઘટના છે, પરંતુ આ ઘટનાને કારણે મુંબઈ સલામત નથી એમ કહેવું ઉચિત નથી.

પોલીસ કાર્યવાહી કરી રહી છે અને સરકાર મુંબઈને વધુ સલામત બનાવવા પગલાં લેશે એમ ગૃહ ખાતાની જવાબદારી સંભાળતા ફડણવીસે જણાવ્યું હતું.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે 'મને લાગે છે કે દેશનાં (જુઓ પાનું ૪)

## વિરોધ પક્ષોનો સરકાર પર 'હુમલો'

મુંબઈઃ ફિલ્મ એક્ટર સૈફ અલી ખાન પર ઘૂસણખોર દ્વારા કરવામાં આવેલા ચાકુના હુમલાથી સ્પષ્ટ થાય છે કે રાજ્યમાં સેલિબ્રિટીઓ પણ સુરક્ષિત નથી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ નીવડ્યા છે એમ વિરોધ પક્ષના નેતાઓએ ગુરુવારે જણાવ્યું હતું. શિવસેના (યુબીટી)ના સંસદસભ્ય સંજય રાઉતે જણાવ્યું હતું કે 'સામાન્ય લોકોની તો વાત જ જવા દો, અંગત સુરક્ષા ધરાવતી સેલિબ્રિટીઓ પણ સલામત નથી. સૈફ અલીને પદ્મશ્રી એનાયત થયો છે અને તાજેતરમાં જ તેઓ પરિવાર સાથે દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા.

'રાજ્યમાં પોલીસ મોટા ભાગે રાજકારણીઓની સુરક્ષા માટે તહેનાત હોય છે અને પક્ષપલટુઓ

(જુઓ પાનું ૪)

## બીડના સરપંચની હત્યાની ન્યાયિક તપાસ માટે પેનલની રચના

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે બીડ જિલ્લામાં સરપંચ સંતોષ દેશમુખની હત્યાની ન્યાયિક તપાસ માટે ઉચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશ એમ એલ તાહલિયાનીની એક સભ્યની સમિતિની રચના કરી છે. બીડના મસ્સાજોગ ગામના સરપંચ દેશમુખનું ૯ ડિસેમ્બરે અપહરણ કરી તેમની હત્યા કરવામાં આવી હતી. બુધવારે જારી કરાયેલા સરકારી આદેશ મુજબ દેશમુખના મૃત્યુ માટે કોઈ વ્યક્તિ કે સંસ્થા જવાબદાર છે કે નહીં તે ન્યાયિક સમિતિ નક્કી કરશે. આ સમિતિ ઘટના દરમિયાન પોલીસ અને જિલ્લા વહીવટી સંસાધનોની ઉપલબ્ધતા, કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીનું મૂલ્યાંકન કરશે અને જવાબદાર અધિકારીઓને ઓળખશે. સમિતિને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે પગલાં સૂચવવાનું પણ કામ સોંપવામાં આવ્યું છે. સરકારે બુધવારે પરભણીના વિરોધકર્તા સોમનાથ સૂર્યવંશીના કસ્ટોડિયલ મૃત્યુની ન્યાયિક તપાસ માટે નિવૃત્ત ન્યાયાધીશ વી એલ અચલિયાની એક સભ્યની સમિતિની પણ રચના કરી હતી. આ સમિતિ ઘટનાક્રમ અને દલિત પ્રદર્શનકારીના કસ્ટોડિયલ ડેથ સંબંધિત કારણોની તપાસ કરશે. હિંસા દરમિયાન પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે પરભણી પોલીસ દ્વારા લેવામાં આવેલા પગલાંની પણ પેનલ તપાસ કરશે. (પીટીઆઈ)

## ધનંજય મુંડેની 'ગેંગ'એ સરપંચ દેશમુખના પરિવારને બેહાલ કરી નાખ્યોઃ જરાંગે

છત્રપતિ સંભાજી નગરઃ ધનંજય મુંડેની 'ગેંગ'એ ગયા મહિને હત્યા કરાયેલા બીડના સરપંચ સંતોષ દેશમુખના પરિવારને બેહાલ કરી નાખ્યો હોવાનો આરોપ મરાઠા આરક્ષણ માટે લડત ચલાવી રહેલા મનોજ જરાંગેએ ગુરુવારે કર્યો હતો. એનસીપીના નેતા અને મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડેના સહયોગી વાલ્મિક કરાડનો ઉલ્લેખ કરી જરાંગેએ દાવો કર્યો હતો કે આ બધી ટોળકી રાજકારણમાંથી પૈસા કમાય છે અને પૈસાથી રાજકારણ રમી રહી છે.

મસ્સાજોગ ગામના સરપંચ દેશમુખનું ૯ ડિસેમ્બરે અપહરણ કરી હત્યા કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે ગુનો આચરવામાં આવ્યો ત્યારે કરાડ તેના હત્યારાઓ સાથે સંપર્કમાં હતો. કરાડને મહારાષ્ટ્ર પોલીસની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા એના એક દિવસ બાદ હત્યા કરવામાં આવેલા સરપંચના ભાઈ ધનંજય દેશમુખ બીડમાં જરાંગેને મળ્યા હતા.જોકે, સંતોષના ભાઈ ધનંજય કહ્યું હતું કે જરાંગેની તબિયત સારી ન હોવાથી તેઓ મરાઠા કાર્યકર્તાને મળવા આવ્યા હતા. 'અમે માત્ર એટલું જ ઇચ્છીએ છીએ કે તપાસ યોગ્ય રીતે થાય અને ન્યાય મળે' એમ તેમણે જણાવ્યું હતું.

## મધ્ય રેલવેના આસનગાંવ સ્ટેશન પર ટૅકનિકલ ખામી સર્જાઈ

મુંબઈઃ મધ્ય રેલવેના આસનગાંવ સ્ટેશન પર ગઈ કાલે વહેલી સવારે ઈલેક્ટ્રિકલ પેનલમાં ખરાબી સર્જાતા લોકલ સેવા ઠપ્પ થઈ ગઈ હતી, જેના કારણે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

આસનગાંવ સ્ટેશન પર ટેકનિકલ ખામી સર્જાતા આસનગાંવથી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી આસનગાંવ જતી લોકલ ટ્રેનો થોડા સમય માટે બંધ કરી દેવામાં આવી હતી. જોકે આ ખામીને તાત્કાલિક સુધારી લેવામાં આવી હતી અને લોકલ સેવા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. પરંતુ વહેલી સવારે સર્જાયેલી આ ખરાબીને કારણે નોકરિયાત વર્ગને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ઘણા મુસાફરોને ઓફિસ પહોંચવામાં મોડું થયું હતું અને વિદ્યાર્થીઓને શાળા-કોલેજોમાં જવામાં મોડું થયું હતું. જેના કારણે અનેક કર્મચારીઓમાં રોષ ફેલાયો છે. તેમ જ ટ્રેન મોડી ચાલી રહી હોવાથી સ્ટેશન પર ભારે ભીડ જોવા મળી હતી. ■

## થાણેમાં રૂ. ૬૬.૧૮ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે નાઈજીરિયન પકડાયો

થાણેઃ થાણે ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ નાર્કોટિક્સ સેલે (એએનસી) રૂ. ૬૬.૧૮ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે નાઇજીરિયનની ધરપકડ કરી હતી.

એએનસીના અધિકારીઓએ ૧૨ જાન્યુઆરીએ થાણેમાં દેસાઇ નાકા ખાતે છટકું ગોઠવીને જહોન ઉઝુગ્વા ફ્રાન્સિસને તાબામાં લીધો હતો. ૪૫ વર્ષનો જહોન ફ્રાન્સિસ દક્ષિણ મુંબઈના મસ્જિદ બંદર વિસ્તારમાં રહે છે.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઇમ) અમરસિંહ જાધવે જણાવ્યું હતું કે આરોપી પાસેથી ૬૬૧.૮૦ ગ્રામ મેફેડ્રોન મળી આવ્યું હતું, જેની કિંમત ૬૬.૧૮ લાખ રૂપિયા થાય છે.

આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ અને ફોરેનર્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને શિળ-ડાયઘર પોલીસ આ પ્રકરણે તપાસ કરી રહી છે.

પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે મુંબઈ પોલીસે દાખલ કરેલા એનડીપીએસના કેસમાં આરોપી છ વર્ષને કેદ ફટકારવામાં આવી હતી. ૧૩ નવેમ્બર, ૨૦૨૪માં તે જેલમાંથી બહાર આવ્યો હતો અને ફરી ડ્રગ્સની હેરાફેરી કરવા લાગ્યો હતો.

આરોપીને બોગસ દસ્તાવેજોને આધારે ભારતીય આઇડી કાર્ડ બનાવી આપવામાં કોણે મદદ કરી હતી તેની તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઇ) ■

## એન્જિનિયર લાંચ લેતાં પકડાયો

જાલનાઃ જાલના જિલ્લામાં રાજ્ય સંચાલિત મહારાષ્ટ્ર ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડના એડિશનલ એક્ઝિક્યુટીવ એન્જિનિયરની ૪૦ હજાર રૂપિયાની લાંચ લેવાના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. અંબડ વિસ્તારમાં ટ્રાન્સફોર્મર બેસાડનારા કોન્ટ્રેક્ટરના બિલની રકમની ચુકવણી કરવા માટે પ્રકાશ તૌરે ૫૦ હજાર રૂપિયાની લાંચ માગી હતી. તડજોડને અંતે પ્રકાશ ૪૦ હજાર રૂપિયા સ્વીકારવા માટે તૈયાર થયો હતો. દરમિયાન કોન્ટ્રેક્ટરે આ પ્રકરણે એન્ટિ કરપ્શન બ્યુરો (એસીબી)માં ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે અધિકારીઓએ બુધવારે સાંજના છટકું ગોઠવ્યું હતું અને પ્રકાશને લાંચની રકમ સ્વીકારતાં રંગેહાથ પકડી પાડ્યો હતો.

## નવા પ્રોજેક્ટ માટે મહાબળેશ્વરમાં ઓફિસ શરૂ કરોઃ એકનાથ શિંદે

મુંબઈઃ સાતારા જિલ્લામાં ઊભા કરવામાં આવી રહેલા નવા મહાબળેશ્વર પ્રોજેક્ટને ગતિ પ્રાપ્ત થાય એ માટે પ્લાનિંગ ઓથોરિટી તરીકે નિમણૂક કરવામાં આવેલા એમએસઆરડીસીની ઓફિસને મહાબળેશ્વરમાં ખુલ્લી મૂકવા માટેનો આદેશ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આપ્યો હતો. આ વિસ્તારમાં પર્યટનો વધે એ દૃષ્ટિએ ચાલી રહેલાં વિવિધ વિકાસકામોની વિશેષ બેઠક લઇને સમીક્ષા કરવામાં આવી હતી અને એ સમયે તેમણે ઉક્ત આદેશ આપ્યો હતો.

સાતારા જિલ્લામાં દરે, મુનાવળે અને કોયના નદીને અડીને આવેલાં ૨૧૪ ગામને નવી રીતે વિકસિત કરવામાં આવનારા નવા મહાબળેશ્વર વિસ્તારિત પ્રોજેક્ટ અંતર્ગત ચાલી રહેલાં વિવિધ વિકાસકામોની શિંદેએ લીધેલી બેઠકમાં સમીક્ષા કરી હતી.

નવા વિકસિત કરવામાં આવી રહેલા પર્યટન સ્થળનું ડેવલપમેન્ટ ઓથોરિટી તરીકે એમએસઆડીસીની નિમણૂક કરવામાં આવી હોઇ આ વિસ્તારનો સુનિયોજિતપણ વિકાસ કરવાની જવાબદારી એમએસઆરડીસીની છે. સ્થાનિક ગામવાસીઓએ આ અડચણનો ઉપાય આવે એ માટે એમએસઆરડીસીની ઓફિસ તત્કાળ મહાબળેશ્વરમાં શરૂ કરવાનો નિર્દેશ શિંદેએ આપ્યો હતો. આ ગામમા નવાં વિકસિત થનારા પર્યટનસ્થળો સ્થાનિક નાગરિકોની આજીવિકાનું સાધન મળે એ માટે તેઓને તાત્પૂરતા સ્વરૂપમાં તંબુમાં હોમ સ્ટે ઊભા કરવાની મંજૂરી આપવી. તેમ જ આ માટે થનારાં બાંધકામોને પરવાનગી આપવી, એવું પણ તેમણે જણાવ્યું હતું.

આ ઉપરાંત પ્રતાપગડ કિલ્લાનું કામ હલકી ગુણવત્તાનું કર્યું હોવાની ફરિયાદ મળી છે, એટલે એ કામને તાત્કાલિક સ્વરૂપે બંધ કરવાનો આદેશ પણ શિંદેએ આપ્યો હતો. અહીં થનારાં નવાં કામની ગુણવત્તા સારી હોવી જોઇએ, એવો આદેશ તેમણે આપ્યો હતો. શિંદેએ કોયના જળાશયને અડીને આવેલા મુનાવળે ખાતે જલપર્યટન પ્રોજેક્ટ, વાસોટા કિલ્લા વિસ્તાર તેમ જ તાપોળાની પણ મુલાકાત લીધી હતી.

વાસોટા ખાતે ટૂંક સમયમાં જ નાઈટ ટુરીઝમ શરૂ કરવાનો તેમ જ પર્યટકો માટે વોટર એમ્બ્યુલન્સની વ્યવસ્થા પણ કરવામાં આવશે, એવું શિંદેએ જણાવ્યું હતું. ■

## ટાટા મેરેથોન માટે રેલવે દોડાવશે 'સ્પેશિયલ' ટ્રેન

### પશ્ચિમ રેલવેમાં ત્રણ અને મધ્ય રેલવેમાં દોડાવાશે બબ્બે ટ્રેન

મુંબઈઃ મુંબઈમાં યોજાનારી ટાટા મુંબઈ મેરેથોન માટે મુંબઈ સબર્બન રેલવેમાં સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. મેરેથોનમાં ભાગ લેનારા તથા અન્ય અન્ય રસિકો માટે ત્રણેય લાઈનમાં વિશેષ લોકલ ટ્રેન દોડાવવામાં આવશે. ૧૯મી જાન્યુઆરીના રવિવારે મુંબઈમાં ટાટા મેરેથોન યોજવામાં આવશે. આ મેરેથોનમાં ભાગ લેનારા રનર્સ અને અન્ય લોકોની સુવિધા માટે પશ્ચિમ અને મધ્ય રેલવેએ વિશેષ ઈએમયુ ટ્રેન દોડાવવાની જાહેરાત કરી છે. પશ્ચિમ રેલવેમાં ત્રણ અને મધ્ય રેલવેમાં હાર્બર અને મેઈન લાઈનમાં એક-એક ટ્રેન દોડાવવામાં આવશે.

વિરારથી વહેલી સવારના ૨.૧૫ વાગ્યા ચર્ચગેટ માટે રવાના થશે. ત્યાર બાદ બોરીવલીથી ચર્ચગેટની વહેલી સવારના ૩.૦૫ વાગ્યે ટ્રેન હશે. આ ઉપરાંત, ચર્ચગેટથી વહેરી સવારના ત્રણ વાગ્યે બાંદ્રા માટેની ટ્રેન હશે. આ ટ્રેન ત્રણ વાગ્યે ઉપડીને ૩.૩૪ વાગ્યે પહોંચશે. કલ્યાણથી સીએસએમટીથી વચ્ચે વહેલી સવારના ત્રણ વાગ્યે રવાના કરવામાં આવશે. આ ટ્રેન સાડાત્રણ વાગ્યે પહોંચશે. એ જ રીતે હાર્બર લાઈનમાં પનવેલથી સીએસએમટી માટે વિશેષ ટ્રેન હશે. વહેલી સવારના ૩.૧૦ વાગ્યે પનવેલથી સીએસએમટી માટે રવાના થશે, જે ટ્રેન સાડાત્રણ વાગ્યે સીએસએમટી પહોંચશે. ■

### બેસ્ટની બસના રૂટમાં ફેરફાર

મુંબઈમાં રવિવારે, ૧૯ જાન્યુઆરીના મૅરેથોન સ્પર્ધાનું વહેલી સવારના પાંચ વાગ્યાથી બપોરના ૧.૩૦ વાગ્યા સુધી આયોજન કરવામાં આવ્યું છે. તેને કારણે આ માર્ગ પરથી આ સમય દરમિયાન બેસ્ટની બસો પર પ્રતિબંધ રહેશે. આ રૂટ પરની બસો સાયન, ડૉ.બાબાસાહેબ આંબેડકર માર્ગ, જે.જે. હૉસ્પિટલ, વાડી બંદર- પી.ડિમેલો રોડ માર્ગે તેમ જ સાયનથી માહિમ-સેનાપતિ બાપટ માર્ગ-ડૉ. ઈ. મોઝેસ માર્ગ-મહાલક્ષ્મી સ્ટેશન-સાત રસ્તા માર્ગે દોડાવવામાં આવશે., તેમ જ બસ નંબર એ-૭૮, એ-૮૯, એ-૧૦૫, એ-૧૦૬, એ-૧૦૮, એ-૧૧૨, એ-૧૨૩, એ-૧૩૨, એ-૧૫૫ બસ મેરેથોન સ્પર્ધા દરમિયાન બંધ રહેશે.

## નવી મુંબઈના ગોળીબારના કેસમાં બીજો આરોપી પકડાયો

થાણેઃ નવી મુંબઈમાં કચરો એકઠો કરતી એજન્સીના કોન્ટ્રેક્ટર પર ગોળીબારના કેસમાં સંડોવાયેલા ૪૪ વર્ષના આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ ઇમરાન મુન્ના કુરેશી તરીકે થઇ હોઇ પુણેથી ૧૩ જાન્યુઆરીએ તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં અગાઉ સંતોષ ઉત્તમ ગવળી (૩૮)ની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ કહ્યું હતું. નવી મુંબઈના સાનપાડા વિસ્તારમાં ૩ જાન્યુઆરીએ રાજારામ થોકે તેની કારમાં બેઠો હતો ત્યારે મોટરસાઇકલ પર આવેલા બે આરોપીએ તેના પર ગોળીબાર કર્યો હતો. ગોળીબારમાં રાજારામને ગંભીર ઇજા પહોંચી હતી. આરોપી ઇમરાન કુરેશી વિરુદ્ધ આઠ ગુના, જ્યારે ગવળી વિરુદ્ધ હત્યા સહિત ત્રણ ગુના નોંધાયેલા છે. રાજારામ પર ગોળીબાર માટે વપરાયેલી રિવોલ્વર અને મોટરસાઇકલ જપ્ત કરવામાં આવી હતી,.

## કોલ્ડપ્લે કોન્સર્ટમાં સ્ટેજ પર બાળકોને નો-એન્ટ્રી

થાણેઃ મુંબઈમાં બ્રિટિશ બેન્ડ કોલ્ડપ્લે કોન્સર્ટના ગણતરીના દિવસો બાકી છે. ત્યારે થાણે જિલ્લા સત્તાવાળાઓએ નવી મુંબઈમાં બ્રિટિશ બેન્ડ કોલ્ડપ્લેના આગામી કોન્સર્ટના આયોજકોને નોટિસ જારી કરી છે. ચંડીગઢના રહેવાસી દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદને પગલે, ઇવેન્ટ દરમિયાન બાળકોની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરતાં, ૧૪ જાન્યુઆરીએ થાણે જિલ્લાં સત્તાવાળાઓએ કોન્સર્ટના આયોજકો, કોલ્ડપ્લેના ફ્રન્ટમેન ક્રિસ માર્ટિન અને ઇવેન્ટ ટિકિટિંગ પાર્ટનર બુકમાયશોને નોટિસ જારી કરી હતી. ■

## ઉલ્લંઘન કરનારા ૪૭૭ બાંધકામોને મળી નોટિસ

મુંબઈઃ પ્રદૂષણ નિયંત્રણ નિયમાવલીનું ઉલ્લંઘન કરનારા મ્હાડાના પુનર્વિકાસ પ્રોજેક્ટ સહિત મ્હાડા હાઉસિંગ યોજનાનાં બાંધકામો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં મુંબઈ બોર્ડે શરૂઆત કરી છે. ત્રણ મહિનામાં પ્રદૂષણ નિયંત્રણ નિયમાવલીનું ઉલ્લંઘન કરનારાં ૪૭૭ બાંધકામોને નોટિસ મોકલવામાં આવી છે, જ્યારે ૩૩ બાંધકામનું કામ થોભાવી દેવામાં આવ્યું છે. જે ૩૩ બાંધકામો બંધ કરી દેવામાં આવ્યાં છે એ પ્રદૂષણ નિયંત્રણની અમલબજાવણી થયા પછી જ ફરી કામ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે, એવું મ્હાડાના અધિકારીએ જણાવ્યું હતું. ■

# ગુજરાતીની બોલબાલાઃ સિતાંશુ કોટક બની ગયો ટીમ ઇન્ડિયાનો બૅટિંગ-કોચ





મુંબઈઃ સૌરાષ્ટ્રના ભૂતપૂર્વ કૅપ્ટન અને બૅટર સિતાંશુ કોટકને ડોમેસ્ટિક ક્રિકેટમાં પ્લેયર તરીકેની ૨૦ વર્ષની કારકિર્દી દરમ્યાન ૧૧,૦૦૦થી પણ વધુ રન કરવા છતાં ક્યારેય ભારત વતી રમવા નહોતું મળ્યું, પણ તેની બૅટિંગ ટૅલન્ટે તેને બહુમૂલ્ય હોદ્દો અપાવ્યો છે. બાવન વર્ષના સિતાંશુની બૅટિંગ-કોચ તરીકે નિયુક્તિ થઈ છે.

લેફ્ટ-હૅન્ડ બૅટર સિતાંશુ હરગોવિંદભાઈ કોટકની ટીમ ઇન્ડિયાના બૅટિંગ-કોચ તરીકેની કરીઅર આગામી બાવીસમી જાન્યુઆરીએ ઇંગ્લૅન્ડ સામે શરૂ થનારી પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ સાથે શરૂ થશે.

ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝમાં ટીમ ઇન્ડિયાનું સુકાન સૂર્યકુમાર યાદવ સંભાળશે. સિતાંશુ આ પહેલાં ૨૦૨૩માં રાહુલ દ્રવિડની ગેરહાજરીમાં ભારતીય ટીમના કાર્યવાહક હેડ-કોચ તરીકેની જવાબદારી સંભાળી હતી.

સિતાંશુ ૧૯૯૩થી ૨૦૧૩ દરમ્યાન ૧૩૦ ફર્સ્ટ-ક્લાસ મૅચ રમ્યો હતો જેમાં તેણે ૧૫ સેન્ચુરી અને પંચાવન હાફ સેન્ચુરીની મદદથી કુલ ૮,૦૬૧ રન બનાવ્યા હતા જેમાં અણનમ ૧૬૮ રન તેનો હાઇએસ્ટ સ્કોર હતો.

તેણે લિસ્ટ-એ તરીકે ઓળખાતી ડોમેસ્ટિક વન-ડે મૅચોમાં કુલ ૩,૦૮૩ રન બનાવ્યા હતા. એમાં તેની ત્રણ સેન્ચુરી અને ૨૬ હાફ સેન્ચુરી સામેલ હતી.

સિતાંશુ ઇંગ્લૅન્ડની વૉરવિકશર કાઉન્ટી વતી પણ રમ્યો હતો. તેણે ડોમેસ્ટિક ક્રિકેટમાં ૧૨૪ વિકેટ પણ લીધી હતી.

સિતાંશુ ઑક્ટોબર, ૨૦૧૩માં છેલ્લી મૅચ રમ્યો હતો. એ મૅચમાં સૌરાષ્ટ્રની ટીમમાં ચેતેશ્વર પુજારા, શેલ્ડન જૅક્સન, જયદેવ શાહ, અર્પિત વસાવડા, ચિરાગ જાની, કમલેશ મકવાણા તેમ જ ધર્મેન્દ્રસિંહ જાડેજા સહિત જાણીતા ખેલાડીઓ સામેલ હતા.

સિતાંશુ ૨૦૧૯થી બેન્ગલૂરુમાં બીસીસીઆઇની નૅશનલ ક્રિકેટ ઍકેડેમીમાં ઇન્ડિયા 'એ' ટીમનો બૅટિંગ-કોચ હતો. થોડા વર્ષ તે વીવીએસ લક્ષ્મણનો સહાયક કોચ હતો. એ સાથે, ટીમ ઇન્ડિયાના હેડ-કોચ ગૌતમ ગંભીરને વધુ એક સહાયક કોચ મળ્યો છે. હાલમાં મૉર્ની મૉર્કલ બોલિંગ-કોચ છે, જ્યારે અભિષેક નાયર તથા રાયન ટેન ડૉએટ અસિસ્ટન્ટ કોચ છે. ટી. દિલીપ ફીલ્ડિંગ-કોચ છે.

# ભારતીય ઓપનરે હૃદયસ્પર્શી સ્ટોરીમાં કહ્યું, 'પપ્પાને હાર્ટ અટૅક આવ્યો અને પછી મને ટીમમાંથી પડતી મુકાઈ'

નવી દિલ્હીઃ ભારતીય મહિલા ટીમની એક સમયની ટોચની ઓપનિંગ બૅટર શેફાલી વર્માનો બે મહિનાથી ખરાબ સમય ચાલી રહ્યો છે અને એની કથની તેણે એક જાણીતા અખબારને આપેલા ઇન્ટરવ્યૂમાં જણાવી છે. સતત ૧૦ ઇનિંગ્સમાં સારું રમવામાં નિષ્ફળ ગયા પછી તેને નવેમ્બરમાં ઑસ્ટ્રેલિયાની ટૂર માટેની ટીમમાં નહોતી સમાવવામાં આવી અને હજી પણ તે વિમેન ઇન બ્લ્યૂની બહાર જ છે. તેના સુકાનમાં ભારત અન્ડર-૧૯ વર્લ્ડકપ જીત્યું હતું.

૨૦ વર્ષની રાઇટ-હૅન્ડ બૅટર ભારત વતી પાંચ ટેસ્ટ, ૨૯ વન-ડે અને ૮૫ ટી-૨૦ રમી છે. છેલ્લે ભારત વતી તે ઑક્ટોબરમાં અમદાવાદમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની વન-ડેમાં રમી હતી. તેણે ભારત વતી કુલ ૩,૨૦૦થી પણ વધુ રન બનાવ્યા છે જેમાં એક સેન્ચુરી અને સત્તર હાફ સેન્ચુરી સામેલ છે. હરિયાણાની શેફાલીને ડ્રૉપ કરવામાં આવ્યા બાદ હરિયાણાની જ પ્રતીકા રાવલને ભારત વતી ડેબ્યૂ કરવાનો મોકો મળ્યો છે અને સ્મૃતિ મંધાના સાથેની જોડીમાં તે ખૂબ જ ઝળકી છે. પ્રતીકા પહેલી છ વન-ડેમાં જેવું રમી છે એવું મહિલાઓ જ નહીં, પુરુષોની ક્રિકેટમાં પણ કોઈ ખેલાડીએ ભાગ્યે જ પર્ફોર્મ કર્યું હશે. પ્રતીકાએ કારકિર્દીની પહેલી છ ઇનિંગ્સમાં ૭૪.૦૦ની ઉત્તમ બૅટિંગ-સરેરાશે ૪૪૪ રન બનાવ્યા છે.



શેફાલીએ મુલાકાતમાં કહ્યું છે કે 'મને ભારતીય ટીમમાંથી પડતી મૂકવામાં આવી એ મારા માટે એકમાત્ર આંચકો નહોતો. મને ડ્રૉપ કરાઈ એના બે દિવસ પહેલાં મારા પપ્પાને હાર્ટઅટૅક આવ્યો હતો એટલે હું અને પરિવારના બધા મેમ્બર્સ તેમ જ મિત્રગણ, બધા જ ખૂબ ચિંતામાં હતા ત્યાં બે દિવસ બાદ મને ભારતીય ટીમમાંથી પડતી મૂકવાનો નિર્ણય જાહેર કરાયો હતો. જોકે મેં સમાચાર મારા પપ્પાથી છુપાવ્યા હતા. અઠવાડિયા બાદ તેમની તબિયત સારી થઈ છેક ત્યારે મેં તેને એ બૅડ ન્યૂઝ આપ્યા હતા.'

જોકે પુત્રી શેફાલીને ટીમમાંથી પડતી મુકાઈ હોવાની જાણ થતાં જ સંજીવ વર્માએ જરા પણ સમય નહોતો બગાડ્યો અને દીકરી ફરી બધુ ધ્યાન ક્રિકેટ પર આપી શકે એ માટે તેમણે તૈયારીઓ શરૂ કરી દીધી હતી, કારણકે નાનપણથી પુત્રી શેફાલીને તેઓ જ કોચિંગ આપે છે.

શેફાલીએ ઇન્ટરવ્યૂમાં બહુ સરસ કહ્યું છે કે 'પુત્રી-પુત્ર વિશે પિતા બધુ જાણતા હોય છે. ક્યારેક સંતાન ભૂલી જાય છે કે પોતાનામાં કેટલી શક્તિ અને કેટલી કાબેલિયત છે, પણ પિતા ક્યારેય નથી ભૂલતા. હું નાનપણથી જે વર્કઆઉટ અને ડ્રિલ કરતી હતી એની તેમણે મને યાદ અપાવી હતી અને એને આધારે મેં પ્રૅક્ટિસ શરૂ કરી હતી.'

શેફાલીને ટીમ ઇન્ડિયામાંથી પડતી મૂકવામાં આવી એ પછી તે બે ડોમેસ્ટિક ટૂર્નામેન્ટ રમી હતી જેમાં તેણે ત્રણ સેન્ચુરી અને પાંચ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૧૨ મૅચમાં કુલ ૯૪૧ રન બનાવ્યા હતા. આ બે સ્પર્ધામાં તેનો સ્ટ્રાઇક-રેટ અનુક્રમે ૧૫૨.૩૧ અને ૧૪૫.૨૬ હતો.

શેફાલીએ થોડા મહિનાઓ દરમ્યાન ફિટનેસ સુધારવા ધ્યાન આપ્યું જ છે, સમજદારીથી સ્ટ્રાઇક રૉટેટ કરીને એક-બે રન દોડવામાં ઝડપ વધારવામાં પણ સુધારો કર્યો છે.

# બિગ બૅશની મૅચ દરમ્યાન સ્ટેડિયમમાં આગ


## સ્ટાર ખેલાડીઓવાળી મૅચ ચાલતી હતી ને ડીજેના એરિયામાં ધુમાડા નીકળવા લાગ્યા, પ્રેક્ષકોમાં ગભરાટ

બ્રિસ્બેનઃ અહીં ગૅબાનું સ્ટેડિયમ જ્યાં ગયા મહિને ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે સિરીઝની ત્રીજી ટેસ્ટ રમાઈ હતી ત્યાં ગુરુવારે આંચકાજનક ઘટના બની હતી જેમાં સ્ટેડિયમમાં બિગ બૅશ લીગ (બીબીએલ)ની મૅચ દરમ્યાન આગ લાગી હતી, પ્રેક્ષકો ગભરાઈ ગયા હતા અને ભાગમભાગ કરવા લાગ્યા હતા. અમ્પાયર્સે રમત થોડી વાર માટે અટકાવી દેવી પડી હતી.

ઉસમાન ખ્વાજાના સુકાનમાં બ્રિસ્બેન હીટ નામની ટીમે માર્નસ લાબુશેનના ૭૭ રનની મદદથી છ વિકેટે ૨૦૧ રન બનાવ્યા હતા જેના જવાબમાં હૉબાર્ટ હરીકેન્સ ટીમે છેલ્લા બૉલમાં વિજય મેળવ્યો હતો. હૉબાર્ટની ટીમે ૨૦૨ રનના લક્ષ્યાંક સામે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૦૭ રન બનાવ્યા હતા.

આ મૅચની બીજી ઇનિંગ્સમાં (હૉબાર્ટની ઇનિંગ્સ દરમ્યાન) સ્ટેડિયમમાં જ્યાં ડીજે રાખવામાં આવ્યું હતું એ એરિયામાં અચાનક આગ ફાટી નીકળતાં ખેલાડીઓ તેમ જ પ્રેક્ષકો અને અધિકારીઓની સુરક્ષા ખાતર રમત રોકી દેવામાં આવી હતી.





આગ પૂર્ણપણે કાબૂમાં આવ્યા પછી જ રમત ફરી શરૂ કરવામાં આવી હતી.

આ મૅચમાં સ્ટાર ખેલાડીઓ રમ્યા હતા. ઉસમાન ખ્વાજા અને લાબુશેન ઉપરાંત ઑસ્ટ્રેલિયાનો નવો ઓપનર નૅથન મૅક્સ્વીની, મૅટ રેન્શો, સ્પેન્સર જૉન્સન તેમ જ ટિમ ડેવિડ, મૅથ્યૂ વેડ પણ આ મૅચમાં હતા.

પ્રેક્ષકોના મનોરંજન માટે ડીજેની વ્યવસ્થા રખાઈ હતી ત્યાં ઓચિંતી આગ લાગતાં ધુમાડા નીકળવા લાગ્યા હતા અને જોત જોતામાં સ્ટેડિયમમાં ફેલાઈ ગયા હતા. સુરક્ષા કર્મચારીઓએ તરત જ આગ બુઝાવવાનું કામ શરૂ કરી દીધું હતું.

બિગ બૅશના ઇતિહાસમાં મૅચ દરમ્યાન સ્ટેડિયમમાં આગ લાગી હોવાની અને એને કારણે રમત અટકાવવામાં આવી હોવાની આ પહેલી જ ઘટના છે.

નૅથન એલિસની કૅપ્ટન્સીમાં હૉબાર્ટની ટીમ આ મૅચ જીતી એ પહેલાં જ પ્લે-ઑફમાં એણે સ્થાન મેળવી લીધું હતું. હૉબાર્ટની ટીમ આઠમાંથી છ મૅચ જીતી છે. બીજી તરફ, બ્રિસ્બેન હીટે પરાજિત થઈ જતાં પોતાની મુશ્કેલી વધારી દીધી હતી.

# રિષભ પંતને થોડા જ દિવસમાં મળી શકે છે દિલ્હીની ટીમની કૅપ્ટન્સી

નવી દિલ્હીઃ બે મહિનાના લાંબા સમયગાળા બાદ રણજી ટ્રોફીનો નવો રાઉન્ડ ગુરુવાર, ૨૩મી જાન્યુઆરીએ શરૂ થશે અને એમાં રાજકોટમાં સૌરાષ્ટ્ર સામે રમનાર દિલ્હીની ટીમનું સુકાન થોડા જ દિવસમાં વિકેટકીપર-બૅટર રિષભ પંતને મળી શકે એમ છે.

ન્યૂ ઝીલૅન્ડ સામે ઘરઆંગણે ૦-૩ની કારમી હાર બાદ અને ત્યાર પછી ઑસ્ટ્રેલિયામાં ૧-૩થી થયેલા પરાજયને પગલે ટીમ ઇન્ડિયાના ખેલાડીઓને ડોમેસ્ટિક ક્રિકેટમાં રમવાની ફરજ પાડવામાં આવી રહી છે અને પંત એમાંનો એક છે.

બીસીસીઆઇએ સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ પ્લેયર ઈજાગ્રસ્ત ન હોય અને કોઈ આંતરરાષ્ટ્રીય મૅચ પણ ન રમાવાની હોય તો એ અરસામાં તેણે ડોમેસ્ટિક ક્રિકેટ મૅચો રમવી પડશે. રિષભ પંતે રણજીમાં રમવાની તૈયારી બતાવી છે. શુભમન ગિલ તથા યશસ્વી જયસ્વાલ પણ રમવાના છે. રોહિત શર્માએ મુંબઈની ટીમ સાથે પ્રૅક્ટિસ શરૂ કરી છે.

રોહિત મુંબઈ વતી રણજીમાં રમતો જોવા મળશે કે કેમ એ સવાલ છે, પણ રિષભ પંત દિલ્હી વતી રમવાનો છે એ નક્કી છે. તેને દિલ્હીની ટીમનું સુકાન મળી શકે એમ છે.

ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં પંતનો રેકૉર્ડ ઘણો સારો છે. તેણે ૬૮ મૅચમાં ૪,૮૬૮ રન બનાવ્યા છે. એમાં તેની બૅટિંગ-સરેરાશ ૪૬.૪૬ અને સ્ટ્રાઇક-રેટ ૮૧.૪૫ છે. આ ફૉર્મેટમાં પંત ૧૧ સેન્ચુરી અને ૨૪ હાફ સેન્ચુરી ફટકારી ચૂક્યો છે. તેણે ૨૦૧૫માં પ્રથમ કક્ષાની ક્રિકેટ રમવાનું શરૂ કર્યું હતું. બે વર્ષ પહેલાં અકસ્માતને લીધે તે દોઢ વર્ષ મેદાનથી દૂર રહ્યો હતો અને પછી ડોમેસ્ટિક ક્રિકેટમાં રમ્યા બાદ જ આંતરરાષ્ટ્રીય મૅચ માટેના મેદાન પર ઊતરી શક્યો હતો.



# ડબ્લ્યૂટીસીની બહાર ફેંકાયેલા પાકિસ્તાન-વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે આજથી પ્રથમ ટેસ્ટ

મુલતાનઃ પાકિસ્તાન અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે આજે અહીં બે મૅચ (સવારે ૧૧.૦૦ વાગ્યાથી)ની ટેસ્ટ-સિરીઝ શરૂ થઈ રહી છે, પરંતુ હકીકત એ છે કે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની વર્તમાન સીઝનની ફાઇનલની બન્ને ટીમ નક્કી થઈ ગઈ છે (સાઉથ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા) એટલે પાકિસ્તાન-વેસ્ટ ઇન્ડિઝ મૅચના પરિણામની ડબ્લ્યૂટીસી પર કોઈ અસર નહીં થાય.

બીજું, આ ટેસ્ટની બન્ને હરીફ ટીમ ઘણા અઠવાડિયા પહેલાં જ ડબ્લ્યૂટીસીની આ સીઝનની બહાર થઈ ગઈ છે એટલે તેઓ માત્ર એકમેકથી ચડિયાતા પુરવાર થવા માટે જ રમશે.

મુલતાનની પિચ સ્પિનર્સને વધુ ફાવે એવી છે. શાન મસૂદ પાકિસ્તાનનો અને ક્રેગ બ્રેથવેઇટ કૅરિબિયન ટીમનો કૅપ્ટન છે.

ક્રેગ બ્રેથવેઇટની વાત નીકળી છે તો ખાસ જણાવવાનું કે તે ૯૯ રન બનાવશે એટલે લેજન્ડરી કૅરિબિયન બૅટર રિચી રિચર્ડસનના ૫,૯૪૯ રનને પાર કરી લેશે. હાલમાં બ્રેથવેઇટના ૫,૮૫૧ રન છે. કૅરિબિયન બૅટર્સમાં બ્રાયન લારા ૧૧,૯૧૨ રન સાથે મોખરે છે, જ્યારે શિવનારાયણ ચંદરપૉલ ૧૧,૮૬૭ રન સાથે બીજા સ્થાને તથા વિવિયન રિચર્ડ્સ ૮,૫૪૦ રન સાથે ત્રીજા નંબરે છે.

ક્રેગ બ્રેથવેઇટને ૬,૦૦૦ રન કરનાર ૧૦મો કૅરિબિયન ટેસ્ટ બૅટર બનવાનો પણ સારો મોકો છે. છેલ્લે મુલતાનમાં પાકિસ્તાન અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે ૨૦૦૬ની સાલમાં ટેસ્ટ રમાઈ હતી જેમાં પાંચ દિવસમાં ૪૩૯ ઓવરમાં ૨૭ વિકેટ પડી હતી અને એ પાંચ દિવસમાં ૧,૪૦૦થી વધુ રન બન્યા હતા.

# ડિફેન્ડિંગ ચૅમ્પિયનોને રવિવારે મુંબઈ મૅરેથન ફરી જીતવાનો દૃઢ વિશ્વાસ

## પુરુષ વર્ગમાં ૧૫ અને મહિલા કૅટેગરીમાં ૧૭ રનર ઇથોપિયાના છે




મંગળવારે મુંબઈમાં ટાટા મુંબઈ મૅરેથનના કાઉન્ટડાઉનને લગતી એક ઇવેન્ટમાં આયોજક પ્રોકૅમ ઇન્ટરનૅશનલનાં ઉપ-પ્રમુખ આરતી કાકટકર (વચ્ચે) તેમ જ વિવેક સિંહ તેમ જ કૅન્સરના મહારોગ સામે લડીને એમાંથી મુક્ત થયેલા વેન્કટરામન એસ. તેમ જ અન્ય ટોચના અધિકારીઓ ઉપસ્થિત હતા. (અમય ખરાડે)




રવિવારે ટાટા મુંબઈ મૅરેથનમાં ભાગ લેનાર પુરુષ અને મહિલા વર્ગના આંતરરાષ્ટ્રીય રનર્સ (ડાબેથી) બાઝેઝેવ અસ્મારે, ફિલેમૉન રૉનો, હેઇલ લેમી બેર્હાનુ, ઍબર્શ મિન્સેવો, શુકો જેનેમો તેમ જ શિટાયે એશેટે ગઈ કાલે મુંબઈમાં પત્રકારો સાથેના ચર્ચાસત્ર બાદ છત્રપતિ શિવાજી ટર્મિનસ (સીએસટી) સ્ટેશન નજીક એકસાથે પોઝ આપ્યો હતો.

મુંબઈઃ રવિવાર, ૧૯મી જાન્યુઆરીએ યોજાનારી ટાટા મુંબઈ મૅરેથન ફરી એકવાર જીતી લેવા માટે ડિફેન્ડિંગ ચૅમ્પિયનો મક્કમ છે અને તેઓ જ ફરી વિજેતા બનશે એવો તેમને દૃઢવિશ્વાસ છે. ૨૦૨૪ની મુંબઈ મૅરેથનમાં પુરુષ તથા મહિલા વર્ગમાં અનુક્રમે ઇથોનિયાનો હેઇલ લેમી બેર્હાનુ અને તેના જ દેશની ઍબર્શ મિન્સેવો વિજેતા બન્યા હતા. ઉલ્લેખનીય છે કે લેમી આ મૅરેથનમાં વિજેતાપદની હૅટ-ટ્રિક કરવા દૃઢ છે. નવાઈની વાત એ છે કે ૪૨ કિલોમીટરની મુખ્ય મૅરેથનની મેન્સ એલીટ કૅટેગરીમાં માત્ર બે દેશના જ કુલ ૧૭ રનર ભાગ લેવાના છે. એમાંથી ૧૫ રનર ઇથોપિયાના અને બે રનર કેન્યાના છે.

મહિલાઓના વર્ગમાં પણ ઇથોપિયાનું પ્રભુત્વ જોવા મળશે. મુખ્ય મૅરેથનમાં મહિલા વર્ગમાં ૧૯ રનર ઇથોપિયા અને કેન્યાની છે. ૧૯માંથી ૧૭ રનર ઇથોપિયાની અને બે રનર કેન્યાની છે.

મુંબઈ મૅરેથનમાં વિજયની હૅટ-ટ્રિક નોંધાવીને નવો ઇતિહાસ રચવા ઇથોપિયાનો લેમી થનગની રહ્યો છે એનું બીજું કારણ એ છે કે ૨૦૨૪ના વર્ષમાં તેણે જે ત્રણ મોટી મૅરેથન (મુંબઈ, બર્લિન, પ્રાગ)માં ભાગ લીધો હતો એ ત્રણેયમાં તે જીત્યો હતો અને એ વિજયકૂચ તે અહીં મુંબઈમાં જાળવી રાખવા માગે છે.

લેમી આ વખતે પણ મુંબઈ મૅરેથન જીતવા માટે હૉટ-ફેવરિટ છે, કારણકે તેના પછીનો બીજો સૌથી મોટો દાવેદાર ઇથોપિયાનો જ બાઝેઝેવ અસ્મારેનો છેલ્લો વિજય ૨૦૨૨માં હતો જ્યારે તે હવાસા હાફ મૅરેથન જીત્યો હતો.

રવિવારે દોડનાર કેન્યાનો ફિલેમૉન રૉનોની છેલ્લી જીત ૨૦૨૩માં સ્લોવેકિયાની મૅરેથનમાં હતી.

# એક મહિનો પિયર જવાની ચહલને પત્ની ધનશ્રીની 'ધમકી'

નવી દિલ્હીઃ કોરિયોગ્રાફર અને ડાન્સર ધનશ્રી ક્રિકેટર-પતિ યુઝવેન્દ્ર ચહલ સાથે છૂટાછેડા લઈ રહી હોવાની અટકળો વચ્ચે તેમ જ બન્નેએ સોશિયલ મીડિયામાં એકમેકને અનફૉલો કર્યા હોવાના સમાચાર વચ્ચે ધનશ્રી અને ચહલનો એક વીડિયો વાઈરલ થયો છે જેમાં ધનશ્રી તેના ક્રિકેટર-હસબન્ડને પિયર જવાની ધમકી આપી રહેલી જોવા મળે છે.

ખુદ ધનશ્રીએ આ વીડિયો ઇન્સ્ટાગ્રામ પર શૅર કર્યો છે. એમાં ધનશ્રી સાથે ચહલ ટીવી જોઈ રહેલો દેખાય છે. એવામાં ધનશ્રી તેને કહે છે, 'સાંભળો, હું એક મહિના માટે પિયર જવાની છું.' ધનશ્રીની આ ચોંકાવનારી વાત સાંભળતાં જ ચહલ હસી પડે છે અને રિમોટ ફેંકીને નાચવા લાગે છે.

અહીં ખાસ જણાવવાનું કે આ વીડિયો એક રીલ છે જે ચહલ-ધનશ્રીએ ૨૦૨૨ની સાલમાં બનાવી હતી. ધનશ્રીએ આ વીડિયો પોસ્ટ કરીને લખ્યું, 'બસ, રાહ જુઓ. નાની-નાની વાતોમાં જ ખુશી શોધતા રહો.'

બે વર્ષ જૂના આ વીડિયો પર ક્રિકેટપ્રેમીઓની કમેન્ટ આવવા લાગી છે. એક યુવાન ક્રિકેટપ્રેમીએ લખ્યું, 'કાયમ માટે પિયર જતી રહી છે કે શું?' બીજાએ ટિપ્પણી કરી, પઆ વીડિયો ડિલિટ કરતા ભૂલી ગઈ.'

ચહલ-ધનશ્રીએ ૨૦૨૦ની બાવીસમી ડિસેમ્બરે લગ્ન કર્યા હતા. તેમના સંભવિત ડિવૉર્સની વાતો ખૂબ ચગી છે, પણ તેમના તરફથી કે તેમના પરિવાર તરફથી કોઈ જ પ્રતિક્રિયા સામે નથી આવી. જોકે ચહલે મીડિયામાંથી ધનશ્રીની તસવીરો હટાવી દીધી છે, જ્યારે ધનશ્રીના અકાઉન્ટ પર પણ હજી પણ ચહલ સાથેના ફોટો અને વીડિયો મોજૂદ છે.

# સાઉથ આફ્રિકાની ટીમમાં ત્રણ સ્પિનર, પાંચ ફાસ્ટ બોલરઃ એનગિડી-નૉર્કિયા વાપસી

કેપ ટાઉનઃ ચૅમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે દક્ષિણ આફ્રિકાની ટીમની જાહેરાત કરવામાં આવી હતી. આ ટીમ ટેમ્બા બવુમાની કૅપ્ટનશિપમાં રમશે. ઇજાઓમાંથી સ્વસ્થ થયેલો ઝડપી બોલર લુંગી એનગિડી અને એનરિક નૉર્કિયાની ટીમમાં વાપસી થઈ છે. ટીમમાં ત્રણ સ્પિનર અને પાંચ ફાસ્ટ બોલર છે. બવુમાની કૅપ્ટનશિપમાં દક્ષિણ આફ્રિકાની ટેસ્ટ ટીમે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. દક્ષિણ આફ્રિકાને ઑસ્ટ્રેલિયા, ઈંગ્લૅન્ડ અને અફઘાનિસ્તાન સાથે ગ્રુપ-બીમાં રાખવામાં આવ્યું છે.

ગયા મહિને નૉર્કિયાને પગમાં ઈજા થઈ હતી. આ કારણે તેને પાકિસ્તાન સામેની વન-ડે સીરિઝમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. એનગિડી ગયા વર્ષે નવેમ્બરથી ગ્રોઇન સ્ટ્રેઇનના કારણે રમી રહ્યો નથી. એનગિડી શ્રીલંકા અને પાકિસ્તાન સામેની વન-ડે સીરિઝમાં રમી શક્યો ન હતો.

દક્ષિણ આફ્રિકાની ટીમ ૨૧ ફેબ્રુઆરીએ કરાચીમાં અફઘાનિસ્તાન સામેની મૅચથી પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ પછી ટીમ ૨૫ ફેબ્રુઆરીએ રાવલપિંડીમાં ઑસ્ટ્રેલિયાનો સામનો કરશે. ફાસ્ટ બોલર ગેરાલ્ડ કોટ્ઝીને ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. તે ઇજાથી પીડાઈ રહ્યો છે. આ ઉપરાંત ઇજાગ્રસ્ત ફાસ્ટ બોલર નાન્દ્રે બર્ગરને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. ક્રિકેટ બોર્ડે ટીમમાં શક્ય તેટલા ઓલરાઉન્ડરોનો સમાવેશ કરવાનો પ્રયાસ કર્યો. ટીમમાં કેશવ મહારાજ અને તબરેઝ શમ્સીના રૂપમાં બે મુખ્ય સ્પિનરો છે જ્યારે એડેન માર્કરમ આ બંને સ્પિનરોને મદદ કરશે. ઝડપી બોલિંગની જવાબદારી યાનસેન, એનગિડી, નોર્ત્જે, રબાડા અને મુલ્ડરના હાથમાં રહેશે.

દક્ષિણ આફ્રિકાની ટીમ ટેમ્બા બવુમા (કૅપ્ટન), ટોની ડી જોર્ઝી, માર્કો યાનસેન, હેનરિક ક્લાસેન, કેશવ મહારાજ, એડન માર્કરમ, ડેવિડ મિલર, વિઆન મુલ્ડર, લુંગી એનગિડી, એનરિક નોર્ત્જે, કગીસો રબાડા, રેયાન રિકેલ્ટન, તબરેઝ શમ્સી, ટ્રિસ્ટન સ્ટબ્સ, રુસી વાન ડેર ડુસેન.

# પાકિસ્તાનના ફાસ્ટ બોલર ઇહસાનુલ્લાહે ૨૪ કલાકમાં નિવૃત્તિ પાછી ખેંચી લીધી!

કરાચીઃ પાકિસ્તાનમાં ઇમરાન ખાનના સમયથી બનતું આવ્યું છે અને એમાં શાહિદ આફ્રિદી સહિતના કેટલાક નામાંકિત ક્રિકેટરોના નામ પણ છે જેમણે રિટાયરમેન્ટ જાહેર કર્યા પછી કોઈને કોઈ કારણસર પાછું ખેંચી લીધું હોય અને હવે એમાં બાવીસ વર્ષના ફાસ્ટ બોલર ઇહસાનુલ્લાહનો ઉમેરો થયો છે.

રાઇટ-હૅન્ડ ફાસ્ટ બોલર ઇહસાનુલ્લાહ પાકિસ્તાન વતી એક વન-ડે તથા ચાર ટી-૨૦ રમ્યો છે જેમાં તેણે કુલ છ વિકેટ લીધી છે. મંગળવારે તેણે જાહેર કર્યું હતું કે તે તમામ પ્રકારની ફ્રૅન્ચાઇઝી ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ રહ્યો છે. જોકે ૨૪ કલાકની અંદર તેણે આ રિટાયરમેન્ટ પાછું ખેંચી લેતાં કહ્યું કે 'મેં ભાવુક હાલતમાં નિવૃત્તિનો નિર્ણય લઈ લીધો હતો.'

તેણે પાકિસ્તાનની એક ટીવી ચૅનલને કહ્યું, 'હું નિવૃત્તિનો મારો નિર્ણય પાછો ખેંચું છું. મને પાકિસ્તાન સુપર લીગ માટે એકેય ફ્રૅન્ચાઇઝીએ ન ખરીદ્યો એટલે મેં રિટાયરમેન્ટ જાહેર કરી લીધું હતું, પણ ઘણા લોકોની ટિપ્પણી પરથી મારામાં ફરી રમવાનો જોશ આવ્યો છે. હું ખૂબ મહેનત કરીશ. પાકિસ્તાન લીગને હજી ચાર મહિના બાકી છે. મને ખાતરી છે કે જેમણે મને નથી ખરીદ્યો તેઓ મને ભવિષ્યમાં ખરીદશે જ.' ઇહસાનુલ્લાહ પાકિસ્તાન લીગમાં અગાઉ મુલતાન સુલતાન્સ નામની ટીમ વતી રમી ચૂક્યો છે.

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# કિસમેં કિતના હૈ દમ!

**સિનેમાશોખીનો માટે આ વર્ષ મનોરંજનના રસથાળ જેવું રહેશે. બોલિવૂડ ઉપરાંત ટોલિવૂડ અને હોલિવૂડના જોરદાર વિકલ્પો માણવા મળશે.**




ક્રિકેટ અને ફિલ્મ ભારતીય પ્રજા માટે એન્ટરટેઈન્મેન્ટના ફેવરિટ વિકલ્પો વર્ષોથી રહ્યા છે. સ્ટેડિયમનો દરેક પ્રેક્ષક અને થિયેટરનો દરેક દર્શક (મોટા ભાગનો) કેવળ અને કેવળ મનોરંજન મેળવવા માટે આવતો હોય છે. ક્રિકેટમાં ટ્રાય સિરીઝ કૉન્ટેસ્ટ - ત્રિપાંખિયા મુકાબલામાં યજમાન ટીમ ઉપરાંત બે મહેમાન ટીમ સુધ્ધાં હોય છે. આ ટ્રાયંગલ મુકાબલામાં ત્રણ ટીમ હોવાથી મનોરંજનનું ક્ષેત્રફળ મોટું બને છે.

બીજી તરફ, છેલ્લાં કેટલાંક વર્ષોથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હિન્દીમાં ડબ થયેલી ફિલ્મોનું પ્રમાણ વધી રહ્યું હોવાથી ચિત્રપટ જોતા સિનેમા શોખીનો માટે હિન્દી ફિલ્મ ઉપરાંત સાઉથની (તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ) અને હોલિવૂડની ફિલ્મો જોવાના અનેક વિકલ્પો ઉપલબ્ધ રહે છે. સાઉથની કે અંગ્રેજી ભાષાનો એક શબ્દ પણ ન સમજાતો હોવા છતાં આ ફિલ્મો હિન્દીમાં ડબ કરવામાં આવી હોવાથી રસિકો એને એન્જોય કરી શકે છે.

૨૦૨૪નાં ઉદાહરણ જોઈએ. આધારભૂત બૉક્સ ઑફિસ આંકડાકીય માહિતી અનુસાર ૨૦૨૪માં બૉક્સ ઑફિસ પર સફળ થયેલી ટોપ ટેન ફિલ્મમાં હિન્દીમાં બનેલી ફિલ્મોની સંખ્યા છે ચાર ('સ્ત્રી-૨', 'ભુલભુલૈયા-૩', 'સિંઘમ અગેન' અને 'ફાઈટર'). અન્ય છ ફિલ્મ તમિલ-તેલુગુમાં બની છે અને ડબ કરવામાં આવી છે. દરેકનો વકરો ૩૦૦ કરોડથી વધારે છે. હિન્દીમાં ડબ કરવામાં આવેલી હોલિવૂડની ફિલ્મો પણ સફળ રહી છે. જોકે, હિન્દી અને હિન્દીમાં ડબ થયેલી સાઉથની ફિલ્મોની સરખામણીએ એનું કલેક્શન વામણું લાગે એવું છે. એક વાત ધ્યાનમાં લેવી જોઈએ કે આ વિદેશી ફિલ્મો દેશી ફિલ્મોની કમાણીમાં ભાગ પડાવી જાય છે. હિન્દીમાં ડબ થયેલી સફળ હોલિવૂડ ફિલ્મોમાં Mufasa: The Lion King, Deadpool and Wolverine, Godzilla x Cong: The New Empire મોખરે છે અને પ્રત્યેકનો વકરો ૧૦૦ કરોડથી વધારે છે.

આ નવા વર્ષ -૨૦૨૫માં ત્રિપાંખિયો જંગ વધુ તીવ્ર - વધુ રસાકસીપૂર્ણ બની રહેવાનાં એંધાણ છે. ૨૦૨૪માં ત્રણ ફિલ્મમાં સારી સફળતા મેળવનાર નિર્માતા દિનેશ વિજનનું તો માનવું છે કે 'હિન્દી સિનેમા બહુ જલદી શીખી લેતી ઈન્ડસ્ટ્રી છે અને નવું વર્ષ હિન્દી ફિલ્મમેકરો માટે જબરદસ્ત રહેવાનું છે.'

'તમારાં મોંમાં ઘી સાકર, દિનેશભાઈ!' એવું ઈન્ડસ્ટ્રીએ સાગમટે એમને કહ્યું હશે.

દિનેશ વિજનના વિઝન (દૂરદર્શિતા) એવા ભવિષ્ય કથનમાં વિશ્વાસ રાખી શકાય, કારણ કે ૨૦૨૪માં એમની ત્રણ ફિલ્મ (સ્ત્રી-૨, મુંજ્યા અને તેરી બાતોં મેં ઐસા ઉલઝા જીયા) બૉક્સ ઑફિસ પર સફળ રહી હતી. પોતાના કથનના સંદર્ભમાં આ નિર્માતા આગળ જણાવે છે કે 'આ વર્ષે યશરાજ પ્રોડક્શન્સ, ધર્મા પ્રોડક્શન્સ અને ટી સિરીઝ સહિતની કેટલીક રોમાંચક ફિલ્મ રિલીઝ થવાની છે.'

૨૦૨૫ની મહત્ત્વની હિન્દી ફિલ્મો છે 'સ્કાય ફોર્સ' (અક્ષય કુમાર), 'લાહોર ૧૯૪૭' (સની દેઓલ - રાજકુમાર સંતોષી), 'ઇમરજન્સી' (કંગના રનૌટ), 'છાવા' (વિકી કૌશલ), 'સિકંદર' (સલમાન ખાન), 'જોલી એલએલબી-૩' (અક્ષય કુમાર), 'રેડ-૨' (અજય દેવગન), 'હાઉસફૂલ-૫' (ફ્રેન્ચાઈઝી), 'વોર-૨' (રિતિક રોશન), 'બાગી-૪' (ટાઈગર શ્રોફ), 'દે દે પ્યાર દે ૨' (ટી સિરીઝ), 'આલ્ફા' (યશરાજ) વત્તા ધર્મા પ્રોડક્શન્સની ફિલ્મ વગેરે.

અહીં વિષય અને મેકરમાં વૈવિધ્ય છે. કોને કેવો અને કેટલો આવકાર મળે છે એ અને નિર્માતા દિનેશ વિજયનની વાણી સાચી ઠરે છે કે નહીં એ તો પ્રેક્ષક માઈબાપ નક્કી કરશે.

હિન્દી ફિલ્મોને ટક્કર આપવા સાઉથની હિન્દીમાં ડબ થઈ આ વર્ષે રિલીઝ થનારી ફિલ્મો ધ્યાન ખેંચે એવી છે. જોકે, દરેકને 'પુષ્પા-૨' જેવી સફળતા મળે એ જરૂરી નથી. સાચું પૂછો તો સાઉથમાં પણ અણઘડ ફિલ્મો બને છે અને સુપરફ્લોપ જાય છે. કઈ ફિલ્મના નસીબમાં કેટલી કમાણી લખી છે એનો અંદાજ નિર્માતા કે પછી દિગ્દર્શકને પણ નથી હોતો. હિન્દી ફિલ્મ જોતા દર્શકોને આકર્ષવા આવી રહેલી હિન્દીમાં ડબ થનારી પહેલી ફિલ્મ છે રામ ચરણ અભિનીત 'ગેમ ચેન્જર'. આ ફિલ્મમાં 'આરઆરઆર'નો હીરો આઈએએસ ઑફિસરના રોલમાં છે અને હીરોઈન છે કિયારા અડવાણી. બીજી છે સત્યઘટના પર આધારિત નાગા ચૈતન્ય અને સાઈ પલ્લવીની 'ઠંડેલ'. ત્રીજી છે મણિરત્નમ - કમલ હસનની 'ઠગ લાઈફ.' ૩૮ વર્ષ પછી મોટું નામ ધરાવતા ડિરેક્ટર - એક્ટર સાથે થયા હોવાથી કુતૂહલનો પાયો તો નખાઈ જ ગયો છે.

આ ઉપરાંત , છે રજનીકાંતની 'કુલી'. જોકે, એમની અમિતજી સાથેની છેલ્લી ફિલ્મ (વેટ્ટૈયન) ફ્લોપ થઈ હતી. 'કેજીએફ ચેપ્ટર ૧-૨'ના હીરો યશની 'ટોક્સિકઃ આ ફેઇરી ટેલ ફોર ગ્રોન અપ્સ' વિશે પણ ઉત્સુકતા રહેવાની. કુતૂહલ જન્માવી શકે એવી અન્ય ફિલ્મ છે 'કાંતારાઃ ચેપ્ટર-૧'. રિષભ શેટ્ટીની 'કાંતારા'ની પ્રિક્વલ માટે પણ દર્શકોમાં આતુરતા હોવાની સંભાવના નકારી ન શકાય.

હવે હોલિવૂડ પર નજર નાખીએ.આ વર્ષે રિલીઝ થનારી હોલિવૂડ ફિલ્મોની યાદી પર નજર નાખવા જેવી છે. Avatar: Fire and Ash, Mission: Impossible - The Final Reckoning, Captain America: Brave New World, Karate Kid: Legends, Jurassic World Rebirth, Superman, The Fantastic Four: First Steps and The Conjuring: Last Rites

આ ફિલ્મોનાં નામ પરથી ખ્યાલ આવે છે કે મોટાં માથાં (સ્ટીવન સ્પીલબર્ગ, જેમ્સ કેમરુન, ટોમ ક્રુઝ વગેરે) સંકળાયેલા છે અને મુવીમાં સિક્વલ અથવા સ્પિન - ઑફની ભરમાર છે.

હિન્દી ફિલ્મના અભ્યાસુની દલીલ ધ્યાનમાં લેવા જેવી અને સમજવા જેવી છે. લેખકનું કહેવું છે કે 'ભારતની પ્રાંતીય ભાષાઓમાં ફિલ્મ ડબ કરવાનું મહત્ત્વ હોલિવૂડના સ્ટુડિયો સમજી ગયા છે. આ ડબ કરેલી ફિલ્મોથી સ્ટુડિયોને આવક તો થાય જ છે, સાથે સાથે ભારતમાં હોલિવૂડની ફિલ્મોના દર્શકોનો વિસ્તાર પણ થાય છે. અંતે એમાં હિત તો વિદેશી ફિલ્મોનું જ જળવાય છે.'

૨૦૨૪ના ડિસેમ્બરમાં રિલીઝ થયેલી 'મુફસાઃ ધ લાયન કિંગ' એનું તાજું ઉદાહરણ છે. ૫ ડિસેમ્બર સુધીમાં આ ફિલ્મ ભારતમાં ૧૩૧ કરોડનું કલેક્શન મેળવી શકી હતી, જેમાં હિન્દીમાં ડબ થયેલા વર્ઝનને ફાળે ૪૪ કરોડ આવ્યા હતા જ્યારે મૂળ અંગ્રેજી ફિલ્મનો વકરો હતો ૪૨ કરોડ રૂપિયા! ■

---

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

# નવા વરસે નવા સંકલ્પો નહીં જૂના અફસોસનું 'તાજું' લિસ્ટ!

નવું વરસ આવે ને નવા સંકલ્પો સૂઝે, પણ એ સંકલ્પો કે એ ઇચ્છાઓનું શું જે ગયા વરસના કે અને પહેલાનાં વરસમાં બાકી રહી ગયા છે?

એક કલાકાર તરીકે મને થાય છે કે નવા સંકલ્પને બદલે જૂના અફસોસનું લિસ્ટ બનાવવું જોઇએ!

-તો કયા કલાકારને ન મળી શકયાનો અફસોસ રહી ગયો છે?

જવાબમાં, એક નહીં ઘણાં ચહેરા સામે આવે છે. અનેક મહારથી કલાકારોનાં મનમાં ડૂબકી મારવાનું મન થાય. મહાન ગીતકાર શૈલેન્દ્રને ન મળ્યાનો અફસોસ છે કે જેણે 'સજન રે જૂઠ મત બોલો ,ખુદા કે પાસ જાના હૈ' થી લઇને 'અજીબ દાસ્તા હૈ યે, કહાં શુરુ કહા' ખતમ જેવા અદ્ભુત ગીતો લખ્યાં. અને શા માટે 'તીસરી કસમ' જેવી ફિલ્મ બનાવીને કરજાનાં બોજ નીચે હતાશ થઇને શા માટે માત્ર ૪૩ વરસે હિમ્મત હારીને ગુજરી ગયા?


કિશોર કુમાર

મને બીજો મોટો અફસોસ છે કે આપણા ગુજરાતના ગૌરવસમા અદ્ભુત અદાકાર હરિહર જરીવાલા

ઉર્ફ સંજીવકુમારને ના મળી શકાયું કે જેમણે દરેક રંગમાં પોતાની પર્સનાલીટી ઢાળી દીધેલી. રમેશ સિપ્પી,

સુભાષ ઘાઇથી લઇને સત્યજિત રે સુધીના ફિલ્મમેકરોના એ ફેવરિટ અભિનેતા આજે હોત તો કેવા રોલ કરત? એમને હું પૂછત કે તમને આજના હીરોની જેમ સિક્સ-પેકવાળી બોડી બનાવવાનું મન ના થયું?


ચાર્લી ચેપ્લિન

સંજીવભાઈએ અભિનયની શરૂઆત ગુજરાતી-હિંદી નાટકોથી કરેલી તો પછી એમને ફરી નાટકોમાં

કામ કરવાનું મન ના થયું?

મને અફસોસ છે કે નાનપણમાં હું કિશોરકુમારને એકવાર લાઇવ શોમાં અલપઝલપ જોઇ શકેલો, પણ

નિરાંતે મળી ના શકયો ... મારે એમને પૂછવા'તા સવાલો સંગીત વિશે અને એમની કોમેડીની વ્યાખ્યા વિશે, એમના પાગલપનની કક્ષાના બિંદાસ અભિનય વિશે, એમની કોમેડીની ફોર્મ્યુલા વિશે...


ઈરફાન ખાન

એ જ રીતે, અફસોસ એ પણ રહી ગયો કે ક્યારેય રાજ કપૂર જેવા અચ્છા કલાકાર ને સમર્થ નિર્દેશકને મળી ના શકાયું. 'મેરા નામ જોકર' જેવી ફિલ્મ ફ્લોપ થયા પછી અમેના મનમાં શું વિત્યું હતું અને ત્યારે એમની માનસિક હાલત કેવી હતી? એ જાણવું હતું.. આટઆટલી ફિલ્મોમાં આટલા સુંદર ગીતો કઇ રીતે રચી શક્યા એ પણ પૂછવું હતું..


સંજીવ કુમાર

એજ રીતે આજેય બાંદ્રાનાં દરિયા કિનારે 'ઓટર્સ કલબ' સામે એક ભવ્ય બંગલા પાસેથી ગુજરું છું ત્યારેસુજાતા, બંદિની, મધુમતી જેવી યાદગાર ફિલ્મોના બેનમૂન નિર્દેશક બિમલ રોય અચૂક યાદ આવે છે. ત્યાં હવે ઊંચું મોટું મકાન છે, પણ બિમલ રોયની ઉંચાઇને આંબી શકે એવો નિર્દેશક નથી થયો.એમને મળીને જાણવું હતું કે એ જમાનામાં છૂતઅછૂત જેવી વાર્તા પર 'સુજાતા' જેવી ફિલ્મ પછી મામૂલી કિસાનની કરુણ કથા પર 'દો બીઘા ઝમીન' જેવી ફિલ્મ કેવી રીતે બનાવી હશે અને સફળ પણ કરી બતાવી હશે?

હજી હમણાં જ ગુજરી ગયેલા સ્ટાર યાર કલાકાર ઇરફાનને તો ઘણીવાર મળાયું હતું , પણ તોયે ઘણી વાર વાતો કરવાની બાકી જ રહી ગઇ, કંઇ કેટલાયે સવાલ પૂછવાનાં રહી ગયા, કારણ કે આપણાં સમકાલીન મિત્ર આમ અચાનક ગુજરી જશે એવી તો કલ્પના જ ક્યાંથી હોય? ઇરફાનમિયાંને પૂછવું હતું કે કેમેરા પર એની તીર જેવી વેધક આંખોના ઉપયોગ વિશે, એની અજીબ પણ ઇંટરેસ્ટિંગ ડાયલોગ ડિલિવરી વિશે ખેર, કલાકાર ચાલ્યા જાય છે અને પાછળ યાદો મૂકતા જાય છે..

જો કે તેમ છતાં પણ જગતભરનાં કલાકારોમાંથી કોઇ એક વ્યક્તિનું નામ લેવાનું હોય તો, કોને ના મળ્યાનો અફસોસ રહી ગયો છે મને?

- તો એ છે ચાર્લી ચેપ્લિન !

ચાર્લી જેવા અદ્ભુત કલાકાર,અદ્ભુત નિર્દેશક જેણે આખી સદી આખી દુનિયાનાં દિલો દિમાગ પર રાજ કર્યું. એ સત્તાની કે તલવારની ધારથી નહીં, પણ તેવરની ધારથી. અત્યાચારથી નહીં, પણ અદાઓથી ચાર્લી વિશ્વવિજેતા હતો.કોઇ પણ દેશની સત્તામાં મોટી ખુરશી પર નહોતો બેઠો, પણ ઓડિયન્સમાં જે ખુરશી પર બેઠેલા એ પ્રેક્ષકોને એણે ખુશ કર્યા.જનતા માઇ-બાપને રાજા બનાવીને જ જીત્યો. એક પણ સંવાદ વિના માત્ર હાવભાવથી એણે દરેક ભાષા-ધર્મ-દેશનાં લોકો સુધી પહોંચ્યો. ચાર્લીને કોઇ સરહદ કે સત્તા રોકી ના શકી. એ પોતે જ એક 'ભાષા' હતો!

ચાર્લીને મળ્યો હોત તો એને પૂછત કોમેડીની ફોર્મ્યૂલા..એણે કહેલું કે કોમેડી ઇઝ ટ્રેજેડી ઇન લોંગ શોટ! વાહ ...! આ વાક્યના બે અર્થ છે.એક કે કોઇકની કરૂણતા તમે દૂર થી જૂઓ તો હસવું આવે.કોઇ કેળાંની છાલ પર લપસી પડે તો દૂરથી જોઇને આપણને હસવું આવે પણ પડનાર માણસ માટે તો એ ટ્રેજેડી છે!હવે બીજી રીતે જોઇએ, ફિલ્મની ટેકનિકની ભાષામાં અર્થ કરીએ તો એમ કે લોંગશોટમાં -બહુ દૂરથી જો કોમેડીનું શૂટિંગ કરવામાં આવે તો એ ટ્રેજેડી બની જાય, કારણ કે કલાકારના હાવભાવ જોવા ના મળે! આવા તો કંઇક અર્થો પૂછવા હતાં.ચાર્લીને સતત આટલાં વર્ષો સુધી જોક્સ-રમૂજ કેવી રીતે સૂઝતી હતી?કઇ રીતે એ સતત પડી-આખડી-ઊંધો પડીને- ઘવાઇને, છૂંદાઇને પણ એ સ્વસ્થ ચેહેરે કોમેડી કઇ રીતે કરી શકતો? ચાર્લી ચેપ્લિનની ફિલ્મોમાં કોમેડી સાથે ઇમોશન્સ પણ દેખાતાં...તો હું પૂછત કે ચાર્લીને ક્યાંથી અને કઇરીતે આ વિચારો આવ્યાં હશે જે સૌને સમજાઇ જતાં?સૌને એની મૂર્ખામી,નખરાં એકસાથે કઇ રીતે ગમી જતા? મારે ચાર્લીને પૂછવું હતુ કે માત્ર લાકડી, મૂછ દ્વારા કેવી રીતે એણે પોતાની ઇમેજ ઊભી કરી? કદાચ આ જગતમાં ગાંધીજી અને ચાર્લી-આ બે જ ફિગર એવા છે જેને કોઇ પણ આસાનીથી બે-ચાર લસરકા દ્વારા ચીતરી શકે! તો આવી ટ્રેમ્પ કે રખડુની ઇમેજ એને કયાંથી સૂઝી?

આમ તો ચાર્લી ચેપ્લિનની આત્મકથામાંથી આ બધાના છૂટા છવાયા જવાબો મળે છે પણ તોયે ચાર્લીના મોઢે સાંભળવાની મજા ઓર જ હોત! રમૂજના રંગ અને આંસુઓની અદા એટલે શું એ હું ચાર્લીને પૂછત... બાળપણની કારમી ગરીબી, પાગલ કલાકાર માતા, ૬ વરસે સ્ટેજ પર માતાને ખાંસી આવી ત્યારે ચાર્લી પોતે જઇને કોમેડી કરીને લોકોને રીઝવી શક્યો..પછી જગતભરમાં લોકલાડીલો બન્યો અને તોયે અનેકવાર પ્રેમમાં નિષ્ફળ ગયો શું હશે એ જિનિયસ કલાકારના મનમાં ? કહેવાય છે જ્યાં લોકોએ જિસસ ક્રાઇસ્ટનું નામ પણ સાંભળ્યું નહોતું ત્યાં પણ લોકો ચાર્લીને ઓળખતા! આવી અમાપ સિદ્ધિની ફોર્મ્યુલા શું હશે? કે પછી ચાર્લીને પોતાને ય ખબર નહીં હોય? ■


---

# સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# સમયને સમજવો એ સમજદારી સમય પર સમજવું એ જવાબદારી ...

આજે રંગભૂમિની હાલત હરખાવા જેવી નથી. સંસ્થાઓ તો મદદરૂપ થઈ રહી છે.ખબર નહીં, પ્રેક્ષકો કેમ થોડા વિમુખ થઇ ગયા છે ! ૮૦'ના દાયકામાં તો 'આડા વાર' માં પણ નાટકો ચાલતાં.આજે રવિવારે નાટક ચલાવતા નિર્માતાઓ હાંફી જતા હોય છે. આમાં અપવાદ પણ છે. મેં એક આડા વારનું નાટક 'ઔર ચાબી ખો જાય' ૧૯૭૪માં કરેલું. એનું દિગ્દર્શન વિજય દત્તે કરેલું.નિર્માણ જયેશ દેસાઈનું હતું. નાટ્યજગતને જણાવવાનું કે આ કલાકાર જયેશ દેસાઈનું થોડા વખત પહેલા યુ.એસ.માં અવસાન થયું. એમના પત્ની સરોજ દેસાઈ પણ લોકપ્રિય સંસ્થા આઈ.એન.ટી.સાથે સંકળાયેલાં હતાં. 'ઔર ચાબી ખો જાય' નાં દિગ્દર્શક વિજય દત્તની પુણ્યતિથિ ૧૦ જાન્યુઆરીના દિવસે હતી. એમને નતમસ્તક નમન.




જયેશ દેસાઈ પણ અજિત વાચ્છાનીની નજીક. ચંદ્રકાંત ઠક્કર દિગ્દર્શિત નાટક 'લોહીનો રંગ કાળો' થી અજિતના અભિનય પર ઓવારી ગયેલા. અજિતથી ખાસ્સા સિનિયર હતા જયેશ દેસાઈ. એમના અભિનયમાં રાજ કપૂરની છાંટ વર્તાતી. અજિતને લાંબે ગાળે તખ્તે લાવવાની મેં રજુ કરવાનું બીડું ઝડપ્યું તો ખરું પણ ત્રણ-ત્રણ સિરિયલ ઓન-એર હોય ત્યાં સંઘ કેમ કાશીએ પહોંચશે એની ફિકર હતી. એમાં પાછું રાજેન્દ્રએ રોલ લાંબો લખેલો, જે અજિત માટે તો રહસ્ય જ હતું. જ્યારે એને ખબર પડશે ત્યારે હથિયાર હેઠા તો નહીં મૂકી દે ને? દોસ્ત હતો એટલે પરિસ્થિતિને સાચવી લેવાશે એવો મને મિત્રતા ઉપર ભરોસો તો હતો, છતાં ખટકો રહેતો. તમે કેટલું સાચવી લો છો એ સમજદારી નથી, તમે કેટલું બગડવા નથી દેતા એ સમજદારી છે, જે જરૂર પડે મારે દેખાડવાની હતી. એક વાત મેં અનુભવી 'મારું કાલનું નક્કી નહીં, મોડો તો મોડો પણ પહોંચવાનો પ્રયત્ન તો કરીશ' એવું અજિત કહે. અમે રિહર્સલ માટે પાંચ વાગે મળીએ તો અજિત ૪ વાગ્યાનો આવીને બેઠો હોય. પૂછીએ તો કહેઃ 'સ્ટુડિયોમાં કામ વહેલું પતી ગયું.' ધીમે ધીમે અજિતને રોલના લંબાણનો ખ્યાલ આવી ગયો.મારી સાથે ચર્ચા પણ થઈ. મેં મારી મજબૂરી કહી : 'તને અંધારામાં કદાચ મિત્રભાવે રાખ્યો. માત્ર તારા નામનો ઉપયોગ કરી પ્રેક્ષકોને અંધારામાં રાખવા માટે મારું મન ન માન્યું...' મેં આ વાત મારી ગરજને કારણે નરમાશથી કરી.

નમ્રતા એવી માસ્ટર-કી છે જે કોઈ પણ દ્વારનું તાળું ખોલી શકે છે. મારી વાત અજિતના ગળે ઊતરી ગઈ

તારકનાથ ગાંધી વચ્ચે વચ્ચે રિહર્સલમાં આવતાં રહેતા. એમણે મને ઓલ્ફ્રેડ હિચકોકની એક બુક લાવવા કહ્યું. એ સમયે એ બુક ૬૫૦/- રૂ.ની આવેલી. ગાંધી જા.ખ.ના લે-આઉટ માટે એનો ઉપયોગ કરવાના હતા. અજિતને તખ્તા પર પડેલ લાંબા ગેપને કારણે ડાયલોગ્સ મોઢે કરવામાં પડતી તકલીફ દેખાતી હતી. મને કહે : 'કેમેરા સામે તો મોઢે કરીને બોલી નાખું. ભૂલ થાય તો રિ-ટેક થાય. અહીં તો બધું મોઢે કરવું જ પડે, સાલા, તે રોલ વધારી દીધો એમાં મારી ઉપાધિ વધી ગઈ.' પછી હસતો. હું જાણતો હતો કે મેં શું કરેલું. આમ તો સમય સચવાય જાય, નાટક રજૂ થઈ જાય પછી અજિતે માત્ર શો સાચવવાના હતા. સમયને સમજવો એ સમજદારી છે પણ સમય પર સમજવું એ જવાબદારી. અને નવા નિર્માતા પર આધાર ન રાખતાં હું એ જવાબદારી સંભાળવાની કોશિશ કરતો રહેતો.

હવે નાટકની રજૂઆતનો સમય નજીક આવતો હતો. હું અજિતને ખાસ કહેતો કે ' દોસ્ત, હવે જરા સંભાળજે' . જો કે એ પણ લાચાર હતો. મને પૂરી બાહેંધરી આપેલી અને શક્ય હોય ત્યાં સુધી એ પાળતો પણ ખરો. કદાચ દોસ્તીને કારણે એને અહંકાર અડ્યો જ નહોતો. 'જે શર્ટનાં કોલર ઊંચા થઈ જાય એ ખીંટી પરથી પડી જ જાય...' એ વાત કદાચ અજિત જાણતો હશે. ગાંધી સરસ જા.ખ. નો લે-આઉટ લઈ આવ્યા. નાટકની રજૂઆત માટે તેજપાલ થિયેટર શુકનવંતુ મનાય છે. એ ન મળે તો બીજું નામ પાટકરનું આવે. તેજપાલ ન મળ્યું. સામ કેરાવાલાએ પાટકરનો બપોરનો સમય ફાળવ્યો. અજિત સાથે વાત કરી તેજપાલનું ભાડું ભરાવી દીધું. જી.આર. પણ શરૂ થઇ ગયા.

મને મનમાં વસવસો હતો કે સાલું, તેજપાલ મળ્યું હોત તો મજા આવી જાત.ભાઈ શેઠ (તેજપાલનાં ટ્રસ્ટી) નો ફોન આવ્યો. કોઈ શો કેન્સલ થતા નવા નાટકને કારણે મને સાંજની ઓફર કરી. આમ શો- બપોરે પાટકર અને સાંજે તેજપાલ, એમ બે શોથી શુભારંભ કરવાનું નક્કી થયું.મારી કરેલી ભાઈશેઠને વિનંતી કામ કરી ગઈ. મોટા માણસ બનવું એ સારી વાત છે, પણ સારા માણસ બનવું એ મોટી વાત છે.આ દર્શન મને ભાઈશેઠમાં થઈ ગયાં. બીજી તરફ, અજિતે મારો સમય સાચવી લીધો. મિત્રતા શું હોય એની અનુભૂતિ કરાવી દીધી. સંબંધ માપવાનાં કોઈ ત્રાજવા નથી હોતા

તમારું વર્તન જ કહી દે છે કે કોણ કેટલું કિંમતી છે. હવે રજૂ થનારા નવા નાટકનું નામ રાખ્યું : 'હરણફાળ' ■

**ડબ્બલ રિચાર્જ**

*લાઈટ ગયા પછી હું મીણબત્તી લઈને ટોયલેટ જતો હતો. કોઈ હરામખોર ફૂંક મારીને 'હેપ્પી બર્થ-ડે' કહી ગયું.*

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# ઈસ ડાયલોગ કી ગૂંજ હંમેશા સુનાઈ દેગી...!

### ફિલ્મની કઈ વાત દર્શકોના હૃદયને સ્પર્શી જાય એનાં કોઈ ગણિત નથી હોતાં. એક ડાયલોગ પણ ચિત્રપટનાં વાજાં વગાડવાનું કામ કરી શકે છે

‘પુષ્પા-૨: ‘ધ રુલ’ બૉક્સ ઑફિસ પર દે ધનાધન ચાલી રહી છે. હિન્દીમાં ડબ થયેલા વર્ઝને અધધ વકરો કરી લીધો છે. ફિલ્મને મળેલી ધોધમાર નહીં બારે મેઘ ખાંગા થયા હોય એવી સફળતા પાછળ કોઈ એક કારણ ન આપી શકાય, પણ ફિલ્મનો ‘દસ રૂપિયા હો યા દસ કરોડ, મૈં સબસે વસૂલેગા. ફિર વો ઉપરવાલા હો યા નીચેવાલા મંગલ સિંહ, મૈં સબ કો લપેટે મેં લે ડાલેગા. મૈં હૂં પુષ્પા, પુષ્પા રાજ. મૈં ઝૂકેગા નહીં સાલા!’

આ ડાયલોગનો ફિલ્મની સફળતામાં ધોધમાર ફાળો છે એ નિઃશંક બાબત છે. જેમ એક તસવીર એક હજાર શબ્દોની ગરજ સારે છે એમ એક ડાયલોગ વાર્તા કરતાં વધુ ચમત્કૃતિ દેખાડી શકવાનું કૌવત ધરાવે છે. એમાંય જ્યારે અલ્લુ અર્જુન દાઢી નીચેથી હથેળી ફેરવી ‘મૈં ઝૂકેગા નહીં, સાલા!’ બોલે છે ત્યારે ઑડિયન્સ ગજબના હર્ષોલ્લાસથી ઊછળી પડે છે. કોઈ તાળીઓ ઠોકે છે - કોઈ મુઠ્ઠી વાળીને હવામાં ઉછાળે છે તો કોઈ... વેલ, વિવિધ પ્રતિભાવ થિયેટરમાં દર્શકોના જોવા મળે છે.


દામિની


મોગેમ્બો


યશવંત

‘ઝંઝીર’ના ‘યે પોલીસ સ્ટેશન હૈ તુમ્હારા બાપ કા ઘર નહીં’ ડાયલોગ સાંભળી દર્શકોના દિલને જે ટાઢક વળી હતી કંઈક એવા જ પ્રકારની ટાઢક ‘મૈં ઝૂકેગા નહીં સાલા’ સાંભળીને દર્શકોને થતી હોવી જોઈએ એવું અનુમાન ખોટું નથી. ન વ્યક્ત થઈ શકેલા આક્રોશનો પડઘો કર્ણપ્રિય અને હૃદયપ્રિય હોય છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીને એક હજાર કરોડનું સપનું જોતું કરનારી ‘બાહુબલીઃ ૨ ધ કન્કલુઝન’ની ધૂંઆધાર સફળતા ‘બાહુબલીઃ ધ બિગિનિંગ’ના ‘કટપ્પાને બાહુબલી કો ક્યૂં મારા’ ડાયલોગને કારણે ઊભરેલી તાલાવેલીની મોટી ભરતીનો સિંહફાળો હતો એ તો ખુદ રાજામૌલી (ફિલ્મના દિગ્દર્શક) પણ સ્વીકારશે.

બોલપટના ૯૪ વર્ષના ઈતિહાસમાં ફિલ્મ કરતાં અથવા ફિલ્મ ઉપરાંત એક (જૂજ કેસમાં એકથી વધુ) ડાયલોગ દર્શકોના ચિત્તમાં ચોંટી ગયો હોય, હૈયામાં કોતરાઈ ગયો હોય કે હોઠ પર રમતો રહ્યો હોય એવાં અનેક ઉદાહરણ છે.

‘મૈં હૂં પુષ્પા, પુષ્પા રાજ. મૈં ઝૂકેગા નહીં, સાલા’ એનું તાજું ઉદારણ છે. આજે આપણે કેટલાક અવિસ્મરણીય ડાયલોગની દુનિયામાં લટાર મારીએ. યાદી તો બહુ લાંબી છે, પણ એમાંથી કેટલાકની પસંદગી કરી છે. ‘અમુક રહી ગયો ને તમુક તો હોવો જ જોઈતો હતો’ એવો વિચાર વાચકને આવી શકે છે અને એ તમારો સો ટકા હક છે, પણ થોડી વાર માટે એ વિસારે પાડી આ ડાયલોગની દુનિયાનો આનંદ ઉઠાવો....

**સાલા એક મચ્છર - યશવંત (૧૯૯૭)**

ડાયલોગઃ હૃદય લાની

છાતી ઠોકીને કહી શકાય કે ‘એક મચ્છર, એક મચ્છર સાલા આદમી કો હીજડા બના દેતા હૈ’ ડાયલોગ તમને જરૂર યાદ હશે, નાના પાટેકર પણ તમારા સ્મરણમાં હશે, પણ આ ડાયલોગ ફિલ્મ ‘યશવંત’નો છે એ મોટા ભાગના લોકો કાં તો ભૂલી ગયા હશે અથવા ખબર જ નહીં હોય. ફરી એ જ, મનુષ્યના આક્રોશનો પડઘો. આ ડાયલોગ ‘ઓલ ટાઈમ યાદગાર સંવાદની શ્રેણીમાં પલાંઠી વાળીને બેઠો છે. નાના પાટેકરે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ‘આ એક લાંબા ડાયલોગની શરૂઆતની લાઈન છે. સંવાદમાં આગળ ‘આત્મા ઔર અંદર કા ઈન્સાન મર ચૂકા હૈ’ અને આક્રોશ વ્યક્ત કરતા અન્ય પ્રભાવી સંવાદ સુધ્ધાં છે, પણ દર્શકોના દિલમાં તો મચ્છરવાળો હિસ્સો જ ચોંટી ગયો છે.’

**જા, સીમરન- ડીડીએલજે (૧૯૯૫)**

ડાયલોગઃ જાવેદ સિદ્દીકી

લગાતાર ૩૦ વર્ષ સુધી દર્શકોમાં પ્રિય રહેલી આ ફિલ્મનાં અનેક પાસાં રસિકોને પસંદ પડ્યાં હતાં. ફિલ્મના લૉકેશન્સ, શાહરૂખ-કાજોલની કેમેસ્ટ્રી, સિમ્પલ સ્ટોરીમાં પ્રેમ અને યુવાનીની મુગ્ધતા વગેરે અને હા, ફિલ્મના કેટલાક ડાયલોગ. ‘બડે બડે શહરો મેં ઐસી છોટી છોટી બાતેં હોતી રહતી હૈ, સેનોરીટા’ તેમ જ ‘સપને જરૂર દેખો, બસ ઉનકો પૂરે હોને કી શર્ત મત રખો’ જેવા યાદગાર સંવાદ પણ ફિલ્મમાં છે. જોકે, ‘જા, સિમરન, જા... જી લે અપની જિંદગી’ને સૌથી વધુ તાળીઓનો ગડગડાટ મળ્યો હતો. કડક અને કઠોર સ્વભાવના પિતાનું મુલાયમ સ્વરૂપ દર્શકોને ડોલાવી ગયું.

**તારીખ પે તારીખ - દામિની (૧૯૯૦)**

ડાયલોગઃ દિલીપ શુક્લ

સની દેઓલનું નામ પડતાં બે ડાયલોગ કોઈ પણ કડકડાટ બોલી જાય. એક છે ‘દામિની’નો ‘યે ઢાઈ કિલો કા હાથ જબ કિસી પર પડતા હૈ ના, તો આદમી ઊઠતા નહીં ઊઠ જાતા હૈ’ હીરોની તાકાત દર્શાવતો આ સંવાદ છે જોરદાર, પણ એમાં ચબરાકિયાપણું છે. શબ્દોનો ખેલ છે.

જોકે, આ જ ફિલ્મનો અન્ય એક ડાયલોગ ‘તારીખ પે તારીખ, તારીખ પે તારીખ, તારીખ પે તારીખ મિલતી રહી હૈ લેકિન ઈન્સાફ નહીં મિલા, માય લોર્ડ... મિલી હૈ તો સિર્ફ યે તારીખ.’ આ સુધ્ધાં ચબરાકિયો ડાયલોગ છે, પણ એથી વિશેષ ન્યાયતંત્ર પર કટાક્ષ છે, જેને કારણે લોકોનો એની સાથે સીધો સંબંધ રચાય છે. આજે પણ અનેક સિનેપ્રેમીઓ કડકડાટ બોલી શકે છે.

**મેરે કરણ-અર્જુન આયેંગે - કરણ અર્જુન (૧૯૯૫)**

ડાયલોગઃ અનવર ખાન

અંગ્રેજી અક્ષર ‘કે’થી શરૂ થતી ફિલ્મો બનાવવાનો આગ્રહ રાખતા રાકેશ રોશનની સુપરહિટ ફિલ્મના ‘મેરે કરણ અર્જુન આયેંગે’ સંવાદ આમ તો સાવ ફિક્કો અને ચીલાચાલુ છે, પણ ફિલ્મના સંદર્ભમાં અને એક્ટ્રેસ રાખીના અંદાજને કારણે દર્શકોના દિલમાં વસી ગયો હતો. તાજેતરમાં ફિલ્મ રિ-રિલીઝ થઈ ત્યારે પણ એનું સ્મરણ કરી રટણ કરવામાં આવ્યું હતું.

**ટેન્શન લેને કા નહીં - મુન્નાભાઈ એમબીબીએસ (૨૦૦૩)**

ડાયલોગઃ અબ્બાસ ટાયરવાલા

એકવીસમી સદીમાં ‘દિલ ચાહતા હૈ’થી ફિલ્મ મેકિંગમાં નવી તાજગી જોવા મળી. ફરહાન અખ્તર, અબ્બાસ ટાયરવાલા, રાજકુમાર હિરાણી, વિકાસ બહલ ઇત્યાદિ મેકરોની ફિલ્મના વિષયમાં, એનાં ગીત-સંગીતમાં તેમ જ એના ડાયલોગમાં ફ્રેશનેસ જોવા મળી. સંજય દત્તની આ સુપરહિટ ફિલ્મનો ડાયલોગ ‘ટેન્શન લેને કા નહીં, સિર્ફ દેને કા’ નવી પેઢીની માનસિકતાનું પ્રતિબિંબ છે. એટલે જ એ પસંદ કરવામાં આવ્યો અને હોઠ પર રમતો થઈ ગયો.

**મોગેમ્બો ખુશ હુઆ - મિ. ઈન્ડિયા (૧૯૮૭)**

ડાયલોગઃ સલીમ - જાવેદ

અમિતાભ બચ્ચને જે ફિલ્મ કરવાની ના પાડી હતી એ શેખર કપૂર દિગ્દર્શિત ફિલ્મની સિક્વલ કેવળ વાતોનાં વડાં છે, નક્કર કશું નથી થયું. અલબત્ત, જો સિક્વલ બનશે તો અમરીશ પુરીનું પાત્ર અને અમરત્વ મેળવનાર ડાયલોગની જગ્યાએ શું હશે એ કુતૂહલનો વિષય છે.

‘મોગેમ્બો ખુશ હુઆ’ની લોકપ્રિયતા આજે પણ અકબંધ છે. સાવ સિમ્પલ સંવાદ પણ અમરીશ પુરીની સંવાદ ‘ફેંકવા’ની અદાને કારણે ચાહના મળી.

**કિતને આદમી થે - શોલે (૧૯૭૫)**

ડાયલોગઃ સલીમ- જાવેદ

રમેશ સિપ્પીની ફિલ્મની વાત કરવા બેસીએ ત્યારે વીણી વીણીને વખાણ કરવા પડે એટલી બધી વાતો છે. જોકે, ફિલ્મ રિલીઝ થઈ (૧૫ ઑગસ્ટ ૧૯૭૫, શુક્રવાર) ત્યારે પહેલા ત્રણ દિવસ તો થિયેટરમાં રીતસરના કાગડા ઊડતા હતા ને ફિલ્મ ‘ફ્લોપ’ પણ જાહેર થઈ ચૂકી હતી. જોકે, સોમવારથી ફિલ્મ એવી ચાલી, એવી ચાલી કે પછી દોડતી જ રહી. ફિલ્મ માટેનો અનુરાગ આળસ મરડી જાગ્યો એ માટે જે કારણ એ સમયે આપવામાં આવ્યાં હતાં એમાંનું એક કારણ હતું ફિલ્મના ડાયલોગની બહાર પડેલી રેકોર્ડ. ફિલ્મના ઘણા સંવાદ લોકોને મોઢે થયા હતા. આ ડાયલોગમાં પણ ભાષાની કે શબ્દોની સજાવટ નથી, પણ અમજદ ખાનની ડાયલોગ ડિલિવરી અને કથા સાથે એનું સંધાન હોવાથી દર્શકોમાં પ્રિય થઈ પડ્યો હતો.

આ ઉપરાંત, બીજા ઘણા ડાયલોગ છે જેને અમરત્વ પ્રાપ્ત થયું છે. આ એવા સંવાદ છે જે ફિલ્મના સંદર્ભમાં તો મહત્ત્વ ધરાવે જ છે, કેવળ એક ડાયલોગ તરીકે પણ એનું મૂલ્ય છે. જોઈએ કેટલાંક ઉદાહરણઃ

દોસ્તી કા એક ઉસુલ હૈ મેડમ, નો સોરી, નો થેન્ક યુ - મૈંને પ્યાર કિયા (૧૯૮૯) ડાયલોગઃ સૂરજ બડજાત્યા + રિશ્તે મેં હમ તુમ્હારે બાપ લગતે હૈં, નામ હૈ શહેનશાહ - શહેનશાહ (૧૯૮૮) ડાયલોગઃ કાદરખાન + ડોન કા ઈંતઝાર તો ગ્યારહ મુલ્કોં કી પુલીસ કર રહી હૈ, લેકિન સોનિયા, એક બાત સમજ લો, ડોન કો પકડના મુશ્કીલ હી નહીં નામુમકિન હૈ - ડોન (૧૯૭૮), ડાયલોગઃ સલીમ-જાવેદ + મૈંને તુમસે કિતની બાર કહા હૈ કી મુજસે યે આંસુ નહીં દેખે જાતે. આઈ હેટ ટીયર્સ, પુષ્પા - અમરપ્રેમ (૧૯૭૨), ડાયલોગઃ રમેશ પંત + બાબુ મોશાય, જીંદગી બડી હોની ચાહિએ, લંબી નહીં - આનંદ (૧૯૭૧), ડાયલોગઃ ગુલઝાર + હાઉ ઈઝ ધ જોશ? હાઈ સર! - ઉરી (૨૦૧૯), ડાયલોગઃ આદિત્ય ધર + કૌન કમ્બખ્ત હૈ જો બર્દાશ્ત કરને કે લિયે પીતા હૈ, મૈં તો પીતા હૂં કે બસ સાંસ લે સકું - દેવદાસ (૧૯૫૫), ડાયલોગઃ રાજિન્દર સિંહ બેદી. ■

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)


આ કલાકારોએ સ્વાતંત્ર્યસેનાનીનાં કયાં પાત્રો ફિલ્મમાં ભજવ્યાં હતાં?



૧) પરેશ રાવળ
૨) સચિન ખેડેકર
૩) અજય દેવગન
૪) મમુટી
૫) સની દેઓલ
૬) આમિર ખાન
૭) નસીરુદ્દીન શાહ

### ક્વિઝ (બ)

આ કલાકારોએ બાળ કલાકાર તરીકે પ્રથમ વાર કઈ ફિલ્મમાં અભિનય કર્યો હતો?



૧) આમિર ખાન
૨) બોબી દેઓલ
૩) આલિયા ભટ્ટ
૪) આફતાબ શિવદાસાણી
૫) હંસીકા મોટવાની
૬) કુણાલ ખેમું
૭) જુગલ હંસરાજ

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

ફિલ્મનામા

નરેશ શાહ

# સાસ - બહુ અચાર પ્રાઈવેટ લિમિટેડ... સ્વાદિષ્ટ ફેમિલિયર અથાણું!

આ ‘ફિલ્મનામા’ કૉલમમાં ઉલ્લેખ પામેલી મોટા ભાગની વેબસિરીઝમાં એ મર્યાદા રહી છે કે તેને સહપરિવાર માણી શકાતી નથી, પરંતુ આ બધામાં એક પ્રોડક્શન હાઉસ એવું પણ છે કે, તેણે બનાવેલી વેબસિરીઝમાં તમને ઋષિકેશ મુખરજી, બાસુ ભટ્ટાચાર્ય, આસિત સેન અને ગુલઝારસાહેબની ફિલ્મો જેવી ખુશ્બો આવે. ટીવીએફ (ધ વાઇરલ ફિવર) દ્વારા બનાવેલી પંચાયત, યે મેરી ફૅમિલી, કોટા ફૅક્ટરી, ગુલ્લક સિરીઝ એવી છે કે તેને લોકોએ સપરિવાર માણી છે અને વ્યુઅરશીપ રેટમાં પણ ઊંચી પાયદાન પર સ્થાન પામી છે. આ જ પ્રોડક્શન હાઉસે બનાવેલી (અને ઝી ફાઇવ પર સ્ટ્રીમ થયેલી) ‘સાસ બહુ અચાર પ્રા.લિ.’ પણ નેચરલી, તેના નામમાં સ્પષ્ટ થાય છે તેમ, એક મેચ્યોર્ડ લેવલનો ફૅમિલી ડ્રામા છે.

‘મેચ્યોર્ડ’ શબ્દ અહીં સકારણ લખ્યો છે, કારણ કે સાસુ, બહુ અને અથાણાંની વાત કરતી આ વેબસિરીઝમાં સીધાસપાટ સંબંધો દર્શાવવામાં આવ્યા નથી, પરંતુ એ સંબંધોમાં એકવીસમી સદીની માનસિકતાના પડઘા પડે છે. અહીં દીપક શ્રીવાસ્તવ (સમીર સોની) અને સુમન શ્રીવાસ્તવ (અમૃતા સુભાષ) નામના બચ્ચરવાળ દંપતીની વાત છે, પરંતુ બન્ને અલગ થઈ ગયાં છે. પત્ની સુમન અભણ કહી શકાય, એ પ્રકારની છે અને મોટા ભાગે આવી સ્ત્રી રસોઈકામમાં નિપુણ હોય છે. સુમન અથાણાં બનાવવામાં એક્સપર્ટ છે. એક દીકરી અને એક પુત્ર પછી પત્ની સુમનથી અલગ થઈ ગયેલો દીપક મનિષા (અંજના સુખાની)ને પોતાના ઘરે લઈ આવ્યો છે, જેને ખરા દિલથી પરિવારમાં કોઈ માન-સન્માન આપતું નથી. ખુદ દીપકની માતા (સાસુ-યામિની દાસ) પણ પ્રથમ વહુ એટલે કે સુમન માટે સોફ્ટ કૉર્નર ધરાવે છે અને બેધડક અલગ રહેતી સુમનને મળવા, સપોર્ટ કરવા જતી-આવતી રહે છે.







હાઉસવાઇફમાંથી ઘરભંગ થયેલી સુમન પગભર થઈને પોતાનાં બન્ને સંતાનોને, પોતાની પાસે લાવવા માગે છે અને એટલે હોમમેઇડ અથાણાંમાંથી કમાણી કરવા માટે સતત પ્રયત્નશીલ છે. આ દરમિયાન શ્રીવાસ્તવ ફૅમિલી સાથે, જે કાંઈ બને છે, એ ‘સાસ બહુ અચાર પ્રા.લિ.’ની કથા છે.

અપૂર્વસિંહ કર્કીએ ડિરેક્ટ કરેલી છ એપિસોડની આ વેબસિરીઝની મજા આપસી સંબંધોમાં આવેલી ઉષ્મા, ઉકળાટ, અભાવ, સ્નેહ, વિશ્વાસ અને આત્મવિશ્વાસની વાત સરસ રીતે કરે છે. અલગ રહેતી માતા સાથે લગાવ હોવા છતાં એની નબળી આર્થિક સ્થિતિને કારણે મોટી દીકરી ઘરમાં ચોરી કરે છે. પ્રથમ વહુનો અથાણાંનો બિઝનેસ ગોઠવાઈ જાય એ માટે ખુદ દાદી (સાસુ) પણ એક વખત ઘરમાંથી દાગીના ચોરીને પૈસાની વ્યવસ્થા કરી આપે છે તો પોતે જ સર્જેલા સંબંધોના આટાપાટાથી અપસેટ પતિ દીપકનો નાના પુત્ર ઉપર હાથ ઊપડી જાય છે અને એ ઘર છોડીને ચાલ્યો જાય છે તો...

બીજીતરફ, એકલી રહીને સેટલ થવા ઝઝૂમી રહેલી સુમન સાથે પણ અથાણાંના બિઝનેસમાં અનેક સારા-માઠા પ્રસંગો બનતા રહે છે અને ‘સાસ બહુ અચાર પ્રા.લિ.’ જોતાંજોતાં તમને પણ હરિવંશરાય બચ્ચનની આ પંક્તિ ચરિતાર્થ થતી દેખાય છેઃ

‘જીવન હૈ તો સંઘર્ષ હૈ, સંઘર્ષ હૈ તભી તો જીવન હૈ!’

જિંદગી ક્યારેય, કોઈની એકધારી સુરેખ હોતી નથી. તેમાં નાના-મોટા ઉતારચઢાવ આવતાં રહે છે. ઉતાર તમને અકળાવે તો ચઢાવ તમને ચાનક ચડાવે... સમીર સોની, અમૃતા સુભાષ અને અંજના સુખાની અભિનીત આ વેબસિરીઝ આ બધી વાતોની સતત ગવાહી આપતી રહે છે. દાદી સહિત બધાનો અભિનય સંયમિત અને સચોટ છે, પરંતુ નવી વહુના પાત્રાલેખનની વિશેષતા એ છે કે તમને તેના માટે ધિક્કાર નથી જાગતો અને હા, આ સિરીઝનું લેખન- છ લેખકોએ કર્યું છે અને એમની જહેમત અહીં સફળ થઈ છે. ■

ફોકસ

ડી. જે. નંદન

# ડિજિટલ લીક ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ માટે નવો માથાનો દુઃખાવો

જો તમને પૂછવામાં આવે કે ફિલ્મ ‘ઉડતા પંજાબ’, ‘બાહુબલી-૨ઃ ધ કનક્લૂઝન’, ‘મણિકર્ણિકાઃ ધ ક્વીન ઓફ ઝાંસી’, ‘કબીર સિંહ’ અને થલાઇવી. આખરે આ ફિલ્મોમાં સમાન વાત શું છે.? ૨૦૧૬થી ૨૦૨૧ વચ્ચે રિલીઝ થયેલી આ ચાર બોલિવૂડ અને એક દક્ષિણ ભારતીય ફિલ્મમાં સમાન વાત એ છે કે આ તમામ ફિલ્મો મોટા પડદા પર રીલિઝ થયા અગાઉ ડિજિટલ લીક થઇ ગઇ હતી. ડિજિટલી લીકનો અર્થ એ થાય છે કે કોઇ ફિલ્મ, વેબ સિરીઝ, ફિલ્મના ગીતો અથવા કોઇ બીજી મહત્ત્વપૂર્ણ ડિજિટલ સામગ્રીનો અધિકાર રિલીઝ અથવા રીલિઝ અગાઉ મંજૂરી વિના ઇન્ટરનેટ પર લીક થઇ જાય છે. આ સમસ્યા એટલા બોલિવૂડની જ નથી પરંતુ દેશ અને દુનિયાના તમામ ફિલ્મ ઉદ્યોગો માટે આ નવો માથાનો દુઃખાવો બની ગયો છે. કારણ કે ડિજિટલ લીકના કારણે જ્યાં ફિલ્મની કમાણી પણ સીધી અસર થાય છે. તો અનેકવાર આ લીક એટલી હદે ખતરનાક હોય છે કે પછી કોઇ ફિલ્મ, વેબ સિરીઝ અને ઓટીટી પર પણ રિલીઝ થઇ શકે છે. કારણ કે કોઇ પણ તેના અધિકાર લેવા માંગતા નથી. કારણ એ જ હોય છે લોકો તેની રિલીઝ અગાઉ તેને મફતમાં જ જોઇ ચૂક્યા હોય છે. ફિલ્મઉદ્યોગ માટે ડિજિટલ લીક કેટલું મોટું સંકટના રૂપમાં સામે આવ્યું છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ભારતીય ઉદ્યોગને તેનાથી દર વર્ષે લગભગ ૨૦ હજાર કરોડ રૂપિયાનું નુકસાન થાય છે. ફક્ત ભારતમાં જ નુકસાન પહોંચતું નથી પરંતુ દુનિયાના બીજા દેશો ખાસ કરીને ટેકનિકલ મામલે ખૂબ આગળ રહેલા દેશોમાં પણ આ ડિજિટલ સમસ્યા એક મોટો માથાનો દુઃખાવો બની ગયો છે.

**કેવી હોય છે ડિજિટલ લીકેજ?**

કોઇ ફિલ્મની એડિટિંગ, મિક્સિંગ અથવા ડબિંગ દરમિયાન મહત્ત્વપૂર્ણ ડેટા ચોરી અથવા લીક થઇ શકે છે. આ જ રીતે જ્યારે કોઇ ફિલ્મ બન્યા બાદ જજ, ક્રિટિક્સ અથવા પ્રમોશન માટે પ્રિવ્યૂના રૂપમાં બતાવવામાં આવે છે અથવા કોઇ ફિલ્મને તેના પ્રિવ્યૂની લિંક મોકલવામાં આવે છે. તો આ લીક થઇ શકે છે. અનેકવાર ફિલ્મ સ્ટૂડિયો અથવા સ્ટ્રીમિંગ અથવા સ્ટ્રીમિંગ પ્લેટફોર્મના ડેટાને હેક કરીને પણ કન્ટેન્ટ ચોરવામાં આવે છે અને અનેકવાર જ્યારે થિયેટરમાં બતાવવામાં આવનારા શરૂઆતના પ્રિન્ટ્સ ડિજિટલ ડેટાના રૂપમાં મોકલવામાં આવે તો પણ તે લીક થઇ શકે છે. ઓટીટી પર રીલિઝના તરત બાદ પણ રેકોર્ડિંગ અથવા ડેટા એક્સટ્રેક્શન મારફતે ડેટા ફાઇલો લીક થઇ જાય છે. આ રીતિ ફિલ્મો લીક થવાની અનેક રીતો છે.

**કેવી રીતે રોકી શકાય**

ડિજિટલ લીક ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ માટે તાજેતરના દિવસોમાં એક મોટી સમસ્યા બનીને ઊભરી છે. આ કારણે હવે તમામ સ્તરે માગ કરવામાં આવે છે કે કોઇ પણ સંજોગોમાં ડિજિટલ લીકને રોકવામાં આવે. સવાલ છે કે આના માટે શું ઉપાયો કરવા જોઇએ. નિષ્ણાંતોના મતે

-પ્રોડક્શન હાઉસને મજબૂત સાયબર સુરક્ષા ટેકનોલોજી અને એન્ક્રિપ્શનનો ઉપયોગ કરવો જોઇએ.

-લીક થવાના જેટલા પણ સંભવિત સ્ત્રોત છે તેના તમામ પર નજર રાખવામાં આવવી જોઇએ. જેમ કે પ્રિવ્યૂ સ્ક્રીનર્સને ટ્રેક કરવા માટે ડિજિટલ વોટરમાર્કિંગનો ઉપયોગ કરવો જોઇએ. ડિજિટલ લીકના ગુનેગારોને સજા અને આર્થિક દંડ ફટકારવો જોઇએ. આ સાથે જ

-સ્ટ્રીમિંગ પ્લેટફોર્મને કન્ટેન્ટ સુરક્ષા માટે સુરક્ષા ઉપાયો કરવા જોઇએ.

આ રીતે જોઇએ તો ડિજિટલ લીક ફક્ત બોલિવૂડ જ નહી દેશના અન્ય ફિલ્મ ઉદ્યોગ માટે ખતરનાક ગુનો બની ગયો છે. તેને જલદીમાં જલદી કાબૂમાં લેવું પડશે. નહી તો થોડા લોકોના ટેકનો આતંકના કારણે અબજો રૂપિયાની ઇન્ડસ્ટ્રીઝ બર્બાદ થઇ જશે. ■

પ્રકરણઃ ૧૫

# ચહેરા મહોરા

**મૈ તો તેરી પરીક્ષા કર રહા થા... સિર્ફ ધનવાન બનને કે લિયે જો લડકા યહાં તક આ ગયા હૈ, ઉસમેં કિતની હિંમત હૈ....!**





પ્રફુલ્લ કાનાબાર

'ઐસે કૈસે જાયેગા?'

નંદગીરી બીડીના એકસાથે બે-ત્રણ કસ મારીને ઠૂંઠું પગ નીચે દબાવીને ઊભા થયા. ઘરની અંદર ગયા. ગણતરીની ક્ષણમાં જ તે પરત આવ્યા ત્યારે તેમના હાથમાં રાઇફલ હતી. તેમણે રાઇફલ સોહમ સામે તાકી. સોહમને આખા શરીરે પરસેવો વળી ગયો. સોહમના શરીરમાંથી ભયનું એક લખલખું પસાર થઈ ગયું....

પોતાની બરોબર સામે રાઇફલ તાકીને ઊભા રહેલા નંદગીરીને જોઈને સોહમને લાગ્યું કે નક્કી અહીં આવવામાં કાંઇક કાચું કપાઈ ગયું છે....

આમ તો જેલવાસ દરમ્યાન સોહમનો હિંમતનો ગુણ ખીલ્યો હતો. સોહમે પોતાની અંદરનો ગભરાટ છુપાવીને ચહેરા પર પરાણે હાસ્ય લાવીને કહ્યું:

'મહારાજ મૈ તો કફન બાંધ કે નીકલા હું. અભી અભી એક ખૂન કી સજા કાટ કે આ રહા હું. મૈને અંકુશ કો ભી કહા થા કી અબ મૈ ખૂનખરાબા કા કામ કરના નહી ચાહતા.. મેરા લક્ષ્ય સિર્ફ ધનવાન બનના હૈ.' સોહમ એક જ શ્વાસે બોલી ગયો. તેના શબ્દોની નંદગીરી પર ધારી અસર થઈ. નંદગીરી રાઇફલ નીચે મૂકીને ખડખડાટ હસી પડયા: 'મૈ તો તેરી પરીક્ષા કર રહા થા. સિર્ફ ધનવાન બનને કે લિયે જો લડકા યહાં તક આ ગયા હૈ, ઉસમેં કિતની હિંમત હૈ ઔર હમ પર કિતના ભરોસા હૈ...' નંદગીરી ખાટલા પર બેઠા એટલે સોહમ પણ મનમાં હાશકારા સાથે સામેના ખાટલા પર બેઠો નંદગીરીની આંખમાં જોઈને સોહમે કહ્યું: 'મહારાજ, હિંમત ઔર ભરોસા ના હોતા તો યહાં તક કૈસે આતા?'

'સહી બાત હૈ.. હવે મને પણ લાગે છે કે આ પ્લાનમાં તુ જરૂર સફળ થઈશ.'

'ભોલુ.. ઈસકી આજ રાતકી વાપી કી ટિકિટ બૂક કરવા દે.' નંદગીરીએ બીજી બીડી સળગાવી. ભોલુ દોડીને અંદર ગયો. સોહમના આશ્ચર્ય વચ્ચે થોડી વારમાં જ તે અંદરથી લેપટોપ લઈને આવી પહોંચ્યો. તેણે રેલવે રીઝર્વેશનનો ચાર્ટ ઑનલાઈન જોઈને કહ્યું: 'બાપુ, આજ રાત મેં જગહ નહી હૈ. સબ ક્લાસ ફૂલ હૈ. ઠીક હૈ તો કલ સુબહ કી ટ્રેન કા કરવા દે. આજ રાત સોહમ યહીં પે રૂક જાયેગા. સોહમ પાસે તો કોઈ વિકલ્પ હતો જ નહી. જેમ નંદગીરી કહે તેમ જ કરવાનું હતું. હવે સોહમના મનનો ડર ગાયબ થઈ ગયો હતો. નંદગીરી સાથે વિશ્વાસનો સેતુ રચાઈ ચૂક્યો હતો. નંદગીરી સાથેનું ખુદનું હકારાત્મક વલણ જ મંજિલ સુધી પહોંચવામાં સાથ આપશે એ વાત સોહમ સારી રીતે સમજતો હતો. હવે સોહમની મંજિલ એક જ હતી. શક્ય હોય એટલું ધનવાન બનવાની! તે ચૂપચાપ બેઠો રહ્યો.

સોહમની બાજુમાં બેસીને ભોલુએ તેને જરૂરી વિગત પૂછીને બીજા દિવસની સવારની 'ગુજરાત એક્સપ્રેસ'માં સોહમની ટિકિટ બૂક કરાવી દીધી. સોહમ આશ્ચર્યથી ભોલુને તાકી રહ્યો. નંદગીરીએ હસતાં હસતાં કહ્યું: 'બહોત હોશિયાર લડકા હૈ.. મેરા ભોલુ.. યે બારવી ફેલ નહીં હૈ... પાસ હૈ ઔર કૉમ્પ્યુટર ભી જાનતા હૈ!'

'જા, બીજો નવો મોબાઈલ લઈ આવ!' નંદગીરીએ ભોલુની સામે જોઈને આદેશના સૂરથી કહ્યું.

ભોલુ દોડતો અંદર ગયો અને એક નવોનકોર મોબાઈલ લેતો આવ્યો. ભોલુએ મોબાઈલ સોહમને આપ્યો. સોહમ ચમક્યો.

'યહ તેરે લિયે હૈ.. રાસ્તે મેં ઈસ કી જરૂરત પડેગી.' નંદગીરી બોલ્યા.

'મહારાજ, લેકિન મૈ આપ કો યહ વાપસ કૈસે દુંગા?'

'વાપસ લેને કે લિયે નહિ દે રહા હું.. યહ તેરે લિયે હી હૈ.' નંદગીરીએ હસતાં હસતાં કહ્યું.

સોહમને સમજાઈ ગયું કે જે પ્લાનમાં તે દાખલ થઈ રહ્યો છે, તેના ભાગ રૂપે જ તેને મોબાઈલ આપવામાં આવી રહ્યો છે. સોહમને એ પણ સમજાઈ ગયું કે આ ગેમ શતરંજ જેવી છે. સામેવાળો ક્યારે કઈ ચાલ ચાલશે તે જાણવું મુશ્કેલ છે. તેનો રોલ તો શતરંજની રમતના એક પ્યાદા જેવો છે. તેને ચાલવાનું છે ખરું, પણ રમનારની મરજી મુજબ!

ભોલુ મોબાઈલના ફંકશન્સ સોહમને સમજાવવા લાગ્યો. સોહમને પણ રસ પડયો. બપોરે બે વાગે સોહમ જમવા માટે નંદગીરી અને ભોલુ સાથે મકાનની અંદર પ્રવેશ્યો. બહારથી સાવ સામાન્ય દેખાતું મકાન અંદરથી ટીવી, ફ્રીઝ અને માઇક્રોવેવ ઓવન જેવા ઇલેક્ટ્રિક ઉપકરણોની સુવિધાથી સજ્જ હતું. વળી મકાનની અંદરની સ્વચ્છતા પણ ઊડીને આંખે વળગે તેવી હતી. નંદગીરી સાથે આસન પર સોહમ જમવા બેઠો ત્યારે ભોલુ પીરસવામાં લાગી ગયો હતો. આજે કેટલા દિવસ બાદ સોહમ ઘરની રસોઈ પેટ ભરીને જમ્યો હતો. જેલનાં રોટલાં તોડી તોડીને એ સ્વાદિષ્ટ રસોઈનો સ્વાદ પણ ભૂલી ગયો હતો...

ભોજન બાદ નંદગીરીએ ઉપરનો રૂમ સોહમને આરામ કરવા માટે ખોલી આપવાની ભોલુને સૂચના આપી. નંદગીરીએ બહાર ખાટલા પર જ વડલા નીચે લંબાવ્યું. સોહમે જોયું કે આઠ પગથિયાં ઉપર બનાવેલો દસ બાય દસનો નાનકડો રૂમ અત્યંત સ્વચ્છ હતો. ઊંઘવા માટે ખાટલો અને પાણી પીવા માટે એક માટલું તથા ગ્લાસ... ખાટલા પર ચાદર વ્યવસ્થિત કરીને ઓશીકું મૂકતાં ભોલુ બોલ્યો:

'આ બાજુ માથું રાખશો તો બારીમાંથી પવન સરસ આવશે અને ઊંઘ પણ આવી જશે. સોહમને અહીં આવ્યાને ત્રણેક કલાક થયા હતા, જેમાં તેને ભોલુ સાથે એકાંત પહેલી જ વાર મળ્યું હતું. ભરાવદાર શરીરવાળો અને નિર્દોષ ચહેરાવાળો ભોલુ ખરેખર સોહામણો હતો.

'તું મહારાજનો દીકરો છે?' સોહમથી અનાયાસે જ પુછાઈ ગયું.

'હું તો તેમના દીકરાથી પણ વિશેષ છું.'

'મતલબ?' સોહમે પ્રશ્નાર્થ કર્યો.

ભોલુએ બારીમાંથી નીચે નજર કરી. નંદગીરી ફળિયામાં વડલા નીચે ખાટલા પર વિશ્રામ કરી રહ્યા છે તે ભોલુએ ચેક કરી લીધું:

'હું અનાથ છું. બાપુએ જ મને ઉછેરીને મોટો કર્યો છે. બાપુ મારા માટે ભગવાનથી પણ વિશેષ છે.'

'ઓહ..' સોહમ વિચારમાં પડી ગયો.

'કેટલાં વર્ષથી અહીં રહે છે?'

'સમજણો થયો ત્યારથી. ગાંધીનગરની સરકારી સ્કૂલમાં ભણવા પણ જાઉં છું. આ વર્ષે બારમાની પરીક્ષા આપી.. હમણાં વૅકેશન છે.' ભોલુએ સસ્મિત ચહેરે જવાબ આપ્યો:

'ભોલુ, મહારાજ તો કહેતા હતા કે તું બારમી પાસ છે.'

'હા.. એમને તો વિશ્વાસ છે કે હું પાસ થઈ જ જઈશ તેથી એમ બોલ્યા હશે.'

સોહમે વાતચીતનો દોર આગળ વધે તે હેતુથી જ પૂછયું: 'કેમ તને વિશ્વાસ નથી કે તું પાસ થઇ જઈશ?'

'સાચું કહું તો મને વિશ્વાસ નથી. ગણિતના પેપરમાં લોચો છે. જોકે નાપાસ થઈશ તોપણ હું કૉમ્પ્યુટરનો કોઈ ડિપ્લોમા કોર્સ કરી લઈશ.. મને તેમાં બહુ રસ છે. અચાનક નીચે કાંઇક ખખડાટ થતાં ભોલુ નીચે દોડી ગયો. સોહમે બારીમાંથી નીચે નજર કરી.. એક વાંદરો ફળિયામાં આવી ગયો હતો. ભોલુ લાકડી લઈને તેને ભગાડી રહ્યો હતો. કદાચ ભોલુ માટે આ પણ રોજનું કામ હશે તેમ વિચારીને સોહમે ખાટલામાં લંબાવ્યું. ઘણા સમય બાદ ભારે જમવાને કારણે સોહમની આંખ ક્યારે મળી ગઈ તેનો તેને ખ્યાલ જ ન રહ્યો. સપનામાં આજે પહેલી જ વાર મા દેખાઈ: 'દીકરા, તું એવા કોઈ રસ્તે ન જતો જ્યાં જવાથી તને અફસોસ થાય અથવા મુશ્કેલીમાં મુકાઈ જાય.'

'મા, હું જે રસ્તે જઈ રહ્યો છું, તે અનિશ્ચિતતાથી ભરેલો છે, પરંતુ હવે તો મારી મંજિલ જ એ છે. તું મારી બિલકુલ ચિંતા ન કર. હું એવા કોઈ રસ્તે નથી જઈ રહ્યો જ્યાં જવાથી મને અફસોસ થાય.. હા અફસોસ તો એક વાતનો જીવનના અંત સુધી રહેશે કે હું તારી પાસેથી મારા પિતાનું નામ ન જાણી શક્યો... કાશ, નામ જાણી શક્યો હોત તો બસ એક વાર તેમને મળવાની ઇચ્છા હતી.'


સોહમની આંખમાં આંસુ ઊભરી આવ્યાં. માએ સાડીના ફાટેલા પાલવ વડે સોહમની આંખ લૂછતાં કહ્યું:

'દીકરા, દરેક સંબંધ લેણદેણ પર આધારિત હોય છે. અફસોસ કરવાને બદલે હવે તારા ભવિષ્યનો જ વિચાર કર.'

'મા, ભવિષ્ય બનાવવા માટે તો મેં આ તદ્દન અજાણ્યો રસ્તો પકડ્યો છે.'

અચાનક સોહમની આંખ ખૂલી ગઈ. સપનું તૂટી ગયું. તેણે પથારીમાં પડ્યા પડ્યા જ ખુલ્લી બારીમાંથી દેખાતા આકાશ તરફ જોયું. સૂર્યાસ્ત થઈ રહ્યો હતો. સોહમને નવાઈ લાગી કે તદ્દન અજાણી જગ્યામાં એ ચાર કલાક ઘસઘસાટ ઊંઘી ગયો હતો... નંદગીરીએ ખોરાકમાં ઘેન તો નહીં મેળવ્યું હોય ને?!

(ક્રમશઃ)■



## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| झिझकना | ખરડો |
| खुरदरा | ખચકાવું |
| दवात | ખરબચડું |
| मसौदा | ખરચ |
| लागत | ખડિયો |

### ઓળખાણ પડી?



મરાઠી ફિલ્મોમાં હિરોઈન તરીકે ચમક્યા પછી હિન્દી ફિલ્મોમાં માતાના રોલમાં ખાસ્સી લોકપ્રિયતા મેળવનારી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) ઈશા કોપીકર
બ) રીમા લાગુ
ક) સુલોચના
ડ) શિલ્પા શિરોડકર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ યુ | ષ્ય | ૩ મા | ૪ ન | ■ | ૫ સં | ૬ જી | ૭ વ | ૮ ની |
| ૯ પ | થ | ■ | ૧૦ ફ | ર | ૧૧ જ | ■ | ૧૨ વ | ર | વા |
| દ્ | ■ | ૧૩ હા | ક | ■ | ૧૪ રા | ૧૫ ઈ | તું | ■ | પાં |
| ૧૬ ધ | ર | મી | ■ | ૧૭ સ | ક | સ | ■ | ૧૮ સા | જ |
| ર્મ | ■ | ૧૯ દા | ખ | લ | ■ | ■ | ૨૦ અં | જ | લિ |
| ■ | ૨૧ મા | ર | ■ | વા | ■ | ૨૨ અ | જા | ન | ■ |
| ૨૩ પ્ર | થા | ■ | ૨૪ પ | ર | ૨૫ શુ | રા | મ | ■ | ૨૬ સં |
| ૨૭ સ | ડી | ય | લ | ■ | ૨૮ ભા | ગ | ■ | ■ | ભા |
| ન્ન | ■ | ■ | ક | ■ | શિ | ■ | ૨૯ ક | મ | ર |
| ૩૦ તા | ત્પ | ર્ય | ■ | ૩૧ વિ | ષ | ક | ન્યા | ■ | ણ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | | ■ | ૫ | | ૬ |
| ૭ | | ■ | ૮ | | ■ | ૯ | | ■ | |
| ૧૦ | | | ■ | | ■ | ૧૧ | | | ■ |
| ■ | | ■ | ■ | ૧૨ | ૧૩ | | ■ | ■ | ૧૪ |
| ૧૫ | ■ | ૧૬ | ૧૭ | | | ■ | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | | | ■ | ■ | ૨૧ | | | |
| | ■ | ૨૨ | | ■ | ૨૩ | | ■ | | ■ |
| ૨૪ | ૨૫ | | ■ | ૨૬ | | | ૨૭ | ■ | ૨૮ |
| ૨૯ | | ■ | ■ | | ■ | ૩૦ | | ૩૧ | |
| ■ | ૩૨ | | | | | ■ | ૩૩ | | |

**આડી ચાવી**

૧. જીવન જીવવાનું ભાથું (૬)
૫. મોક્ષની ઈચ્છાવાળું (૩)
૭. શિવજીના સેવક (૨)
૮. રાવણને હરાવનાર (૨)
૯. સાથ (૨)
૧૦. શિયાળામાં ઓઢીને સૂઈ જાવ (૩)
૧૧. ભોજન સાથે જોઈએ (૩)
૧૨. અંગ્રેજીમાં આયનો (૩)
૧૬. દાવો, અરજી (૪)
૧૮. તમા, કાળજી (૩)
૨૦. જે સાથી મળે તે --- પડે (૪)
૨૧. ધ્યેયમાં માનનારો વાદ (૪)
૨૨. તાગ, સંન્યાસ, દાન (૨)
૨૩. શરીર, તન (૨)
૨૪. કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની જન્મભૂમિ (૩)
૨૬. એકીટશે (૪)
૨૯. ધીરજ, આકરી પરીક્ષા (૨)
૩૦. દૂધ પાક (૪)
૩૨. બધે રખડ્યા કરનાર (૫)
૩૩. હોજરી (૩)

**ઊભી ચાવી**

૧. --- અને અમી-જાણીતી નવલકથા (૩)
૨. વણજારાની પોઠ (૪)
૩. મેળામાં જોડિયા --- વાગે (૨)
૪. એક જાતનો પાંડુરોગ (૫)
૫. તાજ (૩)
૬. ભૂખ, લાલસા (૨)
૯. ફેલાવું તે, પ્રસાર (૩)
૧૩. બાતલ (૨)
૧૪. બે વચ્ચેની વાતચીત (૩)
૧૫. બે સંગીતકારોની સંગત (૫)
૧૬. સંકેલી શકાય એવું પાટિયાંનું બારણું (૪)
૧૭. ચાલ, ધારો (૩)
૧૮. માનું દૂધ (૨)
૧૯. પ્રવાહ, વહેણ, ધાર (૩)
૨૧. ધ્યેયને ધ્યાનમાં રાખનાર (૪)
૨૩. સ્ત્રીઓના કાનનું ઘરેણું (૨)
૨૫. એક જાતનું કંદ (૩)
૨૬. પશ્ચિમ દિશા, પારકી, ભિન્ન (૩)
૨૭. દેવું, ઋણ (૩)
૨૮. છાંટા, ફરફર (૩)
૩૧. બોધ, શીખ, લેસન (૨)

### ગુજરાત મોરી મોરી રે

દાદા કોંડકેની 'પાંડુ હવાલદાર'ની ગુજરાતી રીમેક અને રાજ કપૂર, નાના પાટેકર અને અમિતાભ સાથે હિન્દી ફિલ્મો કરનાર દિગ્દર્શક કોણ?

અ) વિજય ભટ્ટ બ) ઈન્દ્ર કુમાર
ક) મેહુલ કુમાર ડ) જયંત દેસાઈ

### જાણવા જેવું

ફિલ્મ 'ઝીનત'ની હિટ કવ્વાલીની ખાસિયત એ છે કે માત્ર મહિલા ગાયકો (નૂરજહાં, જોહરાબાઈ અંબાલેવાલી અને કલ્યાણી)ના સ્વરમાં રેકોર્ડ થઈ છે અને એ કવ્વાલીના ફિલ્માંકનમાં ચમકેલી ત્રણ બાલિકાઓએ પુખ્ત વયની ઉંમરે સારી સફળતા મેળવી હતી. એ હતી શશીકલા, બેબી ખુર્શીદ અને કકુ.

### સુડોકુ-૭૦૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | ૯ | | | | ૧ |
| ૭ | | | ૬ | | ૫ | | | ૨ |
| | ૯ | | | ૧ | | | ૬ | |
| | ૭ | ૨ | | | | ૫ | ૯ | |
| ૩ | | ૪ | | | | ૮ | | ૬ |
| | ૮ | ૫ | | | | ૭ | ૧ | |
| | ૨ | | | ૮ | | | ૩ | |
| ૫ | | | ૯ | | ૬ | | | ૭ |
| ૪ | | | | ૭ | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૮૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૮ | ૩ | ૧ | ૯ | ૭ | ૬ | ૪ |
| ૩ | ૭ | ૬ | ૪ | ૫ | ૨ | ૧ | ૯ | ૮ |
| ૧ | ૯ | ૪ | ૮ | ૭ | ૬ | ૩ | ૫ | ૨ |
| ૪ | ૫ | ૯ | ૬ | ૩ | ૧ | ૨ | ૮ | ૭ |
| ૨ | ૩ | ૧ | ૯ | ૮ | ૭ | ૫ | ૪ | ૬ |
| ૬ | ૮ | ૭ | ૫ | ૨ | ૪ | ૯ | ૧ | ૩ |
| ૯ | ૧ | ૨ | ૭ | ૪ | ૮ | ૬ | ૩ | ૫ |
| ૭ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૮ | ૬ | ૩ | ૨ | ૯ | ૫ | ૪ | ૭ | ૧ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આસિસ્ટન્ટ ડિરેક્ટરના કામથી શરૂઆત કરી ૨૦૨૪ની નાના બજેટની હિટ હોરર કોમેડીમાં કામ કરનારી અભિનેત્રી કોણ?

અ) સોનાલી કુલકર્ણી બ) શર્વરી વાઘ ક) સઈ તામહણકર ડ) ઉર્મિલા કાનિટકર

### નોંધી રાખો

તમને લાગે કે બધું તમારી વિરુદ્ધ થઈ રહ્યું છે, ત્યારે યાદ રાખો કે વિમાનને ઉપર જવા માટે પવનની વિરુદ્ધ જવું પડે છે, નહીં કે પવન સાથે.

### માઈન્ડ ગેમ

અનેક ચિત્રપટમાં દર્શકોને મોહિત કરનાર હિરોઈન રેખાના પિતાશ્રી સાઉથની ફિલ્મોના અભિનેતા હતા. તેમનું નામ જણાવો.

અ) એમ. જી. રામચંદ્રન બ) જેમિની ગણેશન
ક) શિવાજી ગણેશન ડ) અજીત કુમાર

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| तितली | પતંગિયું |
| खटमल | માંકણ |
| जुगनु | આગિયો |
| दीमक | ઊધઈ |
| मकडा | કરોળિયો |

ઓળખાણ પડી? — ક્વીન

માઈન્ડ ગેમ — ગેમ્બલર

ગુજરાત મોરી મોરી રે — આંધળો પાટો

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — ઝીરો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) પ્રતિમા પમાણી (૫) ગીતા ઉદેશી (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ભારતી બુચ (૧૧) લજિતા ખોના (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ડો. પ્રકાશ કટકિયા (૧૪) ભારતી પ્રકાશ કટકિયા (૧૫) પુષ્પા પટેલ (૧૬) ખુશરૂ કાપડિયા (૧૭) શ્રદ્ધા આશર (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) મીનળ કાપડિયા (૨૦) કિશોર બી. સંઘરાજકા (૨૧) મનીષા શેઠ (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભાવના કર્વે (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) કલ્પના આશર (૨૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૦) નીતા દેસાઈ (૩૧) મહેશ દોશી (૩૨) અંજુ ટોલિયા (૩૩) પ્રવીણ વોરા (૩૪) જગદીશ ઠક્કર (૩૫) હરીશ મનુભાઈ ભટ્ટ (૩૬) જયવંત પદમશી ચિખલ (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) અરવિંદ કામદાર (૪૨) જ્યોત્સના ગાંધી (૪૩) રમેશ દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) હિના દલાલ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) સરદાર વલ્લભભાઈ પટેલ ૨) નેતાજી સુભાષચંદ્ર બોસ ૩) ભગત સિંહ ૪) બાબાસાહેબ આંબેડકર ૫) ચંદ્રશેખર આઝાદ ૬) મંગલ પાંડે ૭) મહાત્મા ગાંધી

ક્વિઝ (બ) ૧) યાદોં કી બારાત ૨) ધરમ વીર ૩) સંઘર્ષ ૪) મિસ્ટર ઇન્ડિયા ૫) કોઈ મિલ ગયા ૬) હમ હૈ રાહી પ્યાર કે ૭) માસૂમ

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# દિગ્દર્શક એસ. શંકરનો ખૂબસૂરત ગીતો માટેનો અનોખો પ્રેમ

## એમની ફિલ્મ્સનાં ગીતોમાં રહેલાં મનમોહક વિઝ્યુઅલ્સની કેટલીક મજેદાર વાત


એક સમયે ભારતીય સિનેમાના જેમ્સ કેમરોન ગણાતા દિગ્દર્શક એસ. શંકરની રામચરણ અને કિયારા અડવાણી અભિનીત ફિલ્મ 'ગેમ ચેન્જર' ગયા સપ્તાહે રિલીઝ થઈ છે. એની શરૂઆત સારી રહી હોવાનું માર્કેટ રિપોર્ટ કહે છે...

મૂળ વાત પર આવીએ તો 'ટાઈટેનિક'- 'અવતાર' જેવી કેટલીક જબ્બર ફિલ્મોના સર્જક એવા જેમ્સ કેમરોન સાથે શંકરને સરખાવવા પાછળ શંકરની ફિલ્મ્સમાં રહેલાં વૈવિધ્ય ઉપરાંત ટેક્નોલૉજીની મદદથી ફિલ્મને સિનેમેટિક સમૃદ્ધિ અપાવવામાં શંકરનું અનેરું પ્રદાન પણ કારણભૂત છે. શંકરની ફિલ્મ્સમાં વાર્તા કહેવાની સ્ટાઈલ ઉપરાંત ગીતો ફિલ્માવવાની પદ્ધતિ અનોખી છે. શંકર એની ફિલ્મ્સનાં ગીતોને ફિલ્મની વાર્તા કરતાં પણ પોતાની અતરંગી સર્જનાત્મકતાથી અલગ ઊંચાઈએ લઈ જવાનો પ્રયત્ન કરે છે.


રોબો


ગેમ ચેન્જર

તાજી ફિલ્મ 'ગેમ ચેન્જર'નાં ચાર ગીતને પણ વિઝ્યુઅલી ખૂબસૂરત અને અનોખા બનાવવા પાછળ શંકરની એટલી જ મહેનત અને ખર્ચ જણાઈ આવે છે. આ ફિલ્મ નિર્માતાઓના કહેવા અનુસાર ફિલ્મનાં ફક્ત ચાર ગીતનો જ ખર્ચ ૭૫ કરોડથી વધી ગયો છે..! આવા તોતિંગ ખર્ચ પાછળ કારણ એ જ કે ફિલ્મમાં એક ટેકનો એન્થમ છે, જેમાં પ્રથમ વખત ઇન્ફ્રા-રેડ કૅમેરાનો પ્રયોગ થયો છે. એ જ રીતે બીજા એક ગીતમાં સ્ટાર્સ અને ડાન્સર્સનાં કપડાં સંપૂર્ણ ઇકોફ્રેન્ડલી પ્રકારનાં છે.


ઈન્ડિયન-૨

જોકે અવનવાં ગતકડાં કરીને ફિલ્મનો ખર્ચ વધારનાર મેકર્સ પણ હોય છે, પણ જ્યાં નામ શંકરનું આવે ત્યારે એમણે કરેલો ખર્ચ સ્ક્રીન પર વિઝ્યુઅલી તમે જોઈ પણ શકો. શંકરની મોટા ભાગની ફિલ્મ્સનાં ગીતોમાં આવું ફિલ્માંકન જોવા મળે છે.

એમની સૌ પ્રથમ ફિલ્મ 'જેન્ટલમેન' (૧૯૯૩)માં જ એમણે દર્શકોને ગીતોમાં ચીન, બ્રાઝિલ, ન્યૂ ઝીલૅન્ડ અને ન્યૂ યૉર્કની સફર કરાવી દીધી હતી. શંકરની ફિલ્મનાં ગીતો એટલી હદે સમૃદ્ધ લાગતાં હોય કે ફિલ્મ ખુદ ગીતો સામે ક્યારેક વામણી દેખાવા લાગે. આવું જ શંકરની ફિલ્મ 'જીન્સ' (૧૯૯૮) માટે પણ કહી શકાય. 'જીન્સ'નાં ગીતોમાં પણ પિઝાના ઝૂલતા ટાવર, ચીનની દીવાલ, પિરામિડસ અને તાજ મહલનો અદ્‌ભુત નજારો દર્શકોને ગમી ગયો હતો. શંકર પોતાની ફિલ્મ્સમાં પહેલેથી જ ગીતોને વિશેષ રીતે જીવંત કરવા માટે વખણાતા આવ્યા છે. જોકે, અહીં વાત ફક્ત વિદેશનાં લૉકેશન્સની નથી. દાયકાઓથી આપણે ત્યાં વિદેશમાં શૂટિંગ થતું જ આવ્યું છે, પણ જગ્યાની ખૂબસૂરતીની સાથે કશુંક નવું અને સર્જનાત્મક દર્શકોને દેખાડવાનો પ્રયાસ શંકરનાં ગીતોમાં જોવા મળે છે.

'જેન્ટલમેન'ના જ એક ગીતમાં પ્રભુ દેવા અભિનેત્રી ગૌતમીને પોતાના જેકેટમાંથી એક એનિમેટેડ હાર્ટ કાઢીને આપે છે. એ સમયમાં આઈડિયા અને ટેક્નોલૉજી બંને રીતે શંકરે એમના દર્શકોને નાવીન્ય દર્શાવ્યું હતું.

ગીતોની ખૂબસૂરતીની વાત હોય ને ફિલ્મની હીરોઈન્સ માટે શંકર કંઈ ન કરે એ તો કેમ શક્ય બને? શંકરે અભિનેત્રીઓને અવનવી રીતે ગીતોમાં પ્રસ્તુત કરવા માટે પણ ઘણા નવીન આઈડિયાઝ અજમાવ્યા છે.


જીન્સ

'જીન્સ' ફિલ્મમાં શંકરે ઐશ્વર્યા રાયને એક ગીતમાં કલ્પનાનું વિશ્વ ઊભું કરીને જાતજાતની વસ્તુઓ તરીકે દર્શાવી છે. હા, ગીત માટે લિબર્ટી લઈને ઐશ્વર્યા રાયને શંકરે પેન્સિલ, બલૂન અને હાડપિંજર જેવી વસ્તુઓ તરીકે દર્શાવીને આખું અલગ જ કાલ્પનિક વિશ્વ રચ્યું હતું.


૨.૦

આવો જ પ્રયોગ શંકરની ફિલ્મ 'આઈ' (૨૦૧૫)માં પણ જોવા મળે છે. 'આઈ'ના એક ગીતમાં અભિનેતા વિક્રમનું પાત્ર અભિનેત્રી એમી જેક્સનને પ્રેમની દીવાનગીમાં એની આજુબાજુની અનેક ચીજોમાં જુએ છે અને એમી બાઈક, ડમ્બેલ, ફોન વગેરે ચીજમાં વિઝ્યુઅલી પરિવર્તિત થઈ જાય છે.

૨૦૧૦માં આવેલી 'રોબો' એટલે કે 'ઍંથિરન'માં કિલિમાન્જારો ગીત પેરુના માચુ પિચુ પર મેક્સિકન ટ્રાઈબના કોસ્ચ્યુમ્સ સાથે શૂટ કરવા માટે પૂરા ચાર કરોડનો ખર્ચ થયો હતો. એ વખતે આ ગીત એટલે કે મ્યુઝિક વીડિયો ભારતનો સૌથી મોંઘો વીડિયો બન્યો હતો. એટલું જ નહીં, તેની સિક્વલ '૨.૦'માં એન્ધીરા લોગાથુ સુંદરીયે ગીતમાં શંકરે પોતાનો જ રેકોર્ડ તોડીને ૨૦ કરોડનો ખર્ચ કર્યો હતો અને નવાઈની વાત એ છે કે એ ગીત તો પાછું ફિલ્મની વાર્તાનો હિસ્સો હતું પણ નહીં. એને માત્ર ક્રેડિટ રોલ વખતે વાપરવામાં આવ્યું હતું!

શંકરની ફિલ્મ્સમાં જ્યારે પણ ગીતો આવે ત્યારે એ એક અલગ જ કાલ્પનિક વિશ્વ એમના દર્શકો માટે ઊભું કરી દે છે. અવનવી રીત થકી એ વિશ્વ ખૂબ જ વિઝ્યુઅલી એટ્રેક્ટિવ લાગે અને ફિલ્મનો જ ભાગ હોવા છતાં જાણે ફિલ્મથી પણ ચડિયાતું લાગવા માંડે. શંકરના મનમાં આવતા એ આઇડિયાઝને ગીતમાં પરોવવા માટે શંકર વાર્તા સાથે કોઈક રીતે ખૂબીથી તેને જોડી પણ બતાવે છે કે જેથી દર્શક પોતે જોઈ રહેલી કલ્પના પર વિશ્વાસ કરે.

'આઈ'ના લેડિયો ગીતમાં અભિનેત્રીનું પાત્ર એડ ફિલ્મ્સની અભિનેત્રી છે એટલે એક આખી પ્રોડક્ટ્સને એડ્સની શો રીલ હોય તેમ શંકરે ગીત બનાવ્યું છે, જે જોઈને દર્શક વાહ પોકારી ઊઠે છે!

શંકરની તાજી ફિલ્મ 'ગેમ ચેન્જર' અગાઉની ફિલ્મ 'ઇન્ડિયન-૨'માં પણ એક કેલેન્ડર સોન્ગમાં વિશ્વના સૌથી મોટા સોલ્ટ ફ્લેટ સાલાર દે ઉયુનીમાં જઈને એમણે ખાસ શૂટ કર્યું હતું. એ ગીતની ખૂબસૂરતી જોઈને જ ખ્યાલ આવે કે હમણાંની ફિલ્મ્સમાં થોડાક આઉટડેટેડ લાગી રહેલા શંકર સિનેમાના માધ્યમને વિઝ્યુઅલી સમૃદ્ધ બનાવવાની પારખી નજર તો હજુ એવી જ ધરાવે છે! ■

**લાસ્ટ શોટ**

*કિલિમાન્જારો ગીતનું નામ તાનઝેનિયામાં સાચે જ આવેલા પર્વત કિલિમાન્જારો પરથી રાખવામાં આવ્યું હતું.*

---




# ફિલ્મોમાં પહેલા રોલનું કેવું કેવું નસીબ?

મહેશ નાણાવટી

**ફિલ્મી** દુનિયામાં મોટું નામ કમાઈ ચૂકેલા કલાકારોનો વટ હોય છે, પરંતુ જ્યારે એમનું નામ પણ નહોતું અને વટ પણ નહોતો ત્યારે એક્ટિંગનો પહેલો રોલ મેળવવામાં કોઈએ કેવા-કેવા પાપડ વણવા પડ્યા હતા? અને કોઈને કેવી રીતે પહેલો બ્રેક અનાયાસે મળી ગયો હતો? એના અમુક કિસ્સા મજેદાર છે...

જિતેન્દ્ર જ્યારે સાવ બિન-અનુભવી હતા અને જુદા જુદા સ્ટુડિયોના ચક્કરો કાપતા હતા ત્યારે

વી. શાંતારામે એમને થોડી આશા આપેલી કે 'જોઉં છું... વિચારું છું...' આના કારણે જિતેન્દ્ર વારંવાર

વી. શાંતારામના શૂટિંગમાં પહોંચી જતા હતા.

વી. શાંતારામ પણ કદાચ આ દેખાવડા જુવાનિયાની પરીક્ષા લેવા માગતા હશે કે કેમ, એમણે એકવાર બહુ કઠોર અને વિચિત્ર કસોટી કરી હતી. જ્યારે 'સહેરા' ફિલ્મનું આઉટ-ડોર શૂટિંગ ચાલી રહ્યું હતું ત્યારે એની હીરોઈન સંધ્યાને ઊંટ ઉપર સવારી કરવાની હતી. આ લોંગ શોટ હતો એટલે સ્વાભાવિક છે કે કોઈ બોડી-ડબલને ઊંટ પર બેસાડવાની હતી, પણ વી. શાંતારામને શી ખબર, શું સુઝ્યું તે જિતેન્દ્રને કહ્યું કે 'મેકપ લગાઓ, કોસ્ચ્યુમ પહનો ઔર ઊંટ પર બૈઠ જાઓ!'

- અને ખરેખર જિતેન્દ્રએ હીરોઈન સંધ્યાના બોડી ડબલ તરીકે પોતાની કેરિયરનો 'પહેલો ફોટો' આપ્યો હતો! જો કે એ પછી શાંતારામ સાહેબે જિતેન્દ્રને 'ગીત ગાયા પથ્થરોં ને' ફિલ્મમાં હીરો બનાવી દીધો હતો. પણ હા, એ પહેલાં શાંતારામ સાહેબે જિતેન્દ્રની, ગુજરાતીમાં કહેવાય છે તેમ 'પટૂડી' કાઢી હતી.

વાત એમ હતી કે આ ફિલ્મ માટે જિતેન્દ્રએ 'ઓડિશન' આપવાનું હતું. એમને એક લાંબા સંવાદોવાળો સીન આપવામાં આવ્યો હતો. આગલી રાતે રાજેશ ખન્ના સાથે બેસીને જિતેન્દ્ર સંવાદો ગોખતા રહ્યા. (જી હા, તે વખતે રાજેશ ખન્ના ઉર્ફે જતિન ખન્ના પણ સંઘર્ષ જ કરી રહ્યા હતા.) આખી રાત ગોખણપટ્ટી કર્યા પછી જિતેન્દ્ર બીજા દિવસે સ્ટુડિયોમાં પહોંચ્યા ત્યારે શાંતારામ સાહેબે કોઈ બીજા જ સંવાદો લખેલાં કાગળિયાં પકડાવી દીધાં!

ખેર, જિતેન્દ્રને તો પહેલો બ્રેક મેળવતાં આટલી બધી મહેનત કરવી પડી, પરંતુ અશોક કુમારની તો સ્ટોરી જ અલગ છે. એમને કદી સપનામાં પણ અભિનય કરવાનો વિચાર નહોતો આવ્યો. એ તો મુંબઈના 'બોમ્બે ટોકિઝ' નામની બહુ મોટી પ્રોડક્શન કંપનીના સ્ટુડિયોમાં લેબ-ટેક્નિશિયન તરીકે નોકરી કરતા હતા. એ વખતે એમનું નામ કુમુદલાલ હતું અને આ નોકરી પણ એમને એમના બનેવી, શશિધર મુખર્જી જે પાછળથી મોટા પ્રોડ્યુસર બનેલા એમની ભલામણથી મળી હતી.

અહીં આ ફિલ્મ કંપનીમાં બન્યું એવું કે સ્ટુડિયોના માલિક હિમાંશુ રોયની સુંદર પત્ની દેવિકા રાની, જે બોમ્બે ટોકિઝની લગભગ તમામ ફિલ્મોની હીરોઈન હતી, તે પોતાની સાથે કામ કરતા એક્ટર નજમ-ઉલ-હસનના પ્રેમમાં પડી અને એની સાથે ભાગી પણ ગઈ!

આ ઘટના એવા સમયે બની કે જ્યારે એમની 'જીવનનૈયા' નામની ફિલ્મનું શૂટિંગ ચાલી જ રહ્યું હતું! જો કે હિમાંશુ રોયે પોતાની સુંદર પત્નીને જેમતેમ કરીને મનાવીને પાછી બોલાવી લીધી હતી, પરંતુ એ જેની સાથે ભાગી ગઈ હતી એ એક્ટરને તો હવે હીરો તરીકે રખાય જ નહીં ને? સ્ટુડિયોમાં રોજ ચર્ચા ચાલતી હતી કે એની જગ્યાએ હીરો તરીકે કોને લેવો જોઈએ?

દરમિયાનમાં હિમાંશુ રોયનો ગુસ્સો હજી આસમાન પર હતો. એમણે કહ્યું કે 'હું ધારું તો મામૂલીમાં મામૂલી માણસને હીરો બનાવી શકું!' અને સંજોગ જુઓ... એ જ વખતે એમની નજર પેલા 'કુમુદલાલ' ઉપર પડી! એમણે કહ્યું 'હીરો બનશે આ છોકરો !' આમ સાવ અનાયાસે કુમુદલાલ 'અશોક કુમાર' બની ગયા! એમની પહેલી ફિલ્મ બની 'જીવનનૈયા'!

આવું જ કંઈક પ્રીટી ઝિન્ટા સાથે બન્યું હતું.


અશોક કુમાર


જિતેન્દ્ર

જોકે, સંજોગો એટલા બધા નાટકીય નહોતા. વાત એમ બની હતી કે જ્યારે 'દિલ સે' ફિલ્મ બની રહી હતી ત્યારે શાહરુખ ખાનની સગાઈ જેની સાથે થાય છે એ રોલ માટે કોને પસંદ કરવી તે દિગ્દર્શક મણિરત્નમે નક્કી કર્યું નહોતું.દરમિયાન મણિરત્નમ એક ડબિંગ સ્ટુડિયોમાં કોઈ કામસર ગયા હતા. ત્યાં એક એડ ફિલ્મનું ડબિંગ ચાલી રહ્યું હતું. મોડલિંગ કરતી કોઈ રૂપાળી છોકરી ત્યાં ડબિંગ માટે આવી હતી. એને બે- ચાર હિન્દી સંવાદો બોલવામાં તકલીફ પડી રહી હતી, પરંતુ એની સાથે આવેલી એની બહેનપણી સતત એની મજાક કરીને ખિલખિલાટ હસી રહી હતી. બસ, એના ગાલમાં તે વખતે જે ખંજન પડતાં હતાં એ મણિરત્નમને ગમી ગયાં, કે પછી પ્રીટી ઝિન્ટાનો ચુલબુલો સ્વભાવ એમના દિમાગમાં ફીટ થઈ ગયો... તે એ જ વખતે મણિરત્નમે જ પ્રીટી ઝિન્ટાને પોતાની ફિલ્મમાં આ રોલની ઓફર મૂકી દીધી હતી!

આ તો થઈ મોટાં નામવાળા ફિલ્મી સ્ટારોની વાત, પરંતુ એક એક્ટર, જેણે જિંદગીભર નાના નાના રોલ જ કર્યા, છતાં 'શોલે'ના માત્ર અઢી કે સાડા ત્રણ ડાયલોગવાળા 'સાંભા'ના રોલથી જે ફેમસ થઈ ગયા તે મેકમોહનની કહાણી પણ વાંકાચૂકા વળાંકોથી ભરપૂર છે.

મેકમોહનનું મૂળ નામ બ્રિજમોહન માખિજાની. એમના પિતા બ્રિટિશ આર્મીમાં ઓફિસર હતા એના કારણે બ્રિજભૂષણનો કેન્ટોનમનેટમાં ઉછેર થયો, જેના લીધી હિન્દી, ઉર્દૂ અને અંગ્રેજીમાં સારી ફાવટ આવી ગઈ હતી. આમ છતાં બ્રિજભૂષણને બનવું હતું ક્રિકેટર.

આઝાદી પછી જ્યારે પિતાજીની મુંબઈમાં બદલી થઈ ત્યારે બ્રિજ ભૂષણ ક્રિકેટર બનવા માટે પરસેવો પાડતો હતો. એ દરમિયાન એની સાથે ક્રિકેટ રમતા એક નાટ્ય દિગ્દર્શકના નાટકમાં એક એક્ટર બીમાર પડી ગયો. એ દિગ્દર્શકે બ્રિજભૂષણને કહ્યું, 'યાર, આ એક રોલ ભજવી લે. મારી ઈજ્જતનો સવાલ છે.'

બ્રિજભૂષણે હા પાડી. હવે વાત એમ બની કે એ જ નાટકમાં કૈફી આઝમીનાં પત્ની શૌકત આઝમી પણ અભિનય કરતાં હતાં. એમણે કહ્યું કે 'તું અમારા થિયેટર ગ્રૂપમાં જોડાઈ જાને?'

જો કે તે વખતે બ્રિજભૂષણે ના પાડી હતી, પરંતુ થોડા સમય પછી 'ઇપ્ટા' નામની જાણીતી નાટ્ય સંસ્થામાં 'ઇલેકશન કા ટિકટ' નામનું નાટક બની રહ્યું હતું, એમાં 'ડોલરબાબુ' નામના પાત્ર માટે એક એવા એક્ટરની જરૂર હતી જે બ્રિટિશરોની જેમ કડકડાટ અંગ્રેજી પણ બોલે અને ધોળિયાઓ જેવું ગડબડિયું હિન્દી પણ બોલતો હોય! શૌકત આઝમીએ તે વખતે બ્રિજભૂષણનું નામ સૂચવ્યું.

બસ, આ 'ડોલરબાબુ'થી બ્રિજભૂષણ 'મેકમોહન' બન્યા કેમ કે 'ઈપ્ટા'ના નાટકો જોવા માટે ભલભલી ફિલ્મી હસ્તિઓ આવતી હતી! વિચાર કરો, જો પેલી ક્રિકેટ-ક્લબમાં પેલા નાટકના દિગ્દર્શક રમવા ના આવતા હોત અને એમના નાટકનો એક એક્ટર અચાનક બીમાર ના પડ્યો હોત તો?! ■

---

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## હિમેશ રેશમિયાઃ દિમાગ તો ગુજરાતીનું ને?!



હિમેશ રેશમિયાની ફિલ્મ 'બેડએસ રવિ કુમાર' તેના પ્રથમ શોની પ્રથમ ટિકિટના વેચાણથી જ નફામાં આવી જશે. ૭ ફેબ્રુઆરીએ રિલીઝ થનારી આ ફિલ્મ ૧૯૮૦ના દાયકાના ભારતમાં સેટ થઇ છે. એક સમાચાર અનુસાર આ ફિલ્મનું બજેટ ૨૦ કરોડ છે. આ બજેટ ફિલ્મ રિલીઝ થાય એ પહેલાં જ રિકવર થઇ ગયું છે...! કેવી રીતે? ચાલો જાણીએ.... ફિલ્મનો સાઉન્ડટ્રેક ૧૬ કરોડમાં વેચાઈ ગયો છે. બાકીના ૪ કરોડ ઓમાન સરકાર આપશે. આશ્ચર્ય થયું? તો વાત જાણે એમ છે કે ઓમાનમાં કોઈ ફિલ્મનું શૂટિંગ થાય તો ત્યાંની સરકાર ખર્ચમાં સબસીડી આપે છે. હિમેશ રેશમિયાને આ રીતે ૪ કરોડની સબસીડી પણ મળી જશે. તો થઇ ગયું ને ૨૦ કરોડનું બજેટ વસૂલ?! આ ઉપરાંત સેટેલાઈટ રાઈટ્સ અને શોઝમાંથી જે કોઈ આવક થશે એ હિમેશભાઈ માટે તો નફો જ નફો છે. જોકે આ ફિલ્મમાં ૧૬ ગીત છે, જેમાંથી એક ૭ ગીતોની મેડલી પણ છે.

'બેડએસ રવિ કુમાર'નું મ્યુઝિક રેશમિયા પોતાની મ્યુઝિક કંપની દ્વારા જ રિલીઝ કરશે. એમણે પોતે ગયેલાં ગીતો માટે અને કમ્પોઝિશન માટે એક પૈસો પણ નથી લીધો. સ્વાભાવિક છે કે એમણે આ ફિલ્મમાં કરેલી 'એક્ટિંગ' માટે પણ કશું જ નથી લીધું. કારણ? સિમ્પલ, હિમેશ રેશમિયા ખુદ- જાતે પોતે-પંડે આ ફિલ્મના પ્રોડ્યુસર છે!

જે હોય તે, પણ ફિલ્મના ગણિત સાથે કેમ રમાય એમાં હિમેશભાઈનું ગુજરાતી દિમાગ કામ કરી ગયું છે એ નક્કી!

## દીપકની 'તિજોરી' ખુલી ગઈ...




દીપક તિજોરી ગોરેગાંવ પશ્ચિમની ગાર્ડન એસ્ટેટ સોસાયટીમાં રહે છે. ૨૦૧૦માં જ્યારે એ આ સોસાયટીમાં રહેવા આવ્યા ત્યારે હજી કાયદેસર સોસાયટીનું નિર્માણ થયું ન હતું તેમ છતાં અહીંના 'કમિટી મેમ્બર્સે' એમને મેઈન્ટેનન્સ ભરવાનું કહ્યું એમ કહીને કે અત્યારે લમ્પસમ અમાઉન્ટ આપતા રહો પછી આપણે 'એડજેસ્ટ' કરી લઈશું. સતત દોઢ વર્ષ સુધી દીપક તિજોરીએ આ મેઈન્ટેનન્સ ભર્યું, પરંતુ સોસાયટીની કાયદેસર સ્થાપના થઇ નહીં. આથી એમણે પેલી રકમ ભરવાનું બંધ કરી દીધું. બસ, ત્યારથી એમની અને સોસાયટીની કમિટી વચ્ચે ચડભડ શરૂ થઇ ગઈ. સોસાયટીમાં રહેતા મીડિયાના અમુક લોકોએ મુંબઈનાં અખબારોમાં દીપક તિજોરી વિષે ગમે તેવી વાતો ફેલાવવાની શરૂ કરી દીધી.

આટલું જ નહીં, દીપક તિજોરીના આક્ષેપ અનુસાર સોસાયટીના અમુક સભ્યો સાથે 'બીએમસી'- સુધરાઈના એક ખાસ અધિકારીએ સાથ મેળવી લીધો. આ અધિકારીએ પોતાની સત્તાની હદની બહાર જઈને દીપક તિજોરીના બેંક એકાઉન્ટ્સ ફ્રીઝ કરાવી દીધા.

આ બધાથી ત્રાસીને દીપકે 'બીએમસી'ના એક અન્ય અધિકારીનો સંપર્ક કર્યો. આ અધિકારી જેમનું નામ દીપક તિજોરીએ 'મિસ્ટર શિંદે' તરીકે ઉલ્લેખ કર્યો છે, એમણે દીપકની વાત શાંતિથી સાંભળી અને યોગ્ય કાર્યવાહી શરુ કરી દીધી. છેવટે મુંબઈના ડેપ્યુટી રજિસ્ટ્રાર ઓફ કોર્પોરેટીવ સોસાયટીઝએ બાર વર્ષ બાદ ગત મહિને દીપક તિજોરીનો દાવો સ્વીકાર્યો અને એના બેંક એકાઉન્ટ્સ ખોલી નાખીને એને રાહત આપી. દીપક તિજોરીનું કહેવું છે કે, 'આવું કમઠાણ મુંબઈની દર બીજી-ત્રીજી સોસાયટીમાં ચાલે છે. સોસાયટીના લોઝ અને બાયલોઝ કોઈ જ ફોલો કરતું નથી. આ તો સારું હતું કે મને આ લોઝ અને બાયલોઝની ખબર હતી એટલે હું લડી શક્યો બાકી લાખો મુંબઈકરોને આ વિશે જ્ઞાન ન હોવાથી સોસાયટી ફોર્મ ન થઇ હોવા છતાં મેઈન્ટેનન્સ આપી રહ્યા છે.'

## રિતિકનું ફેન્સને 'કહા ના પ્યાર હે!'



આ મકરસંક્રાંતિએ રિતિક રોશનની ડેબ્યુ ફિલ્મ 'કહો ના પ્યાર હૈ' રિ-રિલીઝ થઇ ગઈ. આટલું જ નહીં, આ ૯ જાન્યુઆરીએ ફિલ્મની રિલીઝને પચીસ વર્ષ પૂરા પણ થઇ ગયા . હજી ઓછું હોય તેમ ૧૦ જાન્યુઆરીએ રિતિકનો હેપ્પી બર્થ-ડે પણ હતો. આથી આ ત્રણ પ્રસંગની ભવ્ય ઉજવણી કરવા માટે એક ખાસ આયોજન પણ કરવામાં આવ્યું હતું. એ ખાસ દિવસની ઉજવણી માટે રિતિકે પોતાના કરોડો ફેન્સમાંથી અમુકને ખાસ મુંબઈ બોલાવ્યા. એણે આ ફેન્સ સાથે વાતચીત કરી અને એમની સાથે 'કહો ના પ્યાર હૈ'નું સ્પેશિયલ સ્ક્રીનિંગ પણ નિહાળ્યું. રિતિક રોશનની આવી આગતા-સ્વાગતાથી ગદગદ થયેલા એના ચાહકો હવે કહી રહ્યા છે :

'યેસ, રિતિક..હમે તુમસે પ્યાર હૈ!' ■

**કટ એન્ડ ઓકે..**

*હિમેશ રેશમિયા બાદ એક બીજા ગુજરાતી*

*વિપુલ અમૃતલાલ શાહ બોલિવૂડની આજના સમયની માંગ -જરૂરને પારખીને પોતાની પ્રોડક્શન કંપની 'સનશાઈન પિક્ચર્સ' માટે આઈપીઓ લાવી રહ્યા છે!*

# અમેરિકન ફુગાવો હળવો થતા ગ્લોબલ ઈક્વિટીના કરંટ સાથે સેન્સેક્સ અને નિફ્ટીએ સતત ત્રીજા દિવસે આગેકૂચ ચાલુ રાખી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ યુએસ કોર ઇન્ફ્લેશન ડેટા અપેક્ષા કરતા નીચા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર હળવા થવાની આશામાં વધારો થયો હોવાને કારણ ભારતીય બેન્ચમાર્ક ઇક્વિટી શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીએ ગુરુવારે સતત ત્રીજા દિવસે આગેકૂચ નોંધાવી હતી. સેન્સેક્સ ૩૧૮.૭૪ પોઇન્ટ અથવા ૦.૪૨ ટકા વધીને ૭૭,૦૦૦ની સપાટી ફરી હાંસલ કરીને ૭૭,૦૪૨.૮૨ના સ્તર પર પહોંચ્યો હતો. દિવસ દરમિયાન, તે ૫૯૫.૪૨ પોઈન્ટ અથવા ૦.૭૭ ટકા વધીને ૭૭,૩૧૯.૫૦સુધી ઊંચે ગયો હતો. આ જ રીતે, નિફ્ટી ૯૮.૬૦ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા વધીને ૨૩,૩૧૧.૮૦ પર પહોંચ્યો હતો.

અદાણી પોર્ટ્સ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, બજાજ ફિનસર્વ, ભારતી એરટેલ, ટાટા મોટર્સ, ઇન્ડસઇન્ડ બેંક, એનટીપીસી, મારુતિ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને એક્સિસ બેંક ટોપ ગેઇનર્સ રહ્યાં હતાં, તેનાથી વિપરીત, એચસીએલ ટેક, નેસ્લે, ઇન્ફોસિસ, હિન્દુસ્તાન યુનિલિવર, આઇટીસી અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ ટોપ લુઝર્સની યાદીમાં હતા.

સવારના સત્રમાં ઝોમેટો, અદાણી પોર્ટ્સ, એસબીઆઈ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ઇન્ડસઇન્ડ બેન્ક ૧.૫ ટકાથી ૪.૫ ટકા સુધીનો ઉછાળો, જ્યારે એચયુએલ, નેસ્લે ઇન્ડિયા, યુઆઇટીસી અને એચસીએલ ટેક નુકસાન સાથે ખુલ્યા હતા.

હિન્ડનબર્ગ રિસર્ચના સત્તાવાર વિસર્જનને પગલે અદાણી ગ્રૂપના શેરોમાં નવ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. ઇએમએ પાર્ટનર્સ ઈન્ડિયા લિમિટેડ ૧૭મીએ રૂ. ૭૬ કરોડના જાહેર ભરણાં સાથે મૂડી બજારમાં પ્રવેશ કરી રહી છે. સબ્સ્ક્રિપ્શન ૨૧મીના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૧૭-૧૨૪ નક્કી થઈ છે. ભંડોળનો ઉપયોગ લીડરશિપ ટીમ તૈયાર કરવા, આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન, દેવાની ચુકવણી અને સામાન્ય કોર્પોરેટ હેતુ તથા એક્વિઝિશન માટે કરવામાં આવશે.

સુપ્રીમ ફેસિલિટી મેનેજમેન્ટે બે કંપની, ક્લિનવે મેનેજમેન્ટ સિસ્ટમ્સ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ અને અશોક બિઝનેસ સર્વિસ ઈન્ડિયા પ્રાઈવેટ સાથે ૭૬ ટકા હિસ્સો હસ્તગત કરવા માટે નોન-બાઈન્ડિંગ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ વ્યૂહાત્મક પગલું દક્ષિણ કંપનીનં સ્થાન મજબૂત બનાવવા લેવાયું છે. સરકારની કડક માર્ગદર્શિકા હેઠળ નાલંદા ક્લિનસર્વના સહયોગ સાથે અમૃત નોનીએ તેની ફ્લેગશિપ પ્રોડક્ટ, અમૃત નોની આર્થો પ્લસ માટે હ્યુમન ક્લિનિકલ ટ્રાયલ પૂર્ણ કરી છે. વેલ્યુ પ્રોડક્ટ્સના અભ્યાસ અનુસાર ભારતમાં ૧૫ ટકા વસતિના ૨૧ કરોડથી વધુ લોકોને સંધિવાથી અસરગ્રસ્ત છે.

સત્રને અંતે સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે અદાણી પોર્ટ્સ ૨.૦૩ ટકા, સ્ટેટ બેન્ક ૧.૬૪ ટકા, બજાજ ફિનસર્વ ૧.૪૭ ટકા, ભારતી એરટેલ ૧.૪૬ ટકા, તાતા મોટર્સ ૧.૪૩ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૪૧ ટકા, મારુતિ ૧.૩૬ ટકા, એનટીપીસી ૧.૩૫ ટકા, રિલાયન્સ ૧.૩૧ ટકા, અને એક્સિસ બેન્ક ૧.૨૫ ટકા વધ્યા હતા.

જ્યારે એચસીએલ ટેકનોલોજી ૧.૮૭ ટકા, નેસ્લે ૧.૩૮ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૧.૨૧ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૧૫ ટકા, આઈટીસી ૧.૦૧ ટકા, તાતા કન્સલ્ટન્સી ૦.૯૫ ટકા, ઝોમેટો ૦.૮૨ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૫૫ ટકા, ટાઈટન ૦.૧૩ ટકા અને પાવર ગ્રીડ ૦.૦૭ ટકા ઘટ્યા હતા.



બજારના સાધનોએ જણાવ્યું હતું કે, યુએસ ફુગાવાના હળવા ડેટાને પગલે ફેડરલ રિઝર્વ દ્વારા સંભવિત દર ઘટાડાની આશા જાગી હોવાથી, રોકાણકારોના સકારાત્મક વલણને આધારે બેન્ચમાર્ક શેરઆંકોએ આગળ વધવાનું ચાલુ રાખ્યું છે. વધુમાં, ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ સાથ સ્થાનિક સ્તરે વેપાર ખાધમાં ઘટાડો થવાથી બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. જોકે, યુકેના નબળા આર્થિક વિકાસના ડેટાએ આ આશાવાદને થોડો ફટકો આપ્યો છે. અગ્રણી સૂચકાંકોની તુલનામાં ઊંચા મૂલ્યાંકન હોવા છતાં, તાજેતરના કરેક્શન દરમિયાન વ્યાપક બજારમાં બાર્ગેન બાઇંગ જોવા મળ્યું હતું.

સ્થાનિક બજારના સેન્ટિમેન્ટ પર ચાલુ કમાણી સીઝન અને આગામી કેન્દ્રીય બજેટની વધુ અસર વર્તાશે, જે અંગે મિશ્ર મત પ્રવર્તે છે. વૈશ્વિક બજારમાં સુધારો અને સ્થાનિક સીપીઆઇ ફુગાવામાં ઘટાડો થવાથી શેરબજારને રાહત મળી છે, આનાથી આરબીઆઇને તેની આગામી નીતિ નક્કી કરવામાં થોડી છૂટ મળી શકે છે; જોકે, ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને દસ વર્ષના બોન્ડની ઊંચી ઉપજ પર ધ્યાનપૂર્વક નજર રાખવામાં આવશે.

એશિયન બજારોમાં, સિઓલ, ટોકિયો, શાંઘાઈ અને હોંગકોંગ સકારાત્મક ક્ષેત્રમાં આગળ વધ્યા હતા, જ્યારે યુરોપના બજારોમાં ઇક્વિટી બજારો બપોરના સત્રમાં ઊંચા મથાળે ટ્રેડ થઇ રહ્યા હતા. બુધવારે અમેરિકન બજારોમાં તેજી જોવા મળી હતી.

વિદેશી ફંડો એકધારી અને મોટી વેચવાલી ચાલુ રાખી છે. એક્સચેન્જ ડેટા અનુસાર, બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૪,૫૩૩.૪૯ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૮ ટકા ઘટીને ૮૧.૮૮ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

પાછલા સત્રમાં, બુધવાર બીએસઇ બેન્ચમાર્ક ૨૨૪.૪૫ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકા વધીને ૭૬,૭૨૪.૦૮ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો.

જ્યારે નિફ્ટી ૩૭.૧૫ પોઈન્ટ અથવા ૦.૧૬ ટકા વધીને ૨૩,૨૧૩.૨૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. શેરબજારમાં સતત ત્રીજા દિવસની આગેકૂચમાં સેક્ટરલમાં સર્વિસીસ અને ઈન્ડસ્ટ્રિયલ્સ સૌથી અધિક વધ્યા હતા અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ઇન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો. માર્કેટ કેપમાં રૂ. ૪.૯ લાખ કરોડનો ઉછાળો નોંધાયો હતો.

ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગુરુવારે ગત બુધવારના ૭૬,૭૨૪.૦૮ના બંધથી ૩૧૮.૭૪ પોઈન્ટ્સ (૦.૭૨ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ. ૪.૯૦ લાખ કરોડ વધીને રૂ.૪૨૮.૪૦ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૭,૩૧૯.૫૦ ખૂલીને નીચામાં ૭૬,૮૯૫.૫૧ સુધી જઈને અંતે ૭૭,૦૪૨.૮૨ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ૨૦ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૦ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૬૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૭૭૮ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૧૮૮ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૦૧ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૯૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૬૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૯૨ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૪૩ ટકા વધ્યા હતા. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૪૮ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૨ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ સર્વિસીસ ૧.૯૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૭૩ ટકા, મેટલ ૧.૬૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૬૧ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૫૬ ટકા, કોમોડિટીઝ ૧.૫૧ ટકા, પાવર ૧.૪૮ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસસી ૧.૩૫ ટકા, યુટિલિટીઝ ૧.૨૭ ટકા, બેન્કેક્સ ૧.૧૨ ટકા, એનર્જી ૧.૦૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૯૧ ટકા, ઓટો ૦.૭૪ ટકા, રિયલ્ટી ૦.૫૧ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૩૬ ટકા અને હેલ્થકેર ૦.૧૭ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૬૨ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૫૯ ટકા, એફએમસીજી ૦.૪૩ ટકા, ટેક ૦.૨૧ ટકા અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૭૦.૦૫ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૩૬૨ સોદામાં ૫૪૧ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૬,૦૮,૫૭૫ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧૦,૦૧,૨૭૭.૫૨ કરોડનું રહ્યું હતું.

## ડિસેમ્બરમાં નિકાસ એક ટકો ઘટી, વેપાર ખાધમાં ૨૨ અબજ ડૉલરનો ઘટાડો

નવી દિલ્હીઃ વૈશ્વિક અનિશ્ચિતતાઓને પગલે ગત ડિસેમ્બરમાં દેશની નિકાસ એક ટકો ઘટીને ૩૮.૦૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે વેપાર ખાધમાં ૨૧.૯૪ અબજ ડૉલરનો ઘટાડો થયો હતો. જોકે આયાત વર્ષાનુવર્ષ ધોરણે પાંચ ટકા વધીને ૫૯.૯૫ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

વાણિજ્ય મંત્રાલયની માહિતી અનુસાર વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ડિસેમ્બર સુધીની નિકાસ ગત સાલના સમાનગાળાની સરખામણીમાં સાધારણ ૧.૬ ટકા વધીને ૩૨૧.૭૧ અબજ ડૉલરની સપાટીએ અને આયાત ૫.૧૫ ટકા વધીને ૫૩૨.૪૮ અબજ ડૉલરની સપાટીએ રહી છે.

તેમ જ આ સમયગાળામાં વેપાર ખાધ (નિકાસ અને આયાત વચ્ચેનો તફાવત) ગત સાલના સમાનગાળાના ૧૮૯.૭૪ અબજ ડૉલર સામે વધીને ૨૧૦.૭૭ અબજ ડૉલરના સ્તરે રહી છે. આજે આંકડાકીય માહિતી આપતા વાણિજ્ય સચિવ સુનીલ બર્થવાલે જણાવ્યું હતું કે દેશની ગૂડ્સ અને સર્વિસીસની નિકાસ કામગીરી અન્ય દેશોની તુલનાએ સારી છે. એકંદરે આ વર્ષના અત્યાર સુધીનાં ત્રણેય ત્રિમાસિકગાળામાં ખાસ કરીને નોન પેટ્રોલિયમ નિકાસ ક્ષેત્રે સારો દેખાવ કર્યો છે.

નોંધનીય બાબત એ છે કે ઈન્ડિયન મિશન ઈન ૨૦ કન્ટ્રીઝની કોમર્શિયલ વિન્ગ સાથેની બેઠકમાં નિકાસ અવરોધક મુદ્દાઓનો ઉકેલ લાવવા માટે ચર્ચા કરવામાં આવી હતી કેમ કે આ ૨૦ દેશો દેશની કુલ નિકાસમાં ૬૦ ટકા હિસ્સો ધરાવે છે.

ગત સાલ ડિસેમ્બર મહિનામાં બર્થવાલે જણાવ્યું હતું કે જે ક્ષેત્રોએ નિકાસમાં આકર્ષક વૃદ્ધિદર દાખવ્યો છે તેમાં મુખ્યત્વે ઈલેક્ટ્રોનિક્સ, એન્જિનિયરિંગ અને ફાર્માસ્યુટિકલ્સનો સમાવેશ થાય છે.

જોકે, ગત નવેમ્બર મહિનાના સોના અને ચાંદીની આયાતના ડેટાઓમાં કરવામાં આવેલા ફેરફાર અંગે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે સચોટ ડેટાની જાહેરાત માટે એક સમિતિની રચના કરવામાં આ છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અગાઉ સરકારે નવેમ્બર, ૨૦૨૪માં સોનાની આયાતનાં જાહેર કરેલા ડેટામાં પાંચ અબજ ડૉલરનો ઘટાડો કરી ૯.૮૪ અબજ ડૉલરની થઈ હોવાનું જણાવ્યું હતું.

### અમેરિકાના ફુગાવામાં અપેક્ષિત ઘટાડા સાથે રેટ કટનો આશાવાદ

## વૈશ્વિક સોનું એક મહિનાની ટોચે, સ્થાનિકમાં શુદ્ધ સોનાએ ₹ ૭૬૦ની તેજી સાથે ₹ ૭૯,૦૦૦ની સપાટી કુદાવી, ચાંદી ₹ ૨૨૩૪ ઉછળી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ઈઝરાયલ-હમાસ વચ્ચે શાંતિ મંત્રણાના કરાર થયાના અહેવાલ છતાં ગઈકાલે અમેરિકાના જાહેર થયેલા ફુગાવાના ડેટા પ્રોત્સાહક આવતા ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતા ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવ વધીને એક મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ આજે લંડન ખાતે હાજર અને વાયદામાં તેજી આગળ ધપવાની સાથે ચાંદીમાં પણ ચમકારો આવ્યો હોવાના નિર્દેશો હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૧ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતા સ્થાનિક ઝવેરી બજારમાં હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫૭થી ૭૬૦ની તેજી આવી હતી, જેમાં ૯૯૯ ટચ શુદ્ધ સોનાએ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૯,૦૦૦ની સપાટી કુદાવી હતી. તેમ જ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્ટોકિસ્ટો અને ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૨૩૪ ઉછળીને રૂ. ૯૧,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સોનામાં વિશ્વ બજારનાં પ્રોત્સાહક અહેવાલ




અને રૂપિયો નબળો પડતાં આયાત પડતરો વધતાં હાજરમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫૭ વધીને રૂ. ૭૮,૮૬૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬૦ વધીને રૂ. ૭૯,૧૮૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૨૩૪ ઉછળીને રૂ. ૯૧,૭૮૪ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં વધુ ૦.૩ ટકા વધીને એક મહિનાની ઊંચી ઔંસદીઠ ૨૭૦૪.૫૬ ડૉલરની સપાટીએ પહોંચ્યા હતા અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ૨૭૩૬.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૮૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકા ખાતે ડિસેમ્બર મહિનાનો ફુગાવો અપેક્ષિત સપાટી આસપાસ રહેતાં ફેડરલ રિઝર્વ આ વર્ષે ઓછી નિયંત્રાત્મક નીતિ અપનાવે તેવો આશાવાદ સપાટી પર આવ્યો હતો. એકંદરે કોર ઈન્ફ્લેશનમાં અનપેક્ષિતપણે ઘટાડો અને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં ખાસ વધારો ન થતાં સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું રિલાયન્સ સિક્યોરિટીઝનાં વિશ્લેષક જીગર ત્રિવેદીએ જણાવતા ઉમેર્યું હતું કે ડિસઈન્ફ્લેશન તરફની પ્રગતિ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ દબાણ હેઠળ લાવશે અને ફેડરલ રિઝર્વ હળવી નાણનીતિ અપનાવતા સોનામાં સુધારાતરફી વલણ જોવા મળી શકે છે.

એકંદરે ગઈકાલના ફુગાવાના ડેટાની જાહેરાત પશ્ચાત્ વર્ષ ૨૦૨૫માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં બે વખત કાપ મૂકશે જેમાં પહેલી વખત કપાત જૂન મહિનામાં જોવા મળે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. કેન્દ્રવર્તી બૅન્કના અધિકારીઓ જણાવે છે કે અમેરિકા ખાતે ફુગાવામાં ઘટાડો જરૂર થઈ રહ્યો છે, પરંતુ આગામી મહિનાઓમાં નવાં પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર-વેરાની નીતિની ફુગાવા પર કેવી અસર પડે છે તેનાં પર અમારી નજર છે. કેમ કે હાલના તક્કે ટ્રમ્પના વહીવટીતંત્રની નીતિઓ ફુગાવાલક્ષી દબાણ વધારે તેવી ધારણા મુકવામાં આવી રહી છે. જોકે, ગઈકાલે ફુગાવાની જાહેરાત પશ્ચાત્ ડૉલર ઈન્ડેક્સ પણ ઊંચી સપાટીએથી પાછો ફર્યો હતો. તેમ જ ઈઝરાયલ હમાસ વચ્ચે શાંતિ કરાર થવાના અહેવાલ પણ વહેતા થયા હતા.

## નિકલ સિવાયની તમામ ધાતુઓમાં માગને ટેકે સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ધાતુઓમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર નિકલમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. બેનો સાધારણ ઘટાડો આવ્યો હતો. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી સાત સુધીનો સુધારો જોવા મળ્યો હતો. ધાતુનાં વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનનાં ચોથા ત્રિમાસિકગાળાના ડેટાની આવતીકાલે થનારી જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ટનદીઠ ૯૧૯૨.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીન અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને અનુક્રમે રૂ. ૨૬૩૫ અને રૂ. ૫૭૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટો સહિત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૪૫ અને રૂ. ૨૭૮, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૭૯૧, રૂ. ૭૩૫, રૂ. ૫૩૩ અને રૂ. ૨૫૬, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૦૦ અને રૂ. ૭૮૧, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૯૫ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૮૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગ પણ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૩૮૩ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ડૉલર સામે રૂપિયો ૨૧ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતાઈ, ક્રૂડતેલના ભાવમાં ઉછાળો અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનાં દબાણ હેઠળ આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૧ પૈસા તૂટીને ૮૬.૬૧ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાતરફી વલણનો રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો



હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૪૦ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૬.૪૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૬૧ અને ઉપરમાં ૮૬.૩૭ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૨૧ પૈસાના ઘટાડા સાથે ૮૬.૬૧ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૩ પૈસાનો સુધારો નોંધાયો હતો. એકંદરે આજે આયાતકારોની ડૉલરમાં પ્રબળ માગ રહેતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે આગામી દિવસોમાં ડૉલરમાં આયાતકારોની માગ જળવાઈ રહેતાં રૂપિયામાં નરમાઈનું વલણ રહેતાં રૂપિયો ૮૬.૩૫થી ૮૬.૭૫ની રેન્જમાં જોવા મળે તેમ જણાય છે. જોકે, અમુક વિશ્લેષકોના મતાનુસાર હાલની વૈશ્વિક અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા રૂપિયામાં ચંચળતાનું વલણ જળવાઈ રહેશે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા વધીને ૧૦૮.૯૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધ્યા મથાળેથી ૦.૧૨ ટકા ઘટીને બેરલદીઠ ૮૧.૯૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૧૮.૭૪ પૉઈન્ટનો અને ૯૮.૬૦ પૉઈન્ટનો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૫૩૩.૪૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

## મલયેશિયા પાછળ દેશી-આયાતી તેલમાં નરમાઈ



મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના માર્ચ અને એપ્રિલ વાયદામાં અનુક્રમે ૬૯ અને ૮૬ રિંગિટના ઘટાડાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના જાન્યુઆરી અના માર્ચ વાયદામાં અનુક્રમે સાધારણ પાંચ અને ત્રણ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિક સ્તરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી સરસવ અને સિંગતેલમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ તેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૦, સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિન, કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા. ઈન્ડોનેશિયાએ પામ ફંડ રિઓર્ગેનાઈઝેશનને કારણે કામચલાઉ ધોરણે ઑઈલ પામ રિપ્લાન્ટેશન માટે આપવામાં આવતુ ફંડ અર્થાત સ્થગિત કર્યું હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૨૫ અને રૂ. ૧૩૫૫, રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦ અને અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૩૫૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫, સિંગતેલના રૂ. ૧૪૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સરસવના રૂ. ૧૩૮૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે એક લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૦થી ૪૩૨૫માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૦૦થી ૪૩૭૫માં થયાના અહેવાલ હતા.

# રાજકોટ મહાનગર પાલિકાને મળેલા મિલકત વેરાના ૪.૫૦ કરોડના ૮૫૬ ચેક રિટર્ન થયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં મહાનગર પાલિકા દ્વારા બાકી વેરાની વસૂલાત માટે ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં વર્ષ ૨૦૨૫ માટે ૪૧૦ કરોડનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. જે પૈકી અત્યાર સુધીમાં ૩૩૮ કરોડની વસૂલાત કરવામાં આવી હતી. જ્યારે ૭૨ કરોડ જેટલો વેરો વસૂલવા માટે મનપા દ્વારા સિલિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

મહાનગર પાલિકા દ્વારા વસૂલવામાં આવેલા વેરા પૈકી વર્ષ ૨૦૨૪માં ૪.૫૮ કરોડના ૮૫૬ જેટલા ચેક રિટર્ન થયા હતાં. આ મામલે નિયમ મુજબ ફોજદારી ફરિયાદ સુધીના પગલાં લેવામાં આવશે તેવું મહાનગર પાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું. વેરા વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૨૪માં ૪.૫૮ કરોડની કિંમતના કુલ ૮૫૬ જેટલા ચેક રિટર્ન થયા હતા. જેથી નિયમ મુજબ તેની પણ રિકવરી કરવામાં આવી રહી છે. જેમાં અત્યાર સુધીમાં રૂ. ૪.૧૯ કરોડનાં ૮૦૪ ચેકની વસૂલાત થઈ ચૂકી છે. જ્યારે રૂ. ૩૯ લાખના ૫૨ ચેકની રિકવરી બાકી છે. આ માટે નિયમ મુજબ નોટિસ આપવાની કામગીરી કરવામાં આવી છે અને જરૂર પડ્યે ફોજદારી ફરિયાદ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

મહાનગર પાલિકા દ્વારા ૫થી ૨૫ હજાર રૂપિયાનો વેરો બાકી હોય તેવા બાકીદારો પાસેથી પણ મિલકત અને પાણી વેરો વસૂલવામાં આવી રહ્યો છે.

તે ઉપરાંત રેલવે, કલેક્ટર ઑફિસ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિતની સરકારી મિલકતોનો રૂ. ૯૩ કરોડ જેટલો વેરો વસુલવાનો બાકી છે. જોકે, આ કચેરીઓમાં લોકોની મોટા પ્રમાણમાં અવરજવર રહેતી હોવાથી તેની સામે સિલિંગ જેવી કાર્યવાહી કરી શકાતી નથી. પરંતુ આ પ્રકારનો વેરો વસૂલવા માટે મ્યુ. કમિશનર દ્વારા જે-તે કચેરીના અધિકારીઓ સાથે પત્રવ્યવહાર તેમજ મિટિંગો પણ કરવામાં આવી રહી છે. સરકાર તરફથી ગ્રાન્ટ મંજૂર થયા બાદ આ કચેરીઓનો મહત્તમ બાકી વેરો પણ વસૂલાય તેવી શક્યતા છે. ■



**રાજકોટમાં અસામાજિક તત્વો સામે પોલીસ એક્શનમાંઃ** રાજકોટમાં બે દિવસ પહેલાં આકાશવાણી ચોકમાં ચાની હોટેલના સંચાલક ઉપર અદાવત રાખી અસામાજિક તત્ત્વો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયામાં આ હોટેલમાં થયેલી મારામારીના સીસીટીવી ફૂટેજ વાયરલ થયાં હતાં. જેના આધારે રાજકોટ પોલીસે એક્શનમાં આવીને મારામારીની ઘટનામાં સામેલ તમામ આરોપીઓને પકડી પાડીને કાયદાનું ભાન કરાવ્યું હતું. (તસવીરઃ પ્રવીણ સેદાણી રાજકોટ)



**શેત્રુંજી ડેમમાંથી કેનાલ મારફત પિયત પાકો માટે પાણી છોડાયુંઃ** કેન્દ્રીય પ્રધાન અને ભાવનગરના સાંસદ નીમુબેન બાંભણિયાએ પોતાના સંસદીય મતવિસ્તારના પાલીતાણા વિધાનસભાના પ્રવાસ દરમિયાન લોકોની જન-સુખાકારી માટેના આયુષ્યમાન આરોગ્ય મંદિરનું લોકાર્પણ કર્યું હતું. ભાવનગર જિલ્લાના ખેડૂતોની જીવાદોરી સમા શેત્રુંજી ડેમના ડાબા અને જમણા કાંઠાની કેનાલ મારફતે તેમની ઉપસ્થિતિમાં પિયત પાકો માટે પાણી છોડવામાં આવ્યું હતું. (તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# કેબિનેટ પ્રધાનના હસ્તે ૨.૩૯ કરોડના ખર્ચે બનેલી પડધરી તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના કૃષિ પ્રધાન રાઘવજી પટેલ અને પંચાયત પ્રધાન બચુભાઇ ખાબડના હસ્તે પડધરી તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૨.૩૯ કરોડના ખર્ચે બનેલી તાલુકા પંચાયત કચેરીમાં પદાધિકારીઓ, અધિકારીઓ માટે ઑફિસ, અરજદારોને સરકારની વિવિધ યોજનાકીય સહાય સરળતાથી મળી રહે તે માટે અધતન સુવિધાયુક્ત રૂમોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

લોકાર્પણ પ્રસંગે કેબિનેટ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા, વહીવટી પ્રક્રિયા સરળતા અને પારદર્શકતા માટે વર્તમાન સરકાર ગ્રામ પંચાયતો, તાલુકા તેમજ જિલ્લાઓની આધુનિક ઑફિસોનું નિર્માણ કાર્ય કરવામાં આવી રહ્યું છે. જે ભૂકંપપ્રૂફ તેમજ સુવિધાયુક્ત હોય છે. ખેડૂત, ખેતી અને ગામડાને સમૃદ્ધ કરવા સરકાર કટિબદ્ધ છે.ખેડૂતોને ખેત ઉપજના ભાવ મળી રહે તે માટે સરકાર ટેકાના ભાવે ખરીદી કરીને ખેડૂતોને પ્રોત્સાહિત કરે છે. કચેરીમાં આવતા અરજદારોના પ્રશ્નોનું નિવારણ થાય અને તેઓને કોઈ અવગડતા ન પડે તે દિશામાં કાર્ય કરવા કર્મચારીઓને તાકીદ કરી હતી.

રાજ્યકક્ષાના પંચાયત પ્રધાન બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, આધુનિક સુવિધાયુક્ત અને ટેકનોલોજીથી સજજ નવી કચેરીઓ વર્તમાન સરકારની ઓળખ બની છે. ભારત કૃષિ પ્રધાન દેશ હોવાથી મોટાભાગની વસ્તી ગામડાઓમાં નિવાસ કરે છે ત્યારે ગામડાઓના વિકાસ થકી વિકસિત ભારતની સંકલ્પના સાકાર કરવા સરકાર કટિબદ્ધ છે. ગ્રામ પંચાયત ગામના વિકાસનું પ્રથમ પગથિયું છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા અદ્યતન પંચાયતોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જ્યાં સરળતાથી અને ટેકનોલોજીયુક્ત સુવિધાથી અરજદારોના પ્રશ્નોનું નિવારણ કરવામાં આવે છે. નવા તાલુકા પંચાયત ભવન સાથે મહાનુભાવોએ સખી મંડળની બહેનો દ્વારા કાર્યરત મંગલમ સખી કેન્ટીનનું ઉદઘાટન અને ત્યારબાદ વૃક્ષારોપણ કર્યું હતું. ■

# રાજકોટમાં સોનીને ત્યાં કામ કરતા ચાર બંગાળી કારીગરો એક કરોડની કિંમતનું સોનું લઈ ફરાર થઈ ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં સોની વેપારીને ત્યાં સોનાના દાગીના બનાવવા માટે આપેલું ૧.૦૮ કરોડનું ૧૪૬૭ ગ્રામ સોનું લઇ ચાર બંગાળી કારીગરો વેપારી સાથે વિશ્વાસઘાત કરીને ફરાર થઈ ગયા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે ચારેય કારીગરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ફરિયાદી નીરજભાઈ ધાનકે ફરિયાદમાં જણાવ્યું હતું કે, કરણપરા ગરબી ચોક પાસે સોનાના દાગીના બનાવવાનું કારખાનું છેલ્લા ૧૩ વર્ષથી ચલાવું છું. મારા કારખાનામા ૪૦ જેટલા બંગાળી કારીગરો સોની કામ કરે છે. જે પૈકી પ્યાસ કાંતી પંડીત છેલ્લા પાંચેક વર્ષથી કામ કરે છે તેને સોનાની બંગડી બનાવવા માટે કુલ ૮૫૬૯.૭૧૦ ગ્રામ સોનુ આપ્યું હતું. જેમાંથી મને સોનાની બંગડી બનાવી કુલ સોનું ૭૭૪૯.૭૧૦ ગ્રામ પરત આપ્યું હતું. તેમાંથી ૮૨૦ ગ્રામ સોનું જેની કિંમત ૬૦,૮૮,૦૦૦ લેવાનું બાકી હોવાથી પ્યાસ પંડિતે પરત આપ્યું નહોતું.

આ ઉપરાંત અન્ય કારીગર અનીસુર સાબીદઅલી રહેમાનને સોનાની બંગડી બનાવવા માટે ૧૧૫૩૯.૧૫૦ ગ્રામ સોનું આપ્યું હતું અને જેમાંથી મને સોનાની બંગડી બનાવી કુલ સોનું ૧૧૪૫૨.૧૫૦ ગ્રામ પરત આપ્યું હતું અને તેમાંથી ૮૭ ગ્રામ સોનું જેની કિંમત ૬,૪૫,૯૦૦નું લેવાનુ બાકી હતું. જે મને આ અનીસુર રહેમાને પરત આપ્યું નહોતું. જ્યારે અસીમ અજય મંડલને સોનાની બંગડીનું કામ કરવા માટે ૪૩૮૦.૦૧૦ ગ્રામ સોનું આપ્યું હતું અને જેમાથી ૨૬૬ ગ્રામ સોનું જેની કિંમત ૧૯,૭૪,૯૦૦નું લેવાનું બાકી હતું. જે મને અનીસુર રહેમાને પરત આપ્યું નથી તેની સાથે રહીમઅલી રજાબઅલીને ૧૭૯૫૦.૫૮૦ ગ્રામ સોનું આપ્યું હતું. તેમાંથી ૨૯૪ ગ્રામ જેની કિંમત ૨૧,૮૨,૮૦૦નું સોનું લેવાનું બાકી હતું. જે મને અનીસુર રહેમાને પરત આપ્યું નહોતું. ગત ૯મી ડિસેમ્બર બાદ આ ચારેય કારીગરો કામ પર આવ્યા નહોતા. તેઓ રાજકોટનું ઘર બંધ કરીને ફરાર થઈ ગયા હતાં.

આ ચારેય કારીગરોને કામ કરવા માટે આપેલા ૨૨ કેરેટ સોનામાંથી ૧૪૬૭ ગ્રામ સોનું જેની કિંમત ૧,૦૮,૯૧,૬૦૦ રૂપિયા થાય છે. જે સોનું વેપારીને પરત નહીં આપી વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે ચારેય સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. ■

# રાજકોટથી જામનગર સુધી રેસ લગાવનારા ૨૪ નબીરાઓ પકડાયાઃ ૧૦ બાઈક અને બે કાર કબજે કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃગુજરાતમાં પુરપાટ ઝડપે વાહનો ચલાવનારાં તત્ત્વો બેફામ બની રહ્યાં છે. આવાં તત્ત્વો રોડ પર કોઈની પણ પરવાહ કર્યા વગર ફૂલ સ્પીડે પોતાનું વાહન હંકારી નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યાં છે. રાજકોટમાં આવા પૂરપાટ ઝડપે વાહન હંકારી રેસિંગ કરનારા તત્ત્વો સામે પોલીસે મોટી કાર્યવાહી કરી હતી. ગ્રામ્ય પોલીસે શહેરની ભારત હોટલ પાસેથી સ્ટંટ કરનારા ૨૪ લોકોને પકડી પાડીને ૧૦ બાઈક અને ૨ ફોર વ્હિલર કબજે કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે બુધવારે રાજકોટથી જામનગર સુધી રેસ યોજાઈ હતી. જેમાં ઉપરોક્ત ૨૪ નબીરાઓએ ભાગ લીધો હતો. હાઈવે અને શેહરના રસ્તાઓ પર જોખમી રીતે રેસ લગાવીને આ નબીરાઓએ લોકોમાં ભય ફેલાવ્યો હતો. પોલીસે હાઈવે અને શહેરના મુખ્ય રસ્તાઓ પર રેસિંગ અને સ્ટંટ કરનારા ૨૪ નબીરાઓને પકડીને ૧૦ બાઈક અને ૨ ફોર વ્હિલર કબજે કરી હતી. આ રેસિંગની જાણ થતાં પોલીસે બાતમીના આધારે પડધરી, મેટોડા અને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને વોચમાં રાખી હતી અને આખરે ભારત હોટલ પાસેથી રેસિંગ કરનારાઓ અને સ્ટંટબાજી કરનારાઓને સકંજામાં લીધા હતાં. આ સમગ્ર મામલે પડધરી પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. ■

# છેલ્લાં પાંચ દિવસમાં બેટ દ્વારકામાં ૫૩ કરોડના મૂલ્યની એક લાખ સ્ક્વેર મીટર જગ્યા દબાણ મુક્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અનેક વિસ્તારોમાં ગેરકાયદે દબાણો પર તંત્રનું બુલડોઝર ફેરવવામાં આવી રહ્યું છે. જામનગર અને દ્વારકા જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી ડિમોલિશનની કાર્યવાહી હેઠળ કરોડોની સરકારી જમીન દબાણ મુક્ત કરાઈ છે.

બેટ દ્વારકામાં દબાણો દૂર કરવાની કામગીરીનો વીડિયો ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું હતું કે, બેટ દ્વારકામાં ૩૧૪ રહેણાંક, ૯ કોમર્શિયલ અને ૧૨ ધાર્મિક દબાણો દૂર કરીને રૂપિયા ૫૩ કરોડના મૂલ્યની આશરે ૧ લાખ સ્કવેર મીટર જગ્યા ખાલી કરાવી છે.

રાજકોટ રેન્જ આઇજી અશોક કુમાર યાદવએ જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ દિવસથી રાજ્ય સરકારની સૂચના મુજબ વહીવટી તંત્રને સાથે રાખી પોલીસ દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરવા માટે મેગા ડિમોલિશન ડ્રાઇવ ચલાવવામાં આવી છે.

રાજકોટ રેન્જ અંતર્ગત આવતા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૨ પોર્ટ, ૨૩ આઇલેન્ડ, ૪૪ લેન્ડિંગ પોઇન્ટ, ૮ જેટી અને ૯ ફિશિંગ પોઇન્ટનો સમાવેશ થાય છે. તે ઉપરાંત જામનગર જિલ્લામાં ૩ પોર્ટ, ૧૧ આઇલેન્ડ, ૧૧ લેન્ડિંગ પોઇન્ટ, ૩ જેટી અને ૬ ફિશિંગ પોઇન્ટનો સમાવેશ થાય છે.

આ બન્ને જિલ્લા દેશ માટે સુરક્ષા માટે મહત્ત્વ પૂર્ણ છે પરંતુ તેન સાથે સાથે આર્થિક અને ઔદ્યોગિક રીતે પણ મહત્ત્વ ધરાવતા જિલ્લા છે માટે તેની સુરક્ષા પણ મહત્ત્વ ધરાવે છે જેથી ખાસ ડિમોલિશન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ■

# લખપતના કૈયારી ગામના ૧૮૦૦ ગૌધન માટે ૧૩ હજાર કિલો ઘાસચારાનું વિતરણ કરાયું



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અંગ દઝાડતા કાળઝાળ ઉનાળામાં રણપ્રદેશ કચ્છના છેવાડાના સૂકા મુલક તરીકે ઓળખાતા વિસ્તારોમાં ઊભી થતી પીવાનાં પાણી અને ઘાસચારાની તીવ્ર તંગીના પગલે થતી પશુપાલકોની હિજરત અટકાવવા ભુજની નવી જથ્થાબંધ શરાફ બજાર ગૌ સેવા સમિતિ દ્વારા માંડવી તાલુકાના ગઢશીશાના અંબેધામના સાધ્વીજી ચંદુમાંના આર્થિક સહયોગ વડે સીમાવર્તી લખપત તાલુકાના કૈયારી ગામના રબારી સમાજના પશુપાલકોના અંદાજિત ૧૮૦૦ જેટલા ગૌધન માટે ૧૩ હજાર કિલો લીલા ઘાસચારાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉમદા પહેલથી પશુપાલકોને ઘાસચારો ખરીદવાની મુશ્કેલીમાંથી રાહત મળી છે અને તેમની કુદરતી ચારિયાણ મેળવવા માટેની કઠિન હિજરત અટકાવવામાં મદદ મળી છે.

ગૌસેવા સમિતિની ટીમ દ્વારા માલધારીઓની સ્થિતિનું સ્થળ પર જઈને નિરીક્ષણ કરવામાં આવે છે અને તેમને જરૂરી મદદ પૂરી પાડવામાં આવે છે. આ સેવાકીય પ્રવૃત્તિ દર વર્ષે નિયમિત રીતે ચાલુ રહે છે, જેનાથી પશુપાલકોને મોટી રાહત મળે છે. ■

# રાજકોટ મનપાનાં જનરલ બોર્ડના નવા નિયમોનો શનિવારથી અમલઃ ઠરાવોની નકલો જોવાનો ચાર્જ ઘટાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકાની ખાસ સમિતિમાં કાર્યવાહી સંબંધી નિયમોમાં ફેરફારની જરૂર લાગતા લાંબા અભ્યાસ અને કાર્યવાહીના અંતે જનરલ બોર્ડમાં ઠરાવ કરી સરકારમાં મોકલાયો હતો. આ ઠરાવ મંજૂર કરવામાં આવતા હવે ૪૮ વર્ષ બાદ નિયમો બદલાશે. જેમાં જનરલ બોર્ડમાં સ્ટેન્ડિંગ ચેરમેન પણ અધ્યક્ષ બની શકશે તેમજ બુકલેટ અને ઠરાવોની નકલ જોવા કલાકનાં ૧૦૦ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

આ અંગે શહેરના મેયર નયના પેઢાડીયાનાં જણાવ્યા મુજબ ૪૮ વર્ષ બાદ મહાપાલિકામાં સભા, પેટા સમિતિના નિયમો બદલવા સાથે સામાન્ય લોકો માટે પણ પારદર્શક નિયમો લાગુ કરવામાં આવ્યા છે. અત્યાર સુધી કોઇ નાગરિકે જનરલ બોર્ડમાં બેસવું હોય તો કોર્પોરેટરની સહી સાથેના મંજૂરીપત્રક પરથી હાજર રહી શકતા હતા પરંતુ, તેમાં પણ કોઇ આકરા નિયમના અનુભવ લોકોને ન થાય તે માટે પ્રેક્ષક ગેલેરીમાં બેસવા પોતાના અસલ ફોટો ઓળખ કાર્ડ સાથે સહી કરી આપેલા પત્ર પરથી પણ નાગરિક સભાના પ્રેક્ષક બની શકશે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સમિતિમાં જૂના નિયમો ૪૮ વર્ષથી અમલમાં હોવાથી વર્તમાન સમયની જરૂરિયાતને ધ્યાને લઈ મ્યુનિસિપલ સેક્રેટરી દ્વારા કરવામાં આવેલી દરખાસ્ત પરથી સ્ટેન્ડિંગ કમિટીએ તા.૮-૧-૨૦૨૪થી મંજૂરી આપી છે. જે પરત્વે કાયદો અને નિયમોની સમિતિમાં તા.૨૧-૬-૨૦૨૪થી અને જનરલ બોર્ડમાં તા. ૧૮-૭-૨૦૨૪થી મંજૂરી આપીને સરકારમાં નવા નિયમો મોકલવામાં આવ્યા હતા. આ નિયમોને રાજય સરકારે તાજેતરમાં મંજૂરી આપી છે.

મેયરની ગેરહાજરીમાં ડે.મેયર અધ્યક્ષ પદ સંભાળે છે. હવે જો મેયર અને ડે. મેયર બંનેની ગેરહાજરી હોય તો સ્થાયી સમિતિના ચેરમેન પણ બોર્ડના અધ્યક્ષ તરીકે કામકાજ કરી શકશે. હવે સાધારણ ટપાલ, રજીસ્ટર એડી, સ્પીડ પોસ્ટ, કુરિયર સિવાય વોટસએપ, ઇ-મેઇલ આઇડી મારફત પણ કોર્પોરેટરોને એજન્ડાની નકલ મોકલવામાં આવશે. દરેક સભામાં હાજર સદસ્યોના નામો અને તેમાં ચાલેલી કાર્યવાહીની નોંધ, રેકર્ડ તે બાદની પહેલી સભામાં રોજકામ વગેરે કાર્યનોંધ કોઇપણ સભ્યને ફી વગર જોવા મળશે.

મનપાની સામાન્ય સભામાં સભ્યો વચ્ચે કોઈપણ ઉગ્ર બોલાચાલી, વિરોધ થાય ત્યારે અધ્યક્ષ સ્થાનેથી મેયર સભામાં ખલેલ પહોંચાડતા સદસ્યોને બહાર મોકલવાનો હુકમ કરે છે. ફાયર બ્રિગેડના જવાનો આ કામગીરી માર્શલ તરીકે કરે છે. ફાયર બ્રિગેડ, સુરક્ષા વિભાગ કે અન્ય કોઇ વિભાગમાંથી ૬ પુરુષ માર્શલ અને ૨ મહિલા મળી કુલ ૮ માર્શલની નિમણૂક બોર્ડ પહેલા કરી શકશે એવો સુધારો રાજ્ય સરકારની મંજૂરીથી શનિવારથી અમલી થઈ જશે. ■

# સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લામાં સંગઠનને મજબૂત કરવા જામનગરમાં કૉંગ્રેસની રિવ્યૂ બેઠક યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી બાદ કૉંગ્રેસનું સંગઠન સાવ નબળુ પડી ગયું હતું. સતત વધી રહેલા જૂથવાદને કારણે દિગ્ગજ નેતાઓ પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ ગયા હતાં. હવે સોરાષ્ટ્રના ત્રણ જિલ્લામાં સંગઠનને વધુ મજબૂત કરવા માટે આજથી જામનગર ખાતે કૉંગ્રેસની રિવ્યૂ બેઠક યોજાશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લામાં અને બે મહાનગરપાલિકામાં કૉંગ્રેસના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે પ્રદેશ કૉંગ્રેસ દ્વારા આજથી જામનગરમાં એક અગત્યની રિવ્યુ બેઠક યોજાઇ રહી છે. આ બેઠકમાં આગામી દિવસોમાં યોજાનાર નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે પરામર્શ કરવામાં આવશે. જામનગર શહેર ખાતે ગુજરાત પ્રદેશ પ્રમુખ અને રાજયસભાના સાસંદ શક્તિસિંહ ગોહિલ, પ્રભારી મુકુલ વાસનિક, ધારાસભ્ય અમિત ચાવડા, ધારાસભ્ય શૈલેષ પરમાર સૌરાષ્ટ્રના પ્રભારી માજી ધારાસભ્ય ભૂપેન્દ્રસિંહ અને પ્રદેશ આગેવાનો જામનગર ખાતે ત્રણ જિલ્લાની રિવ્યૂ મીટિંગમાં હાજરી આપશે.

આ રિવ્યુ મીટિંગ અંગે જામનગર શહેર જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ દિગુભા જાડેજાએ જણાવ્યું હતું કે જામનગર, પોરબંદર, દેવભૂમી દ્વારકા જિલ્લા કૉંગ્રેસના પ્રમુખ સહિતના સંગઠનના હોદેદારો સાથે બેઠક યોજી કૉંગ્રેસનું સંગઠન મજબૂત કરવા અંગે ચર્ચાવિચારણા અને સૂચનો મેળવશે. આ રિવ્યૂ મીટિંગમાં આગામી નગરપાલિકાઓની ચૂંટણી અંગે રણનીતિ ઘડાશે અને મજબૂત ઉમેદવાર મેદાનમાં ઉતારવા અંગે ચર્ચા થશે. ■

# રાજકોટ મનપામાં તોડફોડના કેસમાં ધારાસભ્ય ઉદય કાનગડ સહિત ૨૪ કૉર્પોરેટરોને નિર્દોષ છોડવા કોર્ટનો હુકમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ૧૯ એપ્રિલ ૨૦૦૬ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના તત્કાલીન કમિશનર મુકેશ કુમારની ચેમ્બરમાં ઘૂસી તોડફોડ કરી ફરજમાં રુકાવટ કરવા અંગે હાલના ધારાસભ્ય ઉદય કાનગડ સહિત ૨૪ કૉર્પોરેટર સામે ફરિયાદ નોંધવામાં આવી હતી જેમાં અધિકારીઓનાં નિવેદન લીધાં બાદ કેસમાં આરોપીઓ સામે પુરાવા સાબિત ન થતાં કોર્ટે પૂર્વ કૉર્પોરેટર અને હાલના ધારાસભ્ય ઉદય કાનગડ સહિત તમામ ૨૪ કૉર્પોરેટરોને નિર્દોષ છોડી દેવા હુકમ કર્યો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના તત્કાલીન કમિશ્નર મુકેશકુમાર ઉપર રાજકોટના ૨૪ કૉર્પોરેટરો દ્વારા કમિશ્નરની ચેમ્બરમાં સિકયુરિટી ગાર્ડ તેમ જ પોલીસ કર્મચારીઓની હાજરીમાં હુમલો કરી કચેરીમાં તોડફોડ કરવાની ઘટનાની પોલીસ ફરિયાદ ચીફ વીજીલન્સ અધીકારી રતન મહેશ્વરીએ નોંધાવી હતી. જેમાં આરોપી તરીકે પૂર્વ કોર્પોરેટર અને હાલના ધારાસભ્ય ઉદય કાનગડ સહિત ૨૨ કોર્પોરેટરો તેમજ પદાધિકારીઓનો સમાવેશ કરાયો હતો. ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરની ચેમ્બર બહારની લોખંડની ગ્રીલ કૉર્પોરેટરોએ તોડી નાખી હતી અને ઓફિસના ફર્નિચર, ખુરશી, પાર્ટિશન, તોડી સીધા કમિશ્નર મુકેશકુમારની ચેમ્બરમાં ઘૂસી જઈ હુમલો કર્યો હતો. આ ઘટનાક્રમમાં પોલીસ સ્ટાફને પણ નાની મોટી ઈજા થઈ હતી. આ સમગ્ર બનાવ બાદ તમામ કોર્પોરેટરો વિરુદ્ધ ચીફ વિજિલન્સ ઓફીસર માહેશ્વરીએ ફરિયાદ કરતા તપાસ કરનાર પી.એસ.આઈ. એસ.સી.દવેએ તમામની ધરપકડ કરી તપાસ હાથ ધરી અંતે તમામ સામે ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. કેસ ચાલી જતાં કોર્ટે અધિકારીઓ સહિત કુલ ૧૭ સાહેદોને રૂબરૂમાં તપાસ્યા હતા. તમામ આરોપીઓનો વિશેષ જવાબ લેવામાં આવ્યો હતો. અંતમાં બંને પક્ષો દ્વારા વિગતવાર દલીલો કરાઈ હતી. ચાલુ કેસ દરમ્યાન ત્રણ કોર્પોરેટર અવસાન પામતા તેઓની સામેનો કેસ એબોટ કરાયો હતો.

કોર્ટે તમામ પુરાવા તેમજ બંને પક્ષોની દલીલ ધ્યાને લઈ તારણ કાઢ્યું હતું કે, પુરાવાને નજર સમક્ષ રાખી ટોળાએ તોડફોડ કરી હોય, કોઈને ઈજા પહોંચી હોય તેવું આરોપીઓ દ્વારા કૃત્ય કરી મ્યુનિસિપલ કમિશ્નરની ફરજ બજાવતા અડચણ અટકાયત કરવાના ઈરાદાથી કોઈ કૃત્ય કર્યું હોય તેવું પુરવાર થતું નથી. તમામ પુરાવાને વંચાણે લેતા આરોપીઓ વિરુદ્ધ આક્ષેપીત ગુન્હાના આવશ્યક તત્ત્વોની હકીકતો પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડ્યો છે. કોર્ટે આ કામના તમામ આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. ■